કાવ્ય ગુચ્છ.

કાવ્ય ગુચ્છ.

પ્રોપ્રાયટરી હાઇસ્કુલ,
અમદાવાદ.

પ્રકાશક,
જીવણલાલ હરિપ્રસાદ દીવાન,
બળવંતરાય પરમોદરાય ઠાકોર.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦.

૧૮૧૯.

અમદાવાદ,
ખાડીયામાં જેઠાભાઈની પોળમાં આવેલા પ્રજાબંધુ પ્રીન્ટીંગ વર્કસમાં
ઠાકોરલાલ પરમોદરાય ઠાકોરે છાપ્યું.

ખુલાસો.

માધ્યમિક શાળાના ચોથા અને પાંચમા ધોરણને યોગ્ય જુદા જુદા વિષય ઉપર લખાયેલી ટુંકી કવિતાઓના સંગ્રહની જરૂર જણાતાં રા. હીરાલાલ ત્રીભોવનદાસ પારેખ બી. એ. ને અમોએ વિનતિ કરવાથી તેઓએ શ્રમ લઇ આ સંગ્રહની પસંદગી કરી છે તે માટે તેમનો ઉપકાર માનીએ છીએ. જે લેખકોની કવિતાઓ પસંદ કરી છે તેમનાં નામ તેમની કૃતિ સાથે આપવામાં આવ્યાં છે.

જીવણલાલ હરિપ્રસાદ દીવાન,
બળવંતરાય પરમોદરાય ઠાકોર.

કાવ્ય ગુચ્છ.

(સાંકળીયું.)

કાવ્ય ગુચ્છ.

અવતરણ.

(તોટક).

રમતાં ભમતાં કદી દિવ્ય વને,
ફુલડાં જડિયાં રૂડલાં મુજને;
બહુ વેળ રહ્યાં પડી મુજ કને,
ગૂંથી આજ દઉં રસિકો! તમને.

*　　*　　*　　*

મૃદુ ગંધ મનોહર કોઇ વિશે,
વળી ઉત્કટ ગંધ બીજે વિલસે,
વળી કો મહિં ગંધ ગભીર સુવે,
ગણ્યા નહિં જાય અહિં સહુએ.
વળી રંગ અનેક, ઝીણા, કુમળા,
વળી દીપ્ત, ગભીર અને વિમળા,
રમતા વિવિધે ફુલડે સઘળા,
મળી નેન દિયે સુખને રસિલા.

*　　*　　*　　*

સહુ રંગ ભળે અનુકૂળ રીતે,
વળી ગન્ધ વિરોધ કહિં ન પીડે;

ત્યમ એ કુસુમો તણી આજ દિને,
ગૂંથી માળ દઉં રસિકો! તમને.
(નરસિંહરાવ.)

સરસ્વતિને.

દેવી શારદા માત તું ભગવતી! જ્ઞાને રૂડી દીપતી,
ધાર્યાં વસ્ત્ર સુશ્વેત, હાર, ફુલના, પદ્માસને શોભતી;
વીણા સુન્દર રાજતી કર વિષે, વાણિ તણી દેવી તું!
શોભાને સુપવિત્રતા તુજ તણી, શક્તિ વિના શું કહું!
બુદ્ધિદાયક માત તું જગતની, પોષે સુધા-જ્ઞાનથી,
દીપાવે જનને સુમંડળ વિષે, વિદ્યા તણા દાનથી;
પૂજી પૂરણ પ્રેમથી સહુ સ્તવે, જ્ઞાનેશ્વરી શારદા!
પ્રાર્થું નમ્ર ઉરે અને વિનયથી, સદ્બુદ્ધિ દેજે સદા.
" નિર્મળા. "

એકેશ્વર.

દોહરા.

એક જ છે અવિનાશ તે, ઇશ્વરનો હું દાસ;
બીજો કહે તે બે થયા, ઇશ્વર ને અવિનાશ.
એ રીતે ઇશ્વર તણાં, જૂદાં નામ અનેક;
પણ જરૂર તે જાણજો, ઇશ્વર સૌનો એક.

અંગ્રેજો કહે ઇસુ ખ્રિસ્ત ખરો તારનાર,
પ્રભુનો પુત્ર છે અમે ભાવે તેને ભજીએ;
આર્યજનો કહે ખરા ઈશ્વિર અંશાવતાર,
રામ કૃષ્ણાદિક અમે તેને કેમ તજીએ.
મહમદીયન કહે મહમદ એજ ખરો,
પારશીઓ કહે અમે પાવકને પૂજીએ;
શી રીતે મમત તજી સર્વ એક મત થાય,
સૌને સાચા કહ્યા વિના સંપ કેમ સજીએ.
કોઇ કહે મહમદ સાથે ખુદા બોલતો ને,
કોઇ કહે જરથોસ્ત સાથે વાત કરતો;
કોઇ કહે ઇસુ સાથે કરતો અનેક વાતો,
કોઇ કહે રામ કૃષ્ણ રૂપે, તે વિચરતો,
કોઇ કહે આરબી લીપીમાં લખતો તે લેખ,
કોઇ કહે એ તો વાણી વેદની વાપરતો;
કોઇ ને ન જૂઠા કહું કહે દલપતરામ,
દિલ કોઇનું દુખાવવાથી રહું ડરતો.
બૌધ મતવાળાઓને કહીએ જો બુદ્ધિ હીણ,
તેત્રીશ ક્રોડ ચીના શું પશુ પ્રમાણ છે?
મુસલમાની ઇરાની આરબો માને છે મત,
યુરોપ આખો તે ખ્રીસ્તી ધરમની ખાણ છે;
હીંદુ છે હજારો લોક, જરથોસ્તી જન ઘણા,
કેને કેને કહીએ કે, એ બધા અજાણ છે;
કહે દલપતરામ જૂદાં જૂદાં પડ્યાં નામ,
સર્વનો પ્રભુ છે એક ખાલી ખેંચા તાણ છે.

વિદ્યા સબંધી પડતી.

કરે ન કો અભ્યાસ, પૂરતો તન મન દઇને;
કામ જેટલું લેઇ, બેસી રહે સંતોષે તે.
કરે ન કો અભ્યાસ, કારખાનાં ક્યમ લાવે?
વિના હુન્નર વેપાર, દ્રવ્ય તે ક્યાંથી આવે!
વિના દ્રવ્ય તે કેમ, શાસ્ત્રના શોધન થાયે!
વધે જ વિદ્યા કેમ, કેમ જિજ્ઞાસા વાધે?
વધે પુસ્તકો કેમ, થાય વિદ્વાનો ભેગા;
બતાવવા ઉપાય, વહેમપર મારી છેકા?
વળી ભણેલા કોક, હોય તે ફૂલાય છે,
ભૂલી ફરજ નિત તેહ, મૂર્ખને ભટકાવે છે.
અજ્ઞાની ને અંધ, જંન એ સરખાં ચાલે,
જેમ દોરવે અન્ય, તેમ તે અહીં તહીં હાલે.
ઘણો છેહ દે ચતુર, ભણ્યો નિજ લાભ જ જોયે,
પડે ખાડમાં અંધ, બાપડાં જખમી રોયે.
પડે નહિં વિશ્વાસ, પરંતુ કરવો પડતો,
અપંગડાં શું કરે, વાટમાં નડતાં દડ તો.
શહેર શેરની પઠે, ગામને ખાઈ જાયે,
ગામ ખવાડે રોજ, નહીં કંઇ તે મન આણે.
અજાણ્યાં કેરૂં ધન, ભણ્યો તે લૂંટી લેતો,
જેમ ભમાવે એહ, તેમ તે મનમાં લેતો.
મનુએ શિક્ષા દીધ, પક્ષપાતે જ ન ન્યાયે,
સરે વિપ્રના કાજ, બીજાંપર સખ્ખી થાયે.

કરે મશ્કરી ખૂબ, ભણ્યો મૂરખની રોજે,
ધિક્કારીને પડે, તૂટીને તે પર ફોજે.
અભણ્યો રહે ગુલામ, ભણેલાનો થઇ તાબે,
જેનામાં નહીં રામ, જંન તે ધબ્બા ખાયે.
ધન માનને કાજ, ભણ્યાંએ પંથ ચલાવ્યા,
અભણ્યાં ભોળાં જન, તેમણે માન જ આપ્યાં.

નર્મદાશંકર.

ધોળ.

સત્ય નહિ તે ધર્મજ શાનો, દયા વિના શું જ્ઞાન જોને;
વિનય વિના વિદ્યા જે શાની, દાન વિના શા દામ જોને. ૧
દૈવત નહિ તે દેવજ શાનો, ધર્મ વિના શું ધ્યાન જોને;
ભાવ વિના તે ભક્તિ શાની, ભક્તિ વિના શું જ્ઞાન જોને. ૨
જ્ઞાન વિના તે ગુરૂજન શાનો, તે શું દેશે બોધ જોને;
મનવશ નહિ તે તપ પણ શાનું, શીલ વિના શું સ્નાન જોને. ૩
સદ્‌ગુણ નહિ તે સાધુ શાનો, તૃષ્ણા ત્યાં શો ત્યાગ જોને;
ભ્રાંતિ રહિ તો અનુભવ શાનો, સાચો ન મળે શોધ જોને. ૪
સાચા પ્રભુને જે નવ શોધે, તે નર કહીએ કાચા જોને;
કહે છોટમ નિરધાર કરીને, સૌ શાસ્ત્રોનો સાર જોને. ૫

સત્ય.

દોહરા.

લેવડ દેવડ ને વળી, વિવિધ ભાત વ્યવહાર;
ચાલે છે આ જગતમાં, સત્ય તણે આધાર. ૧

સત્યપણું જો સર્વથા, નિશ્ચે પામે નાશ;
તો સુખની સંસારમાં, અલ્પ ન ધરવી આશ. ૨
સત્ય ધર્મનું સત્વ છે, અધર્મ સત્વ અસત્ય;
સદા સર્વદા સત્યની, અતિશે દીસે અગત્ય. ૩
સ્વપ્ને પણ સાચું વદે, જૂઠ ન વદે જરાય;
સત્યવાદી સંસારમાં, શોભે અધિક સદાય. ૪
જે જન કદિ જૂઠો પડે, એક વાર કો ઠામ;
સુણતાં સંશય ઉપજે, તેના બોલ તમામ. ૫
જૂઠી વાતે જો કદી, મૂઠી મળે અનાજ,
ઉઠી એમાં આગ તો, રૂઠી ઉઠે રાજ. ૬

કરજ.

વણજારાનો રાગ.

કરજથી ભૂંડું કશું નથી, દિલથી ડરજોરે;
હઇડે જો કાંઇ બુદ્ધિ હોય, કરજ નવ કરજોરે. ૧
અંગ ઉધારે ઉપાડતાં, દિલે ડરજોરે;
લેણદારના થઇને ગુલામ, કરજ નવ કરજોરે. ૨
સઘળ કથન સાંખવાં પડે, દિલે ડરજોરે;
એથી આબરૂ ખોઇએ આમ, કરજ નવ કરજોરે. ૩
ઓશિયાળા થશો એહના, દિલે ડરજોરે;
વળી થાશો એના વેચાણ, કરજ નવ કરજોરે. ૪
ગભરાટ મન ગભરાવશે, દિલે ડરજોરે;
ગમે તેમ લખાવશે લેખ, કરજ નવ કરજોરે. ૫

કઇકિ જોડાવ્યા જમાનને, દિલે ડરજોરે;
વળી વાવ્યાં વ્હાલામાં વેર, કરજ નવ કરજોરે. ૬
દોસ્ત થતાં દેવાદારના, દિલે ડરજોરે;
સુખ સર્વે ખોશો તેની સંગ, કરજ નવ કરજોરે. ૭
કરજ થકી અકળાઇને, દિલે ડરજોરે;
થાય સત્યતાનો સઘ નાશ, કરજ નવ કરજોરે. ૮
વિષમ કરજ છે વિષ થકી, દિલે ડરજોરે;
પુત્ર પૌત્રને પીડા થાય, કરજ નવ કરજોરે. ૯
દેવું કરે તે દેવાળીઓ, દિલે ડરજોરે;
નહિ દેવું તે સાચો શરાફ, કરજ નવ કરજોરે. ૧૦
એક રામ ચઢતાં થયું, દિલે ડરજોરે;
ધૂળધાણી રાવણનું રાજ, કરજ નવ કરજોરે. ૧૧
સોળ રામ જેને શિર ચઢે, દિલે ડરજોરે;
થાય શી ગતિ દલપતરામ, કરજ નવ કરજોરે. ૧૨

સંપ લક્ષ્મી સંવાદ.

સાંભળ મૂરખા સંપ તું, આણે કેમ અભિમાન;
નિર્ધનીઓ નર લોકમાં, ક્યાં પામ્યો સન્માન.
ધનથી મન ગમતું મળે, સુખ સૌ ધનને સાથ;
સર્વે રહે સેવક થઇ, હોય દ્રવ્ય જો હાથ.
થળ થાનક જળ ધન કરે, જળ થાનક થળ થાય;
ઉજ્જડ વડા અરણ્યમાં, ધનથી શહેર વસાય.
વણકર ધનને વાસતે, આપે વસ્ત્ર અપાર;

ધન કારણ સોનાર પણ, સરસ ઘડે શણગાર.
પામર ઉંચકે પાલખી, બેસે ધનીના બાળ;
હુકમ ચલાવે હામ ધરી, પૈસાથી મહીપાળ.
સંપ કરીને શુદ્રજન, ઉપજાવે તરૂ થોક;
ભલાં ભલાં ફળ ભોગવે, લક્ષ્મીવાળાં લોક.
આજ પછી અભિમાનના, બોલીશ મા મુખ બોલ;
નહીતો નિર્લજ તું થશે, તરણા સરખો તોલ.

સંપ કહે સુણ રમા, જન્મ તારો હું જાણું;
વળી જાણે સૌ વિશ્વ, કેમ વિસ્તારી વખાણું.
પય ખારાની પુત્રી, ભયંકર વિષની ભગની;
વિષ કરતાં વિશેષ, રૂઠે સંભારે અગની;
વિષ પ્રાણ હરે પોતે મરી, કરે એકને કલેશ છે;
તેં જીવતી રહીને જગતમાં, દીધા ઉજાડી દેશ છે.
કૌરવ પાંડવ કુળ, મૂળથી નાખ્યાં મરડી;
રાવણનું પણ રાજ, ઝડપ તેં નાંખ્યું ઝરડી.
બહુ રાજાના રાજ, સંપ તજવાથી તૂટયાં;
સરસ હતાં સુલતાન, સંપ ફીટે ઘર ફૂટયાં.
પરિપૂરણ લક્ષ્મી પામીને, સંપ વિના નહિ સુખી રહે;
નિજ ઘરમાં ઘણા કુસંપથી, મોટા પણ મરવા ચહે.

દોહરો.

હરના ઘરના હરઘડી, થતું હશે તોફાન;
સંપ ન દેખી શંકરે, પીધું હશે વિષપાન.

છપ્પા.

ગિરીજા ગંગા શોક્ય હશે હરરોજે લડતી;
ઈંદુ અગ્નિની જ્યોત, પરસ્પર નિશ્ચય નડતી.
વાઘ વૃષભને વેર, મોર મણિધરને મારે;
સિંહ હાથીનું શિર, તોડવા તુરત વિચારે.
શિવ સેવક દાનવ દેવ બહુ, મારા મારી કરી મરે;
ઘરમાં એવો કજીઓ ઘણો સહન થયો નહિ શંકરે.
સપ્ત ધાતુમય સરસ, શૈલ્ય કૈલાસ વસે હર;
ધનપતિ માર્યો મિત્ર, કરે આશા કિંનર નર.
લંકા સરખાં લાખ, દાસને બખ્શીશ દે છે;
ગરૂઓ પુત્ર ગણેશ, રિદ્ધિ જેથી જન લે છે.
પણ એ બૈયર ચડબડ કરે, પલંગ ત્યાં કુણ પાથરે;
શિવ શયન કરે શમશાનમાં, ભીખ માગી ભોજન કરે.

દોહરો.

તન રોગી શિર શત્રુતા, જર આવે ને જાય;
પણ જો સંપ કુટુંબમાં, શીતળ રહે સદાય.

દલપતરામ.

પંડિત લક્ષણ.

દેહ જન્મ છ શત્રુઓ, જેને છે વશ સર્વદા;
ઇંદ્રિયો વશ આત્માને, તેજ પંડિત જાણવા.
પ્રસંગે ધીરને શાંત, પ્રસંગે જ ઉતાવળા;
સાહસિક ન જે હોય, તેજ પંડિત જાણવા.

ગ્રહી લે બોલ બોલાતા, શબ્દે શબ્દ વિચારતા;
પૂછ્યા વિણ ન બોલે જે, તેજ પંડિત જાણવા.
પ્રતિભાવાન વાચાળ, જાણુ ઝાઝા વૃતાંતના;
જે વ્યાખ્યાન કરે શીઘ્ર, તેજ પંડિત જાણવા.
દુઃખ માને ન ટુંકારે, સન્માને ન ખુશી થતા;
લોકથી ક્ષોભ ના પામે, તેજ પંડિત જાણવા.
આરંભે શક્ય જાણીને, આરંભેલું ન છોડતા;
ધૈર્યથી જે કરે કામ, તેજ પંડિત જાણવા.
અપ્રાપ્તની ન ઇચ્છાને, ગયેલાને ન શોચતા;
આપત્તિમાં ન મુંઝાએ, તેજ પંડિત જાણવા.
બુદ્ધિને વશ શાસ્ત્રોને, બુદ્ધિ શાસ્ત્રાનુસારિણી;
જાણો પંડિત તેને જે, મર્યાદાને મુકે નહિ.
શક્તિ જોઇ કરે કામ, કોને ન અવમાનતા;
સર્વથી મળીને ચાલે, તેજ પંડિત જાણવા.
વ્યવહારી મતિ જેની, ધર્મને અર્થ સંગ્રહે;
કામથીએ રળે અર્થ, જાણવો બુદ્ધિમાન તે.
સુખ દુઃખ ભય પ્રેમ, સમૃદ્ધિ પડતી દશા;
એથી જે ન ચળે કિંચિત્, તેજ પંડિત જાણવા.
કરેલા મંત્રને જેની, ધારેલી મન કામના;
ખ્યાત થાએ પરિણામે, તેજ પંડિત જાણવા.
ક્રોધ લજ્જા અહંકાર, હર્ષ ગર્વ અનમ્રતા;
એથી જે ભ્રષ્ટ ના થાએ, તેજ પંડિત જાણવા.

મણીલાલ છબારામ.

મૂર્ખ લક્ષણ.

જાણે ન શાસ્ત્રને રાખે, ગર્વ પાંડિત્યનો સદા;
ધન હિણ છતાં દાની, થાય તે મૂર્ખ જાણવા.
શૌર્ય વિણ ધરે શસ્ત્ર, પોતાની ફુલ હાંકતા;
ધબાકે ધ્રુજનારાએ, પોતાને શૂર માનતા.
કપટે કે પછી રાખે, જુગટે ધન ઇષિણા;
પરિણામે પડે પાછા, તે સર્વે મૂર્ખ જાણવા.
પોતાનું કાર્ય મૂકીને, પારકાની પુંઠે પડે;
બગાડે મૂર્ખ બન્નેનું, લોકોમાં ચકવે ચઢે.
પ્રવૃત્તિમાં પડયો રે'ને, બેસે ના ઘરમાં ઘડી;
બાયડીનું રજ્યું ખાય, તેહ મૂર્ખ શિરોમણી.
માયાળુને તજીને જે, અપ્રેમી જનને ભજે;
બળીયાસુ ભીડે બાથ, તેને મૂર્ખ સૌ કહે.
શત્રુ સાથે કરે મૈત્રી, કરે મિત્રસુ શત્રુતા;
અયોગ્ય કાર્યના કર્તા, તે સર્વે મૂર્ખ જાણવા.
સ્વકાર્ય દાસને સોંપી, શંકાશીલ રહે સદા;
અવશ્ય કાર્યમાં મંદ, રે'નારા મૂર્ખ જાણવા.
સાચો ધર્મ ન માને ને, આળ પંપાળને ભજે;
હિતૈષી હોય ના મિત્ર, જેને તે મૂર્ખ માનવા.
બોલાવ્યા વિણ આવેને, બોલે ઝાઝું પુછ્યા વિના;
વિશ્વાસે રે' અવિશ્વાસુ,-કેરા તે મૂર્ખ માનવા.
પોતાના દોષ ના દેખે, નિંદા બીજાતણી કરે;
નબળાને કરે ક્રોધ, તેને મૂર્ખ સહુ કહે.

શિક્ષાને યોગ્ય ના હોય, તેને શિક્ષા કરે ઘણી;
અલભ્ય વસ્તુને ઇચ્છે, તેય મૂર્ખ શિરોમણી.
કરે સેવકસુ મંત્ર, વેસ્યાને વશ થૈ રહે;
જાણવો મૂર્ખ તેને જે, જાણે ન થાય શું પુઠે.
આત્મશ્લાઘી તથા દંભી, કામી મદ્યપ આંધળા;
લોભી અંકારીને મીઢા, એ સર્વે મૂર્ખ જાણવા.

મણીલાલ છબારામ.

બાળકોને વૈદિક આજ્ઞા.

માતૃદેવાં બનો બાળકો, છે આ આર્ષ આદેશ,
પિતૃદેવાં બનો બાળકો!
પાળતાં આજ્ઞા માબાપની, ધરતાં ભક્તિ અશેષ;
આવશે ઘરમાં આનંદને, સુખ મળશે વિશેષ,
માતૃદેવાં બનો બાળકો!
રામ ને પરશુરામ શી, રાખો ભક્તિની ખાંત;
ભરત ને સકુાની ભક્તિનાં, સદા લઇને દૃષ્ટાંત,
માતૃદેવાં બનો બાળકો!
આજીવિકા ઉપજાવવી, છે જે પુરૂષોનો ધર્મ,
પાળતો તે પિતા પેખીને, તમો શીખો તમ ધર્મ,
પિતૃદેવાં બનો બાળકો!
ઘરમાં રહી તમ માવડી, અવેરે જુઓ કેમ;
કેમ ઉછેરે કેવે શ્રમે, નમોને તે સપ્રેમ,
માતૃદેવાં બનો બાળકો!

પાળતાં ધર્મ પોતાતણા, રહી અન્યોન્યાધીન;
ચલવે સંસાર કેવી રીતે, સમજે તે સમીચીન,
પિતૃદેવાં બનો બાળકો !
શ્રવણની પેરે તમે સદા, કરો માબાપ સેવ;
માતપિતાની સેવા થકી, તમને ત્રૂઠશે દેવ,
માતૃદેવાં બનો બાળક, આ આર્ષ આદેશ;
પિતૃદેવાં બનો બાળક !

મણીલાલ છબારામ.

સાચના સિપાઈ.

અમે સાચના સિપાઇ,
અમે સાચના સિપાઇ;
સાચ અમારી તરવારને,
સાચની બાંધી સવાઇ.
અમે સાચના સિપાઇ.
સાચ અમારા લડવૈયા તે,
લડશે સાચ લડાઇ;
સુણો અમારા બ્યૂગલ વાગે,
સાચની હાક છવાઇ,
અમે સાચના સિપાઈ.
જુઓ અમારી ધજા ફરફરે,
સાચની લહેરો વાઇ;
જમે સાચનું લશ્કર સઘળે,

આવો હમેય ભાઇ.
અમે સાચના સિપાઈ.

ન્હાનાલાલ.

દોહરા.

સુખ દુઃખ સરજ્યાં ઇશ્વરે, દયા ધરીને એમ;
કડવાં મીઠાં ઔષધો, પાય જનેતા જેમ.
પ્રભુ કરે તે પ્રીતથી, સહેવું ગણીને સાર;
પ્રભુ સમ કો સારો નથી, દીન દયાળ ઉદાર.
જ્ઞાની ને અજ્ઞાની જન, સુખ દુઃખ રહિત ન કોઈ;
જ્ઞાની ભોગવે ધૈર્યથી, મૂર્ખ ભોગવે રોઈ.
સુખ પાછળ દુઃખ દેખીએ, દુઃખ પાછળ સુખ હોય;
દિવસ ગયે રાત્રી પડે, રાત્રી પછી દિન જોય. ૪
હરકત કશી ન હોત તો, શોભત નહીં સંસાર;
કશી ફીકર નહિ હોત તો, બાંધત શીદ ઘરબાર. ૫
સંકટની શંકા ધરે, તેથી ન કાંઈ કરાય;
શીખે તરવા શી રિતે, જો જળમાં નવ જાય. ૬
કષ્ટ સહન કીધા વિના, પદ ઉંચું ન પમાય;
પારો તાપ અધિક સહે, ઊંચે એમ જણાય. ૭
આપે જો આરોગ્યતા, કરુણા કરી કર્ત્તાર;
દુનિયામાં દલપત કહે, એ સુખ અપરંપાર. ૮
દુઃખમાં દુઃખ તો દેહદુઃખ, બીજું કરજનું જાણ;
અલ્પ બધાં દુઃખ એ વિના, ઉર સંશય નહિ આણ. ૯
દુઃખ વેઠયે સમજણ પડે, સમજાવ્યે ન જણાય;
બાળક ડરે દીવા થકી, જ્યારે દીવે દઝાય. ૧૦

કોમળ અંતર પર દુઃખો, દેખી થાય દિલગીર;
અવયવને દુઃખ ઉપજે, આંખે આવે નીર. ૧૧
દયાળુ નિજ દુઃખ દેખીને, પરદુઃખ કરે વિચાર;
નિર્દય ન્યાલ થયા કહે, પંડે ઉતરી પાર. ૧૨

નાના પણ ઝાઝા તણા, આશ્રયથી સુખ સેલ,
નાનાં બહુ નેવાં મળી, ઢાંકે મોટો મેલ. ૧
ઘણાં ગરીબની મદદથી, જબ્બર શત્રુ જીતાય;
રામે રાવણને હણ્યો, લઈ વાંદરા સહાય. ૨
કહો શ્રેષ્ટ શા કામનો, જેથી ન સરે અર્થ;
નાનો પણ ચાંદો ભલો, મોટો પણ શનિ વ્યર્થ. ૩
શીખામણ લાગે નહિ, જ્યારે વિનાશકાળ;
સમજાવ્યો સમજ્યો નહિ, લંકાનો ભૂપાળ. ૪
દિવસ ફરે તેવે સમે, સમજણ સઘળી વ્યર્થ;
રામે સતી સીતા તજી, કેવો કર્યો અનર્થ. ૫

સુખ દુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડીયાં,
ટાળ્યાં તે કોઇનાં નવ ટળે, રઘુનાથનાં જડીયાં. સુખ દુઃખ.
નળરાજા સરખો નર નહીં, જેની દમયંતી રાણી,
અર્ધે વસ્ત્રે વનમાં ભમ્યાં, ન મળ્યાં અન્નને પાણી. સુખ દુઃખ.
પાંચ પાંડવ સરખા બંધવા, જેને દ્રૌપદી રાણી,
વરસ વન ભોગવ્યાં, નયણે નિદ્રા ન આણી. સુખ દુઃખ.
સીતા સરખી સતી નહિ, જેના રામજી સ્વામી,
રાવણ તેને હરી ગયો, સતી મહા દુઃખ પામી. સુખ દુઃખ.

રાવણ સરીખો રાજીઓ, જેની મંદોદરી રાણી,
દશ મસ્તક છેદાઇ ગયાં, બધી લંકા લૂંટાણી. સુખ દુ:ખ.
હરિશ્ચન્દ્રરાય સતવાદિઓ, તારાલોચની રાણી,
ત્હેને વિપત્તિ બહુ પડી, ભર્યા નીચ ઘેર પાણી. સુખ દુ:ખ.
શિવજી સરખા સતા નહિં, જેની પારવતી રાણી,
ભોળવાયા ભીલડી થકી, તપમાં ખામી ગણાણી. સુખ દુ:ખ.
સર્વે દેવને જ્યારે ભીડ પડી, સમર્યા અંતરજામી,
બાવટ ભાગી ભૂધરે, મ્હેતા નરસૈંને સ્વામી. સુખ દુ:ખ.

પરોઢિયું.

ઉપજાતિવૃત્ત.

ઘંટા તણા ચાર ટકોર વાગ્યા,
ઉદ્યોગી લોકો જન સર્વ જાગ્યા;
જાણે શ્રુતી ચાર તણા ઉચ્ચારે,
મુમુક્ષુ અજ્ઞાનપણું ઉતારે. ૧
પૂર્વે ઉગ્યો શુક્રતણો સિતારો,
તેજસ્વી તે શોભિત શ્રેષ્ટ સારો;
શું સૂર્યનો તે સરદાર આવ્યો,
સંધી કરવા શુભ વિષ્ટી લાવ્યો. ૨
પરોઢિયે શીતળ વાયુ વાય,
તેથી પડે ટાઢ અને ધ્રુજાય;
કુરાજ્યમાં જેમ જનો ન જંપે,
બીકે બધા લોકની કાય કંપે. ૩

પરોઢિયે ઝાકળ તો પડે છે,
ભીનાં થયલાં તરૂ તે વડે છે;
જાણે નિશા સુંદરી છાંડી ધીર,
રોઇ ધરાવે નિજ નેણ નીર. ૪

કૂકૂ સ્વરો કુકૂટ તો કરે છે,
સર્વત્ર જેના સ્વર સંચરે છે;
જાણે રવિરાય પધારનારો,
તેના છડીદાર તણા ઉપચારો. ૫

વાજે રૂડાં ચોઘડિયાં નગારાં,
જે લોકને નિત્ય જગાડનારાં;
જાણે નવા રાજ્યની ફોજ આવે,
તેની બડી નોબત આ બજાવે. ૬

ઘંટી તણા ઘોષ ઘણાક થાય,
દાણા પડ્યા બે પડમાં દળાય;
આકાશ પૃથ્વી પડ બે પ્રમાણો,
જીવો પડ્યા તેમ દળાય જાણો. ૭

મહી વલોવે મહિયારી નારી,
તજી બિજું માંખણ લે ઉતારી;
તે જેમ સુજ્ઞો સુણી શાસ્ત્ર બોધ,
તજે બિજું સંઘરી સાર શોધ. ૮

\# સીમા ભણી શબ્દ કરે શિયાળ,
કાને પડે ઘોષ ઘણા કરાળ;

જાણે નિશાની ચમુને[1] જણાવે,
નાસો હવે સૂર્યનું સૈન્ય આવે.

વિદ્યારથી પાઠ ઉઠી કરે છે,
જાણે રવિના જશ ઉચરે છે;
પ્રભાતિયાં ગાય સુભક્ત પ્રીતે,
જાણે રવિના ગુણ ગાય ગીતે.

વહેમ.

ઊઠો ધરી ઉમંગ, અંગથી આળસ કહાડો,
વીર પુરૂષનો સંગ, કરીને બીક નહસાડો.
કરો નહિં દરકાર, વહેમ જો આવે આડો,
અપયશના વિચાર, કાયર ઘરમાં ગાડો.
સત્ય વચન ને ટેક, મરતાં પણ નવ છાંડો,
તજી જનાની છેક, બાજી મરદાની માંડો.
મચાવી દો ભરપૂર, ઉદ્યમ રંગ અખાડો,
નક્કી રાખજો ઉર, પડે નહિં ઘરમાં ખાડો;
સમજી સર્વનું કામ, નિજ અભિમાન જાડો,
તરે દેશનું નામ, સંપ જમાવો ધાડો.
ક્રોધ અગ્નિથી સ્હેજ, જળવો કંટક વાડો,
વધશે કીર્તિ તેજ, સિકંદર થાશે દહાડો.
કરિ કિક્યારી એમ, ઝટ ઝટ પાગો ઉપાડો,
પછી નિરાંતે ક્ષેમ, સદા સુખ સાથે લાડો.

૧. ચમુ=સેના.

કહું આગેવાન નર્મદ, ધરી ઝુંડાનો ડાંડો,
સહુ શૂર સાથ ઝટ થઇ, વહેમને તોડી પાડો.

દેશાટન વિશે.

વિદેશમાં વિચર્યા વિના, પેટ ન પૂર્ણ ભરાય,
પશુઓ પણ પરભાતથી, જંગલ ચરવા જાય.
ઘેર રહે લક્ષ્મી ઘણી, હોશે કેમ હમેશ,
રાજા રાજ્ય વધારવા, વિચરે દૂર વિદેશ.
વિદ્યા સદ્‌ગુણ વિનયતા, હોય ચપળતા હામ,
ડરે ન પરદેશે જતાં, દેખે તે નર દામ.
વિદેશમાં વિચર્યા વિના, મળે ન મોટું માન,
સમુદ્રમાં વખણાત શું, સીપ તણા સંતાન.
સુખે વિદેશે સંચરો, કરો ભલેરાં કામ,
પ્રેમ ધરી વિધિ પાળતાં, નિર્મળ કરવું નામ.
જો ધનની ઇચ્છા ધરો, તો ખરૂં માની ખચિત,
મહા સમુદ્ર મથન કરો, એજ અનાદી રીત.
પ્રયાણ કરી પરદેશમાં, પરવરી લાંબે પંથ,
કોટિ કળા કૌશલ્યના, ગુણીજન લાવો ગ્રંથ.

દલપતરામ.

અભિમાન.

માણસને અભિમાનથી, મળે ન કદીએ માન,
ઉલટું અપમાન જ મળે, નકી ઠરે નાદાન. ૧

અભિમાને દુઃખ ઉપજે, અભિમાને જશ જાય,
મિથ્યા અભિમાને કદી, જીવનું જોખમ થાય. ૨
કરે વૃથા અભિમાનમાં, કશો મળે નહિં માલ,
જીવરામ સમ જગતમાં, હીણા થાશે હાલ. ૩
આ મિથ્યા અભિમાન છે, ખરી જ ઉંડી ખાડ,
પડે તેહના પંડનાં, હરેક ભાગે હાડ. ૪
અરે વૃથા અભિમાનથી, સરે ન એકે અર્થ,
થાય મનુષ્યમાં મશ્કરી, ઉપજે અધિક અનર્થ. ૫
ઉપજે નહિ અભિમાનથી, અમૃત તણો ઉઘાડ,
અરે વૃથા અભિમાન તો, ઝેર તણું છે ઝાડ. ૬
સ્વાદ નથી સુગંધ નથી, નથી રે પુષ્પ પરાગ,
અરે વૃથા અભિમાન તો, કહીએ કાળો નાગ. ૭
અભિમાનીને અંતરે, સ્વપ્ને પણ નહિ સુખ,
થાય વૃથા અભિમાનથી, દાવાનળ સમ દુઃખ. ૮
બહુધા ઉપજે બળતરા, અંગોઅંગ અથાગ,
અરે વૃથા અભિમાન છે, અદ્ભુત બળતી આગ. ૯
માનો જો મારૂં કહ્યું, કહું તે ધરજો કાન,
ધરી નર તન ધરશો નહિં, મન મિથ્યા અભિમાન. ૧૦
કહુંછું હું અનુભવ કરી, ખરેખરી વળી વાત,
ઉપજે છે અભિમાનથી, ઘડીએ ઘડીએ ઘાત. ૧૧
મિત્ર નથી અભિમાન ગુણ, એ તો ઉગ્ર અરીવ,
મિથ્યા અભિમાને ગયો, જીવરામનો જીવ. ૧૨
જે પામે જન પૂર્ણતા, તે ન કદી ફૂલાય,
પૂરો ઘટ છલકાય નહિ, અધુરો ઘટ છલકાય. ૧૩

દલપતરામ.

કાલનો ભરોંસો નથી.

"આજ મ્હને અવકાશ ક્યાં ? કરીશ કામ એ કાલ";
જે મુર્ખો આ'વું બકે, ત્હેના હાલ હવાલ.
એક ઘડીપર ભાવ ક્યાં ? કોણે દીઠી કાલ ?
કાલ કાળ લઈ આવશે, ઉડી જશે વરાળ.

તરિઓ તે તુજ બાપનું, આગળ ઘોર અખાત,
વાટ જોઇ બેસી રહે, રહીશ ઘસતો હાથ.
ભવ પાણી આવી ચઢે, તરવું અતિ મુશ્કેલ,
મોજાં ચઢશે જોસથી, સમજ વેહીઆ બેલ.

નહિ કરતો તું વાયદા, કરજે સઘળું હાલ,
ભુંડા ભવિષ્યના પેટમાં, ગુપ્ત કાળ વિકરાળ.
જે કરવું તે આજ કર, કાલે શો અવકાશ,
વધુ કામ કાલે નડે, આજ તણી સુણ ખાસ.

ટુંકી મુદત માનવી, નિત્ય માગણી થાય,
વધે કામ ક્ષણ ક્ષણ જવે, આયુષ ઘટતું જાય.
માટે માગે સુખ જો, બન્ને ભવની મ્હાંય,
કાળ ભરોંસે ના સુઇશ, કર જે હમણાં થાય.

અગવડથી સગવડ મળે, દુઃખ વેઠયે સુખ હોય,
કામ કરી આરામ કર, નહિં તો પાછળ રોય.
ઘસડી જઇ આ ઘર થકી, પુછશે જમ જવ સ્વાલ,
જવાબ શો એ'રામ દે, કીયા કામની કાલ.

મલબારી.

સુદામા ચરિત્ર પદ ૫.

ચાલિયો વાટમાં, જ્ઞાનના ઘાટમાં,
મિત્ર મોહનતણું નામ લેતો;
ધન્ય તું નાર અવતાર સફલ કર્યો,
શ્રી મુખે કૃષ્ણજી એમ કહેતો.

માગવું મૃત્યુ પ્રમાણ છે પ્રાણિને,
લોભ કીધે ત્યાંહાં પ્રીત તૂટે;
કહ્યું મેં અબલા, સુખે વાટ જોતી રહે,
માગતાં તો બધો મર્મ છૂટે.

માગવું મેં નથી, શું મુખે કહું કથી,
ભોગવું કર્મ જે ભાગ્ય લાવ્યો;
શ્રીપતિ નાથે મને રંક સરજાવિયો,
એમ કરતો દ્વિજ દ્વાર આવ્યો.

આવી ઉભો રહ્યો, કંઠ ગદ ગદ થયો,
કોટી સૂરજ શશી જ્યોત ભાસે;
રતન જડિત મણિ ભવન શોભા ઘણી,
પોળિયે જઇ કહ્યું કૃષ્ણ પાસે.

મંદિરે તેડિયા, ચાલિને ભેટિયા,
ત્રિવિધના તાપ તે સર્વે નાઠા;
હેમ સિંહાસને લેઈ બેસાડિયા,
તાણતાં વિપ્રનાં વસ્ત્ર ફાટયાં.

તેલ ફૂલેલ મર્દન કરાવિયાં,
શુદ્ધ ઉષ્ણોદકે સ્નાન કીધું;

કનકની ચાખડી ચરણ આગળ ધરી.
કૃષ્ણે ચરણોદક શીશ લીધું.
પૂનિત પીતાંબર પહેરવા આપિયું,
કનકને થાળ પકવાન દીધાં;
ભાવતાં ભોજન કૃષ્ણ સાથે કર્યા,
લીધું આચમન ને કાજ સીધ્યાં.
કૃષ્ણે પલંગ પર પોતે પધરાવિયા,
દધિ સુતા વીજણે વાયુ ભરતાં;
સત્યભામાદિક નારી નીરખી રહી,
નરસંઇનો નાથ પદસેવ કરતા.

પદ ૬.

"ભાગ્ય જો જો, બાઈ, કૃપણ ભિક્ષુક તણું!"
રુકિમણી આદિ સૌ નારી બોલે;
"હળધર જોગ તે ભોગ પમાડીયા,
અજ અંબરીષથી અધિક તોલે !
તન દુર્બળ ઘણું, વદન લજ્જામણું,
વસ્ત્ર મેલાં દીસે કર્મ ફૂટચો;
ત્રિદશને દુર્લભ સેજ રમાતણી,
વશ કરી નાથને પાપ છૂટચો.
અંગ અંગ કમકમે ધમણ મ્હોડે ધમે,
ઉધરસે ને વળી નાક લ્હુતો;
જો કૌતુક હરિ, દેહદશા ફરી,
કૃપણ તે કૃષ્ણ પરજંક સૂતો !"
પોઢીને ઉઠિયા, આસન બેસાડિયા,

વદન પખાળવા વાર દીધું;
કનક ઝારી ભરી મિષ્ટ જળ આપિયું,
સ્વાદ સુધા થકી અધિક પીધું.
શ્રીમુખે બોલિયા:—" કહોને બાંધવ !
તમો બ્રહ્મચારી કે ગ્રહી ધર્મ કીધો ?
કુશળ છે બાળગોપાળ સહુ તમતણાં ?
ભાગ્ય મોટું, મને ચિત્ત લીધો !
ગૃહસ્થન ધર્મમાં હુંય લુબધી રહ્યો,
માહરી તે ભણી ગત્ય ભૂલ્યો.
મિત્ર સુદામાની સૂધ લીધી નહિ;
કામિની કેલિમાં હુંજ ડૂલ્યો.
સંદીપનિ ગોરને ઘેર આપણ ભણ્યા,
ધન ધન દિવસ તે સફળ કહાવ્યો;
એક રેણી રહ્યા વન વિષે આપણે,
સરપણ ભાગતાં મેઘ આવ્યો.
અન્ન લીધા વિના ભૂખ્યા બેસી રહ્યા,
ગોરાણીએ આપણી ત્રીઠ જાણી;
વીસરી ગઈ છે કે વીર તને સાંભરે,
સંદીપનિ ગોરની અચળ વાણી.
ભાભીએ ભેટ જે મોકલી મુજ ભણી,
ભાવસું ભાઈ ! તે લાગે મીઠી;
સંકોચતો ગાંઠડી વિપ્ર આઘી ધરે,
નરસૈંયના સ્વામીએ નયણે દીઠી.

ઇન્દ્રવજ્રા છંદ.

સ્રષ્ટા તમે સૃષ્ટ પદાર્થ સર્વના,
સાક્ષી તમે છો પ્રભુ સર્વ કર્મના;
સર્વેશ સર્વાન્તરયામિને સદા,
સાષ્ટાંગ વંદી પ્રભુ માગું હું ક્ષમા. ૧
કૌટુંબી મિત્રો સ્વજનો જનો બધા,
પામે નહીં કંચિત દુઃખ આપદા;
આરોગ્યતા આપી કરો સહાયતા,
રાખો જગતમાં પ્રભુ સર્વ શાંતતા. ૨
નીતિ પ્રમાણે અનુવર્તનો થશે,
ત્યારે કૃપા પૂર્ણ તમારી તો થશે;
માટે વિનંતી કરું વારવાર રે,
સ્વીકારવાને કરશો ન વાર રે. ૩

શિક્ષાવચન.

પ્રાર્થના.

ભુજંગી છંદ.

તમારા થકી સૃષ્ટિ વિસ્તાર પામી,
તમે પૂર્ણ રૂપે રહ્યા છો વિરામી;
જગત્તંત્ર સર્વે તમારે જ હાથ,
અમે દંડવત્ વંદિએ વિશ્વનાથ. ૧
ત્રિલોકે તમારા પ્રકાશે પ્રતાપો,
સદા સર્વદા ચિત્તને શાંતિ આપો;

વિભૂ વિશ્વ વ્યાપિ વિદારો વિષાદ,
અમે દંડવત્ વંદિએ વિશ્વનાથ. ૨
અમારે ખરો આશરો છે તમારો,
કૃપાનાથ નિત્યે કરો ઉપકારો;
પ્રભુ સર્વના હો તમે માત તાત,
અમે દંડવત્ વંદિએ વિશ્વનાથ. ૩
અમારી સ્વીકારો સદા વંદનાઓ,
કૃપાથી કરો સર્વ પાપ ક્ષમાઓ;
સદા સન્મતિ પ્રેરશો પ્રાણનાથ,
અમે દંડવત્ વંદિએ વિશ્વનાથ. ૪

શિક્ષાવચન.

અરૂણોદય.

ઘણો કરે છે નિધિ ઘૂઘવાટ, ગાજી રહ્યો છે બહુ સર્વ ઘાટ,
જાણે ગયું પુત્રનું રાજપાટ, ક્રોધ કરે ગર્જન એ જ માટ.
પંખી મધુરા સ્વર ઉચરે છે, જુદી જુદી જાત અનેક જે છે,
જાણે થશે આજ નવીન રાય, ગાંધર્વ ત્હેના ગુણ ગાન ગાય.
જનો સ્તુતિ ઇશ્વરની કરે છે, મહાત્મ્ય ત્હેનું મનમાં ધરે છે,
જાણે રવિનું શુભ રાજ્ય જાગે, પ્રભુ સમીપે સુખ એમ માંગે.
ઉઠયા જનો અંચળ અલ્પ દીસે, જામો ન અંગે નહિ પાઘ શીશે,
જાણે થતાં બે નૃપની લ્હડાઈ, લોકો તણી લક્ષ્મી ગઈ લૂંટાઇ.
રહે કુભાર્યા પતિ સાથ રૂઠી, પ્રભાતમાંથી લડતી જ ઉઠી,
સુરાજ્ય થાતાં પણ બંડખોર, સુખે ન બેસે ઠરીને નઠોર.
પતિવ્રતા કામ પવિત્ર જાણી, વદે પતિ આગળ પ્રેમ વાણી,

સુરાજ્યનો જોગ રૂડો જડે છે, સુજાણ સંપી સુખ ભોગવે છે.
શેહેરમાં માર્ગ જળે સિંચાય, જેથી પુરીમાં ગરદી ન થાય,
જાણે રવિદૂત તણી સવારી, પધારશે જાણી પુરી સુધારી.
રાતે રહેલા જન ચોકીદાર, ત્હેમાં કરે નાયક ફેરફાર.
જાણે જૂના રાય તણા સિપાઇ, વિદાય કીધા નવી ફોજ ધાઇ.
દેવાલયોને વળી રાજ્યદ્વારે, વાજીંત્ર તણા ઘોષ ઉઠે સવારે,
જાણે પ્રજાએ સુણીને વધાઈ, સામા જવાની કરી છે સજાઇ.
મૂક્યાં ઉઘાડાં પુરદુર્ગદ્વાર, પ્રવાસીઓ પંથ પળે અપાર,
છૂટે જીવોનો જઠરાગ્નિ વાસ, હરે ફરે જેમ કરે વિલાસ.
પ્રવાસીઓ જાય અનેક રસ્તે, પ્રવાહની પેર દીસે સમસ્તે,
જાણી રવિથી હિમ પીગળીને, વહી નદીઓ બહુ નીકળીને.
ઉતાવળો કોઇ વહે અગાડી, અગાડી જાનાર રહે પછાડી,
પૃથ્વી શનિ આગળ ચાલી જાય, જો જેમ તે વક્ર થયો જણાય.
ઉતાવળો જે જન પંથ ધાય, થાકી રહેને મનમાં મુંઝાય,
ઉતાવળો થાય હરેક કામે, તે જેમ ત્હેમાં નહિ સિદ્ધિ પામે.

દલપતરામ.

રાત્રિ.

(શાર્દૂલવિક્રીડિત છંદ.)

અંધારૂં થયું પાતળું નભ વિશે, તારા દ્યુતિ નીતરી,
વીણા તાલ મૃદંગ રાગ તરીને, કાને પડે આ ઘડી.
રાત્રિ આ ઝણણાટ જેમ કરતી, વેગે ઊડી જાય છે,
નિદ્રાની મીઠી પાંખમાં જન બધા, જંપે પ્રશાન્તિ વિષે.

" મણિલાલ "

પદ-પ્રભાત.

૧

રાત રહે જ્યાહરે પાછલી ખટઘડી, સાધુ પુરૂષને સુઇ ન રહેવું,
નિદ્રાને પરહરી, સમરવા શ્રીહરી, એક તું એક તું એમ કહેવું.
જોગિયા હોય ત્હેણે જોગ સંભાળવા, ભોગિયા હોય ત્હેણે ભોગ તજવા,
વેદિયા હોય ત્હેણે વેદ વિચારવા, વૈષ્ણવ હોય તેણે કૃષ્ણ ભજવા.
સુકવિ હોય ત્હેણે સદગ્રંથ બાંધવા, દાતાર હોય ત્હેણે દાન કરવું,
પતિવ્રતા નારિયે કંથને પુછવું, કંથ કહે તે તો ચિત્ત ધરવું.
આપણે આપણા ધર્મ સંભાળવા, કર્મનો મર્મ લેવો વિચારી,
નરસૈંના સ્વામિને સ્નેહથી સમરતાં, ફરી નવ અવતરે નર ને નારી.

૨

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરી, જુજવે રૂપે અનંત ભાસે,
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું, શૂન્યમાં શબ્દ થઇ વેદ વાસે.
પવન તું, પાણી તું, ભૂમિ તું, ભૂધરા, વૃક્ષ થઇ ફુલી રહ્યો આકાશે,
વિવિધ રચના કરી, અનેક રસ લેવાને, શિવ થકી જીવ થયો એજ આશે.
વેદતો એમ વદે, શ્રુતિ સ્મૃતિ સાખ દે, કનક કુંડલ વિષે ભેદ ન્હોય,
ઘાટ ઘડીયા પછી, નામ રૂપ જુજવાં, અંત તો હેમનું હેમ હોય.
વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું, જોઉં પટંતરો એ જ પાસે,
ભણે નરસૈંયો એ, મનતણી શોધના, પ્રીત કરૂં પ્રેમથી પ્રગટ થાશે.

૩

જ્યાં લગી આતમા તત્ત્વ ચિંન્યો નહિં ત્યાં લગી સાધના સર્વ જુઠી,
માનુષ દેહ તારો એમ એળે ગયો માવઠાંની જેમ વૃષ્ટિ વૂઠી.
શું થયું સ્નાન સેવાને પુજા થકી, શું થયું ઘેર રહી દાન દીધે,
શું થયું ધરી જટા ભસ્મ લેપન કરે, શું થયું લાલ લોચન કીધે.

શું થયું તપને તીરથ કીધા થકી, શું થયું માલ ગ્રહી નામ લીધે,
શું થયું તિલકને તુલસી ધાર્યા થકી, શું થયું ગંગજલ પાન કીધે.
શું થયું વેદ વ્યાકરણ વાણી વદે, શું થયું રાગને રંગ જાણે,
શું થયું ખટ દર્શન સેવા થકી, શું થયું વરણના ભેદ આણે.
એ છે પ્રપંચ સહુ પેટ ભરવા તણા, આત્મારામ પરિબ્રહ્મ ન જોયો,
ભણે નરસૈંયો કે, તત્વ દર્શન વિના, રત્નચિંતામણિ જન્મ ખોયો.

તોટક છંદ.

અતિ અદ્ભુત આ જગની રચના, રચિ નાથ કિધી ઘટિતા ઘટના,
સુખ બીજ મુકયું સહુ દુઃખ વિષે, જગના સુખમાં દુઃખ મિશ્ર દિસે. ૧
તુજ હેતુ ગંભીર પુરો ન કળે, મથતાં મથતાં નવ પાર મળે,
કરી તર્ક મહામુનિ થાકી ગયા, તુજ જ્ઞાન વિષે સહુ બાળ રહ્યા.
જનની સમ લાલન પાલન જે, કરી ભક્તતણું ન ઘડીક તજે;
અતિ પ્રેમલ એ પ્રભુને વિસરે, ધિક તે તણું જીવન વ્યર્થ સરે. ૩
ઉપકાર અતોલ અમોલ કર્યા, તુજ એ ક્યમ જાય કદી વિસર્યા,
ક્યમ પાડ વળે જન રંક થકી, તુજ દાસ બની રહું નાથ નકી. ૪
બનિ દાસ નિરંતર નમ્ર રહું, સુખ દુઃખ વિષે સ્થિરતાજ લહું,
સુખપાન થકી નવ મત્ત થઉં, દુખમાં તુજને નવ દોષ દઉં. ૫
રિપુને પણ ધારિ ઉદારપણું, દઉં ક્ષાંતિ નહિં અપકાર ગણું;
તુજ પાડ તણો પ્રભુ એહ રીતે, બદલો દઉં એટલું માગું પ્રિતે. ૬

શિક્ષાવચન.

કબીર વડ.

ભુરો ભાસ્યો ઝાંખો, દુરથી ધુમસે પ્હાડ સરખો,
નદી વચ્ચે ઉભો, નિરભયપણે એક સરખો.
દીસ્યો હાર્યો જોદ્ધો, હરિતણું હૃદે ધ્યાન ધરતો,
સ્હવારે એકાંતે, કબિરવડ એ શોક હરતો.
કહે દેખાવે એ, અચરતિ જણાયે જગતમાં,
ખરે એ મ્હોરાંનો, મગરૂબ રહે દેશ નવ કાં ?
મનાયે સત્સંગે, પવિતર કબીરા ભગતમાં,
પ્રજાની વૃદ્ધિયે, નિત અમર કહેવાય નવ કાં ?
જતાં પાસે જોઉં, વડ નહિ વડોનું વન ખરે,
મળે આડા ઉભા, અતિ નિકટ નીચે ઉપર જે.
વડો ઝાઝા તોયે, સહુ ભળી ગયે એક દીસતો,
વળી સંધાઓનું, અસલ જીવતું એક મૂળ તો.
કિયું ડાળુ પ્હેલું, કંઇ ન પરખાયે શ્રમ કરે,
ઘસેલો પાડીને, અસલ વડ રેસે જન કહે.
તણાયા છે ભાગો, ઘણી વખત જો એ વડતણા,
તથાપિ એ થાયે, ફુટ વિસ ગણ્યા સો પરિધમાં.
ફુટી ડાળોમાંથી, પ્રથમ તરૂકેરી નીકળતા,
ખુંચે લેવા તંતુ, વધી જઇ નીચે જે લટકતા.
જટાની શોભાથી, અતિશ શરમાઇ શિવ ઉઠ્યા,
જટાને સંકેલી, વડ તજી ગિરિએ જઇ રહ્યા.
ઉનાળાનો ભાનુ, અતિશ મથી ભેદી નવ શકે,
ઘટા ઉંચે એવી, જન શિતળ છાયા સુખ લીએ.

ખુલી બાજુઓથી, બહુ પવન આવી જમીનને,
કરે ચોખ્ખી રૂડી, પછી મિત થઇને ખુશી કરે.
ઘણાં જંતુ પંખી, અચળ સુખ પામે અહીં રહી,
ઘણા જાત્રાળુઓ, અહીં ઉતરતા પુણ્ય સમજી.
ઘણા શીકારીઓ, ગમત કરતાં રહે બહુ અહીં,
હજારો લોકોને, અડચણ સમાતાં અહીં નહીં.
ઘટા થાળાં લીધે, ઘણીક ફરવાને ગલી થઇ,
બખોલો બંધાઈ, રમણિય બહુ બેઠક બની.
નિરાંતે જેમાં તો, ખુશી થકી રમે લાલ લલના,
નિરાંતે જેમાં તો, ખુશી થકી રહે જોગી જપમાં.
ઠરી મ્હારી આંખો, કબિરવડ તુંને નિરખીને,
ખરી પાપી બુદ્ધિ, ખરીજ રૂડી જાત્રા થઇ મ્હને,
વિશેષે શોભે છે, ગબિરવડ તુંથી નરમદા,
કૃતાર્થી મ્હોટો હું, દરશન વડે છું નરમદા.

નર્મદાશંકર.

લોચન મનનો ઝઘડો.

લોચન મનનો રે, કે લોચન મનનો,
રસિયા તે જનનો રે, કે ઝઘડો લોચન મનનો.–ટેક
પ્રીત પ્રથમ કોણે કરી, નંદ કુંવરની સાથ,
મન કહે લોચન તેં કરી, લોચન કહે ત્હારે હાથ. ઝગડો.
નટવર નિરખ્યા નેણ તેં, સુખ આવ્યું તુજ ભાગ,
પછી બંધાવ્યું મુજને, લગન લગાડી આગ. ઝગડો.

સુણ ચક્ષુ હું પાંગળું, તું મ્હારૂં વાહન,
નિગમ અગમ કહ્યું સાંભળ્યું દીઠા વિના ગયું મન. ઝઘડો.
ભલું કરાવ્યું મ્હેં ત્હને, સુંદર વર સંજોગ,
મ્હને તજી તું નીત મળે, હું રહું દુઃખ વિજોગ. ઝઘડો.
વનમાં વ્હાલાજી કને, હુંય વસું છું નેણ,
પણ તુંને નવ મેળવે, હું નવ ભોગવું ચેન. ઝઘડો.
ચહેન નથી મન ક્યમ ત્હને, ભેટે શ્યામશરીર,
દુઃખ મ્હારે જાણે જગત, રાત્ર દિવસ વહે નીર. ઝઘડો.
મન કહે ધીકું હદે, ક્ષુત્ર પ્રગટ ત્યાં હોય,
તે તુજને લાગેરે નેણ, તે થકી તું રોય. ઝઘડો.
એ બેઉ આવ્યાં બુદ્ધિ કને, ત્હેને ચુકવ્યો ન્યાય,
મન લોચનનો પ્રાણ તું, લોચન તું મન કાય. ઝગડો.
સુખથી સુખ દુઃખ દુઃખથી, મન લોચન એ રીત,
દયા પ્રીતમ શ્રીકૃષ્ણ શું, બેહુ વડેથી પ્રીત. ઝગડો.

દયારામ.

રત્નાકરનાં રત્નો.

તારી રત્નતણી ગુફા મહીં શું છે, તું ઉદધિ રાખતો,
તેજસ્વી બહુ શક્તિઓ મણી સમી, ને મૌક્તિકો આપતો.
સર્વે જે ચળકે દિને નહિ ગણે, કો જે વૃથા દીપતા,
ચિંતાશીલ સમુદ્ર! રાખ તું જ તે, ના એ અમે માગતા.
તારી પાસ બહુ ભર્યું ધન, અરે રત્નો મહા મૂલ્યનાં,
નીચે શાંતિ મહીં રહે તુજ તળે, દીપે તહીંથી ઘણા.

હજારો બહુ નાવના કરી ચુરા, લક્ષ્મી ગુપ્ત રાખતી,
ક્રોધોન્મત્ત સમુદ્ર રાખ તુજ તે, ના એ ભૂમિ રાખતી.
છેરે તોય હજી બહુ નિધિ તળે, મોટાં પુરોમાં ફરી,
તારૂં વારિ વિશાળ હેમભવનો, રેતીથી દીધાં ભરી.
પ્રાસાદો મહીં રમ્ય નંદન ક્રીડા, થાતી તહીં શૂન્ય છે,
રે રે ઉદધિ દોડ તે પર જનો, દે છે થવા નાશ .
છેરે તોય હજીય નિધિ તળીએ, ને છે તરંગો મહીં,
વીરોને બહુ સુજ્ઞ સજ્જન ભર્યા, તેં છેજ વારિ મહીં.
તારૂં ગર્જન ના સુણે વળી નહિં, સુણે યુધે નાદ જે,
પ્રેત સ્થાન પ્રચંડ રાખ ધન તું, પાછા સહુ આપ તે.
પાછાં આપ લીધેલ વિક્રમી જનો, ને રમ્ય ચારૂ સ્ત્રીઓ,
તેં જે લૂટી લીધેલ છે ભૂમિથકી, જેને સ્મરે સ્નેહીઓ.
રાત્રિ દિન કરે બહુ રૂદનને પ્રીતિ વિસારે નહિ,
રાખ્યા જાણુ દટેલ દ્વીપ બુરજો, છે સર્વ તારૂં ન હ.
કાંતા સુંદરીના કંઇ પ્રિયતમો, તેં લૂટી લીધા જ છે,
આશાવાન યુવાનની પ્રિયતમા, તેં લક્ષી લીધી જ છે.
તારે આ મુજ વાક્ય સુણવું ઘટે, પાછાં મૃતો આપ તું,
લેશે સિંધુ ભૂમિ-અમૂલ્ય જનતે, પાછાં મૃતો આપ તું.

સુમંત.

બારણે પુકાર.

અક્ષરો અનેક વાર, ચક્ષુએ દિઠા હતા;
શબ્દ બે અનેક વાર, કર્ણથી સુણ્યા હતા.

અર્થ એ અનેક વાર ચિત્તમાં ધર્યા હતા,
તર્ક એ અનેક વાર બુદ્ધિમાં વસ્યા હતા.
'બારણે પુકાર' વાક્ય એ અજાણ્યું ના હતું,
ગીત એ 'પુકાર'નું રચ્યું હતું નહિં નવું;
ગાન એ પ્રબન્ધ કેરૂં આદ્ય કાંઇ ના હતું,
ભક્તિ ભાવથી હતું ન ચિત્ત છેક વેગળું.
તોય મેં અપૂર્વ ને અનન્ય વૃત્તિ ભોગવી,
રમ્ય હારિ ત્યાં સુણી પરંપરા સ્વરો તણી;
ગીત તે મનોહરે શ્રુતીન્દ્રિયે ભર્યાં ધ્વનિ,
જે વિચિત્ર કમ્પ સાથ ચિત્તમાં રહ્યા રમી.
ભાવ તર્ક કેરી સીમ ચિત્તસ્થાનથી તુટી,
ને શરીર સર્વ માંહિં વ્યાપી શક્તિ માનસી;
ગીતકાવ્યભક્તિ, વાહિ રક્ત અંગમાં વહ્યું,
વ્યર્થ જાત તે વિના અધાર્ય પૂર હર્ષનું.
ચક્ષુ આદિ ઇન્દ્રિયે દિઠું નવું જ દર્શન,
ચિત્તને સ્મૃતિ પ્રમાણુ લાગ્યું નિષ્પ્રયોજન;
જ્ઞાતપૂર્વ જે નહિં પ્રતીતિ તે થઈ નવી,
શ્રાવ્ય સૌખ્યા કેરી જ્યાં ઝરી નદી રહી વહી.
'બારણે પુકાર' ગીતની મહીં ઉંડો સુણ્યો,
દ્વારમાં પુકારતો જ ભક્ત કંઠ ઓળખ્યો;
'બારણે'જ પ્હોંચી શબ્દ તે 'પુકારુ'' નીકળ્યો,
દીર્ઘ સૂરબંધ, દોન દૂરગામિ ઉપજ્યો.
ચક્ષુની સમીપથી જ અક્ષરો ખસી ગયા,
શબ્દ એક તે થઇ ગયો જુદા ન એ રહ્યા;

અર્થ તર્કના વિભાગ ભાવમાં મળી ગયા,
ગીત રાગથી દીઠી અખંડ એક કલ્પના.
હાર્દ જાણ્યું ગૂઢ 'બારણે પુકાર' વાક્યમાં,
ગીત કાવ્ય એની સંધિ જોઇ ચિત્ત ક્ષોભમાં;
અદ્દ્ભુતત્ત્વ ગાનનું નવું દિઠું પ્રબન્ધમાં,
સ્વર્ગદ્વાર પ્હોંચતો દિઠો પ્રભાવ ભક્તિમાં.
ભક્તનો પુકાર સૂણી સ્વર્ગદ્વાર ઉઘડ્યાં,
સાધુ એ અતુલ્ય ઇશ પાસ છે જઇ વસ્યા;
ગીત ધન્ય જે મુક્યું અહીં સદૈવ જીવતું,
દીનબંધુ–બારણાં પુકારી તે ગજાવિશું.
દીન કંઠ આ ભણી જ ગાનદ્વાર બંધ છે,
વાઙ્મયી ન વ્યક્તિ તો પુકારું શું હું બારણે?
નાથ! ભક્તપાળ! આત્મ આ પરે કૃપા કરી,
અન્ય ગાન સાથ ભેળી મૂક વાણી લો સુણી.

રમણભાઇ.

વસંતતિલકા.

રે માનવી સરવ માનવી વાત મારી,
છે અર્થની નથી અનર્થની કે નઠારી;
શાસ્ત્રો વિષે લિખિત છે મત તે ખરો રે,
ઔદાર્ય કાર્ય કરવા કર વાવરોરે. ૧
જે વાવર્યું સુકૃતમાં વર્યું તે તમારું,
દાટેલ જે ધર વિષે રજમાં જનારું;

ધીમંતતા કથનમાં મનમાં ધરો રે,
ઔદાર્ય કાર્ય કરવા કર વાવરો રે. ૨
થોકે મળી સ્થિર કદી સ્થળમાં થવાના,
પૈસા પછીથી પળમાં જળમાં જવાના;
એ કારણે અતિ રુડાં કૃત આદરો રે,
ઔદાર્ય કાર્ય કરવા કર વાવરો રે. ૩
તે ધન્ય ધન્ય ધરણીપર પિંડ ધારી,
જે ખાંત રાખી ખરચે વિતને વિચારી;
પોતે સુપંથ સમજે પણ પાંશરો રે,
ઔદાર્ય કાર્ય કરવા કર વાવરો રે. ૪
જે દીનને પ્રતિદિને સુખદાન દાતા,
તો ધન્ય તેમજ મહા ધન તાતમાતા;
એવું વિચારી શુભ સાધન સંઘરો રે,
ઔદાર્ય કાર્ય કરવા કર વાવરો રે. ૫

શિક્ષાવચન.

દુખી લોકોને સુખી કરવા એ સર્વનો ધર્મ છે.

પ્રભુની પ્રજા સૌ સદા સંપી ચાલો,
ઝુરે કાળ કંગાળને માલ આલો;
પડે દામ તે દેવ નામે ઉધારો,
ભુખ્યાં ભૂખ ભાંગી દુખો સૌ નિવારો
કહું કારમી આપ કાયા કઢંગી,
મતા માલ માયા મઝા સૌ પતંગી;

ભરી હોય જો માલ કેરી વખારો,
ભુખ્યાં ભૂખ ભાંગી દુખો સૌ નિવારો.
ખરે દુખીઓ સુખીઆનો હવાલો,
સુખી શેઠીઆ દુઃખીઆ આપ પાળો;
દુખે ડુબતાં હાથ આપી ઉગારો,
ભુખ્યાં ભૂખ ભાંગી દુખો સૌ નિવારો.
દુખી આંધળાં પાંગળાંને તપાસો,
પૂછો જીવશું મોકળા કેમ નાસો;
પૂછી દુઃખીઆંઓની સ્થિતિ સુધારો,
ભુખ્યાં ભૂખ ભાંગી દુખો સૌ નિવારો.
મળે દાનનું દામ શ્રીનાથ હાથે,
પ્રભુ વાળશે ઋણ સૌ વ્યાજ સાથે;
ઘરો ધીરવાના હજારો પ્રકારો,
ભુખ્યાં ભૂખ ભાંગી દુખો સૌ નિવારો.
ધીરો માલ સૌ દુખીઆંને નિરાંતે,
થશે તે જમે આખરે નાથ હાથે;
પ્રભુ શ્રાફની પેઠ હુંડી સ્વિકારો,
ભુખ્યાં ભૂખ ભાંગી દુખ સૌ નિવારો.
મળે દાનથી લાભનો પૂર લાવો,
ભરી ફંડને સૌ વીમા ઉતરાવો;
મળે દોકડે દોકડાનો વધારો,
ભુખ્યાં ભૂખ ભાંગી દુખ સૌ નિવારો.
ખરો તે પ્રતાપી ખરો ભાગ્યશાળી,
કરાવે દુખીને સદા જે દીવાળી;

દુખી જીવડા માનશે ઉપકારો,
ભુખ્યાં ભૂખ ભાંગી દુખ સૌ નિવારો.
ભલી આ સ્તુતિ મારી સૌ ધ્યાન લેજો,
દિલાસા દુખી દેહીને લોક દેજો;
ન કો બોલ એ'રામ કેરા વિચારો,
ભુખ્યાં ભૂખ ભાંગી દુખો સૌ નિવારો.
મલબારી.

સુદામા ચરિત્ર કડવું ૬ ઠું.

રૂષિ કહે સાંભળ નરપતિ, સુદામે દિઠિ દ્વારામતી;
કનક કોટ ચળકારા કરે, મણિમય રત્ન જડયાં કાંગરે.
કોઠા કોશિસાં શોભે પરમ, જેવું વિશ્વકર્તાનું કર્મ;
દુર્ગે ધજા ઘણી ફરફરે, દુદંભી ઢોલ ત્યાં ગડગડે.
સુદર્શન ફરતું ત્યાં શોહે, ગંભિર નાદ સાગર મન મોહે;
યાં તો ગોમતિ સંગમ થાય, ચારે વર્ણ ત્યાં આવી ન્હાય.
પરમ ગતિ પ્રાણી પામે ઘણા, નથિ મુક્તિપુરીમાં મણા;
રૂષિ સુદામે કીધું સ્નાન, પછિ પૂરમાં પેઠા ભગવાન.
નગરલોક બહુ જોવા મળે; ખિજવે બાળક પુંઠળ પડે;
જાદવ સ્ત્રી તાળિ દેઇ હસે, ધન્ય નગર એવો નર વસે.
કિધાં હશે વ્રત તપ અપાર, તે સ્ત્રી પામી હશે ભરથાર;
કોઇ કહે ઇંદુ કોઈ કહે કામ, એને રૂપે હારશે કેશવરામ.
પતિવ્રતાના મોહશે મન, મર્મ વચન બોલે સ્ત્રીજન;
કોઇ કહે હાઉ આવ્યો વિકાળ, દેખાડો રોતાં રહેશે બાળ.
ઘણી ચેષ્ઠા પુંઠળથી થાય, સુણી સુદામો હસતા જાય;

પુંઠે બાળક કાંકરા નાખે, ૠષિ રામકૃષ્ણ મુખથી ભાખે.
પાડે તાળી વજાડે ગાલ, પુંઠે ફરી વળ્યાં ન્હાનાં બાળ;
કોઇ વૃદ્ધ જાદવે દીઠા રૂખી, સાધુની દૃષ્ટી ઓળખી;
તેણે બાળક સઉ કાઢ્યાં હાંકી, પુછ્યા સમાચાર ઉભા રાખી.
કૃપાનાથ ક્યાંથી આવિયા, આ પુરને કેમ કિધિ મયા;
એવું પૂછવાથી સુદામો કહે, મને રાજમંદિર દેખાડો એટલે.

અંદર તેને રાજદ્વાર તેડી ગયો.

દ્વારપાળ દિગપાળ સમાન, ધામ એટલે ઉગ્યા ભાણ.
શોભે હાટ ચૌટાં ને ચોક, છજ્જાં જરૂખાં બારી ગોખ;
અટારી જાળી મેડી માળ, જડિત્ર કઠેરા ઝાકઝમાળ.
ચળકે કામ ત્યાં મીનાકારી, અમરાપુરી નાંખું ઓવારી;
સભામાં સ્ફાટકમણિ-થંભ, થઇ રહ્યો નાટારંભ.
મૃદંગ ઉપંગ મધુરાં તાળ, ગાય ગુણિજન ગીત રસાળ;
રમક ઝમક ઘૂઘરે થાય, તે સુદામોજી જોતા જાય.
ધજા પતાકા કળશ બિરાજે, જાંગડ જાંગડ દુંદુભિ વાજે;
બોલે શરણાઇ નફેરી, ઉછવ મંગળ શેરિયે શેરી.
હરતા ફરતા હીંડે ઘોડા, બાંધ્યા હેમતણા અછોડા;
ડોલે મદગળતા માતંગ, ગજશાળાનો નવલો રંગ.
હેમ કળશ ભરી લાવે પાણી, દાસિયો જાણિયે ઇંદ્રાણી;
છપન કોટી જાદવની સભા, નવ રાખે દાનવની પ્રભા.
અનંત યોદ્ધા ઉભા પ્રતિહાર, સાચવે શામળિયાનું દ્વાર;
ત્યાં સુદામો ફેરા ફરે, સંકલ્પ વિકલ્પ મનમાં કરે.
"ગહન દીશે છે કરમનિ ગતી, એક ગુરૂના વિદ્યાર્થી;
એ થઇ બેઠો પૃથ્વીપતી, મારા ઘરમાં ખાવા નથી.

રમાડતો ગોકુળ માંકડાં, ગુરૂને ઘેર લાવતો લાકડાં;
તે આજે બેઠો સિંહાસન ચડી, મારે તુંબડી ને લાકડી."

સુદામાને જોઇ દ્વારપાળે પૂછ્યું:—

માનુભાવ કેમ કરૂણા કરી, તવ સુદામે વાણી ઉચરી.
છું દુર્બળ બ્રાહ્મણ અવતાર, માધવ સાથે છે મિત્રાચાર;
પ્રભુને જઇ "કહો મારો પ્રણામ, આવ્યો છે વિપ્ર સુદામો નામ."
"નામ સુદામો જઇ કહો," ગયો ઘરમાં પ્રતિહાર;
એક દાસી સાથે કહાવિયો, શ્રીકૃષ્ણને સમાચાર રે.

પ્રેમાનંદ.

સુદામા ચરિત્ર કડવું ૯ મું.

ગોવિંદે માંડી ગોઠડી, કહોને મિત્ર અમારા;
સાંભળવા આતુર છું, સમાચાર તમારા. ગોવિંદે.

શે દુખે તમો દુબળા, એવી ચિંતા કેહી;
લાજ મુકીને કહો મને, મારા બાળ સનેહી. ગોવિંદે.

કોઇ સદગુરૂ તમને મળ્યો, તેણે કાનજ ફુક્યો;
વૈરાગી ત્યાગી થયા, સંસારજ મુકયો. ગોવિંદે.

શરિર પ્રજાળ્યું જોગથી, તપે દુખે દેહી;
છો તે કિયે દુખે દૂબળા, મારા પૂર્વ સનેહી. ગોવિંદે.

કે શત્રુ કોઇ માથે થયો, ઘણા દુઃખનો દાતા;
કે કાંઇ ચોરીયે ગયું, તેણે નથી સુખ શાતા. ગોવિંદે.

કાંઇ પાત્રમાત્ર કને નહિ, આવ્યા તુંબડું લેઇ;
વસ્ત્ર નથી કાંઇ પહેરવા, મારા બાળ સનેહી. ગોવિંદે.

કે સુખ નથી સંસારનું, કાંઇ કરમને દોષે;
ભાભી અમારાં વઢકણાં, તે શું લોહિડું શોષે. ગોવિંદે.
કે શું ઉદર ભરાતું નથી, તેણે સુકી દેહી;
એ દુઃખમાં કિયું દુઃખ છે, મારા પૂર્ણ સનેહી. ગોવિંદે.
પછી સુદામોજી બોલિયા, પ્રભુને શીશ નામી;
તમારૂં અજાણ્યું કાંઇ નથી, છો અંતરજામી. ગોવિંદે.
અમને તો દુઃખ વિજોગનું, નહીં પ્રભુજી પાસે;
આજ હરી હુંને જો મળ્યા, પિંડ પુષ્ટજ થાશે. ગોવિંદે.

પ્રેમાનંદ.

સુદામા ચરિત્ર કડવું ૧૦ મું.

પછિ શામળિયો બોલિયા, તને સાંભરે રે;
હાંજી નહાનપણાની પેર, મને કેમ વીસરે રે.
આપણ બે મહિના પાસે રહ્યા, તને સાંભરે રે;
હાંજી સાંદિપ રૂષિને ઘેર, મને કેમ વીસરે રે.
અન્ન ભિક્ષા માગી લાવતા, તને સાંભરે રે;
હાંજી જમતા ત્રણે ભ્રાત, મને કેમ વીસરે રે.
આપણ સુતા એક સાથરે, તને સાંભરે રે;
સુખ દુખની કરતા વાત, મને કેમ વીસરે રે.
પાછલી રાતના જાગતા, તને સાંભરે રે;
હાંજી કરતા વેદની ધુન્ય, મને કેમ વીસરે રે.
ગુરૂ આપણ ગામ ગયા, તને સાંભરે રે;
હાંજી જાચવા કોઇકને મુન્ય, મને કેમ વીસરે રે.

કામ દીધું ગોરાણિએ, તને સાંભરે રે;
કહ્યું લઇ આવોને કાષ્ઠ, મને કેમ વીસરે રે.

શરીર આપણાં ઉકળ્યાં તને સાંભરે રે;
હાંજી માથે તપ્યો અરીષ્ટ, મને કેમ વીસરે રે.

સ્કંદે કુહાડા ધર્યા, તને સાંભરે રે;
ઘણું દૂર ગયા રણછોડ, મને કેમ વીસરે રે.

આપણે વાદ વધો ત્રણ બાંધવે, તને સાંભરે રે;
હાંજી ફાડયું મોટું ખોડ, મને કેમ વીસરે રે.

ત્રણે ભારા બાંધ્યા દોરડે, તને સાંભરે રે;
હાંજી આવ્યા બારે મેહ, મને કેમ વીસરે રે.

શીતળ વાયુ વાયો ઘણો, તને સાંભરે રે;
ટાઢે થરથર ધ્રુજે દેહ, મને કેમ વીસરે રે.

નાદયે પૂર આવ્યું ઘણું, તને સાંભરે રે;
ઘન વરસ્યો મુસળધાર, મને કેમ વીસરે રે.

એકે દિશા સૂજે નહિં, તને સાંભરે રે;
થયા વીજતણા ચમકાર, મને કેમ વીસરે રે.

ગુરૂજી ખોળવા નીસર્યા, તને સાંભરે રે:
કહ્યું સ્ત્રીને કીધો તેં કેર, મને કેમ વીસરે રે.

આપણને રૂદિયામાં ચાંપિયા, તને સાંભરે રે;
પછે તેડીને લાવ્યા ઘેર, મને કેમ વીસરે રે.

ગોરાણી ગૌ દોતાં હતાં, તને સાંભરે રે;
હતી દોણી માગ્યાની ટેવ, મને કેમ વીસરે રે.

મેં નિશાળેથી કર વધારિયો, તને સાંભરે રે;
હાંજી આણિ દીધા તતખેવ, મને કેમ વીસરે રે.
જ્ઞાન થયું ગુરૂ પત્નિને, તને સાંભરે રે;
તમને જાણ્યા જગદાધાર, મને કેમ વીસરે રે.
ગુરૂ દક્ષણામાં માગિયું, તને સાંભરે રે;
હાંજી મૃત્યુ પામ્યો જે કુમાર, મને કેમ વીસરે રે.
મેં સાગરમાં ઝંપાવિયું, તને સાંભરે રે;
તમે શોધ્યાં સપ્ત પાતાળ, મને કેમ વીસરે રે.
હું પાંચજન્ય શંખ લાવિયો, તને સાંભરે રે;
હાંજી દૈત્યનો આણ્યો કાળ, મને કેમ વીસરે રે.
સંજમની પુરિ હું ગયો, તને સાંભરે રે;
પછે આવિ મળ્યો જમરાય, મને કેમ વીસરે રે.
પુત્ર ગોરાણિને આપિયો, તને સાંભરે રે;
હાંજી પછે થયા વીદાય, મને કેમ વીસરે રે.
આપણે તે દિનથિ જુદા પડ્યા, તને સાંભરે રે;
હાંજી ફરિને મળિયા આજ, મને કેમ વીસરે રે.
હું તુજ પાસે વિદ્યા ભણ્યો, તને સાંભરે રે;
મને મોટા કર્યો મહારાજ, મને કેમ વીસરે રે.

વલણ.

મહારાજ લાજ નિજ દાસનિ, વધારો છો શ્રી હરી;
પછી દરિદ્ર ખોવા દાસનાં, સૌમ્ય દૃષ્ટિ શામે કરી.

પ્રેમાનંદ.

દેશાભિમાન.

જય જય ગરવી ગુજરાત!
જય જય ગરવી ગુજરાત!
દીપે અરૂણું પરભાત,
ધ્વજ પ્રકાશશે ઝળળળ કસુમ્બી, પ્રેમશૌર્ય અંકીત,
તું ભણુવ ભણુવ નિજ સંતતિ સૌને, પ્રેમ ભક્તિની રીત—
ઉંચી તુજ સુંદર જાત
જય જય ગરવી ગુજરાત.
ઉત્તરમાં અમ્બા માત,
પૂરવમાં કાળી માત.
છે દક્ષિણુ દિશમાં કરન્ત રક્ષા, કુન્તેશ્વર મહાદેવ;
ને સોમનાથને દ્વારકેશ એ, પશ્ચિમ કેરા દેવ—
છે સહાયમાં સાક્ષાત,
જય જય ગરવી ગુજરાત.
નદી તાપી નર્મદા જોય,
મહીને બીજી પણુ જોય.
વળી જોય સુભટના શુદ્ધ રમણુને, રત્નાગર સાગર;
પર્વત ઉપરથી વીર પૂર્વજો, દે આશિશ જયકર—
સંપે સ્હોયે સૌ જાત,
જય જય ગરવી ગુજરાત.
તે અણ્હિલવાડના રંગ,
તે સિદ્ધરાજ જયસિંગ.

તે રંગ થકી પણ અધિક સરસ રંગ, થશે સત્વરે માત;
શુભ શુકન દીસે મધ્યાન્હ શોભશે, વીતી ગઇ છે રાત—
જન ઘુમે નર્મદા સાથ,
જય જય ગરવી ગુજરાત.

નર્મદાશંકર.

પ્રેમાંશી આત્મા.

જે કોઈ પ્રેમ અંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે. ટે
સિંહણ કેરૂં દુધ હોય તે, સિંહણ સુતને જરે;
કનકપાત્ર પાખે સહુ ધાતુ, ફોડીને નીસરે. જે
સકરખોરનું સાકર જીવન, ખરના પ્રાણ જ હરે;
ક્ષારસિંધુનું માછલડું જ્યમ, મીઠા જળમાં મરે. જે
સોમવેલિ રસપાન શુદ્ધ જે, બ્રાહ્મણ હોય તે કરે;
વગળવાંશને વમન કરાવે, વેદવાણી ઉચરે. જે
ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદાપ અર્થ ના સરે;
મત્સ્ય ભોગી બગલો મુક્તાફળ, દેખી ચંચુ ના ભરે. જે
એમ કોટિ સાધને પ્રેમ વિના, પુરૂષોત્તમ પૂંઠ ન ફરે;
દયા પ્રીતમ શ્રી ગોવરધનધર, પ્રેમ ભક્તિયે વરે. જે

દયારામ.

નૂતન વર્ષ.

ગરબી. આજ દિવસ અનુપ આનન્દનો રે લોલ
ગાઓ સુસ્વર મધુર કંઠ,

ભગિની બન્ધુઓ રે લોલ!
દૂર, દૂર, વાદ્ય દિવ્ય વાગિયાં રે લોલ. ૧

(સાખી) વાગે અનુપમ વાંસળી હેમાં એક અમૂલ,
વગાડનારો વિશ્વમાં સંતાઈ રહ્યો કો ગૂઢ;

(મૂળ ચાલ) ભગિની બન્ધુઓ રે લોલ!
દૂર, દૂર, વાગતી એ વાંસળી રે લોલ. ૨
વાંસળી તણા સુરો ઉરે ભરીરે લોલ,
એક તાન થઈ મચાવી ગાન,
ભગિની બન્ધુઓ રે લોલ!
દિવ્યવાદ્ય સાથ સુર મેળવો રે લોલ. ૩

(સાખી) કાળી રજની જો ટળી, ઉષા હસે શાં હાસ!
ફૂલડાં વેરી આંગણે ઉભી રમવા અલૌકિક રાસ;

(મૂળ ચાલ) ભગિની બન્ધુઓ રે લોલ!
દિવ્ય રાસ સંગ તાલ સાચવો રે લોલ! ૪

(સાખી) અણુગણુ યુગનાં પગથિયાં ચઢિયા આપણુ કાંઇ,
ચઢવાં હજી બાકી ઘણાં, બળ અભિનવ પ્રેરે માંહિ.

(મૂળ ચાલ) ભગિની બન્ધુઓ રે લોલ!
દિવ્ય વાદ્યના સુરો મનોહરારે લોલ. ૫

(સાખી) રગ રગ એ ઉત્સાહ બળ વ્હેતું રહો ચિરકાળ;
ડગડગ કામ ધરી રમો રાસ યુવતિ, યુવક, વૃદ્ધ બાળ.

(મૂળ ચાલ) ભગિની બન્ધુઓ રે લોલ!
દિવ્ય ગાન એ સમીપ આવિયાં રે લોલ. ૬

(મૂળ ચાલ) સુદિન આજ આ અકથ આનંદનો રે લોલ,
એક સુરે ગાઓ મધુર ગાન,

ભગિની બન્ધુઓ રે લોલ!
દિવ્ય વાદ્ય સંગ સુરો મેળવી રે લોલ. ૭

નરસિંહરાવ.

ઉષા.

(સાખી—ગઝલ.)

સનાતન યૌવને રાતી હસું આનંદ હું લ્હાતી.
આનંદ કુસુમ વીણતી દિવ્ય ઉપવનની માંહિ,
ને કુસુમો એ વેરતી મર્ત્ય લોકમાં કાંઈ;
કુસુમ વેરી મનુજ લોકે સુખ સુગંધે ભરૂં થોકે,
કૃતિએ ઉદારને યોગે મધુર ગાન હું રહું ગાતી. સના.
મુજ પ્રિય રાત્રના ઉર મહિં દિનભર રહું લપાઈ,
સંધ્યા રૂપ ધરી ફરી સુઉ ઉદધિની માંહિ;
સ્તુતિ રવિનાથની સંગે ઉઠું વ્હેલી કંઈ ઉમંગે,
ગગનનું આંગણું રંગે પૂરૂં હું કાંઇ મલકાતી. સના.

નરસિંહરાવ.

સહસ્રલિંગ તળાવના કાંઠા ઉપરથી પાટણ.

અહિંયાં સહસ્રલિંગ તળાવ વિશાળું હતું,
અહિંયાં પાટણ જૂનું અહિંઆ લાંબુ સૂતું;
અહિંયાં રાણીવાવતણાં આ હાડ પડેલાં,
મ્હોટાં આ અહિં બુરજ મળ્યા માટીના ભેળા.
એમ દઇ દઇ નામ કરવી રહી વાતો હાવાં,

પાટણપુરી પુરાણુ! હાલ તુજ હાલજ આવા!
ગુજરાતનો પૂત રહી ઉભો આ સ્થળમાં,
કોણે એહવો જેહ નયન ભીંજ્યાં નહિં જળમાં?
જળ નિર્મળ લઈ વહે કુમારિ સરિતા પેલી,
ન્હાસે, પાસે ધસે, લાડતી લાજે ઘેલી;
ઇશ્વિર કરુણા ખરે, વહી આ નદીસ્વરૂપે,
સ્મિત કરી પ્રીતિભરે, ભરે આલિંગન તુંપે.
તુંપે પાટણ! દયા ધરંતી એ સૂચવતી,
ભલે કાળની ગતિ, મનુજ કૃતિને ખૂઝવતી;
મુજ પ્રેમસરિતપૂર વહ્યું જાશે અણખૂટ્યું,
છો ધન વિભવ લૂંટાય, ઝરણ મુજ જાય ન લૂંટ્યું.
તોડી પર્વતશંગ મનુજ મદભરિયો મ્હાલે,
જાણે નિજ કૃતિ અમર, ગળે કાળજ તે કાળે.
ને મુજ તનકું ઘડયું કોમળું પાણી પોચું,
તતો તેમનું તેમ રહે યુગ અનંત પ્હોંચ્યું.

નરસિંહરાવ.

૫૬.

વૈષ્ણવ જન તો ત્હેને કહીએ, જે પીડ પરાઇ જાણે રે;
પર દુઃખે ઉપકાર કરે તે, મન અભિમાન ન આણે રે.
સકળ લોકમાં સહુને વંદે, નિંદા તે ન કરે કેની રે;
વાચ કાચ મન નિશ્ચલ રાખે, તો ધન્ય જનની ત્હેની રે.
સમ દૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પર સ્ત્રી જેને માત રે;
જીવ્હા થકી અસત્ય ન બોલે, પરધન ન ઝાલે હાથ રે.

મોહ માયા વ્યાપે નહિ તેને, દઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામ નામ શું તાળી રે લાગી, સકળ તીરથ ત્હેના તનમાં રે.
વણ લોભી ને કપટ રહીત છે, કામ ક્રોધને નિવાર્યા રે;
ભણે નરસૈંયો ત્હેનું દરશન કરતાં, કુળ ઇકોતેર તાર્યા રે.

પદ.

જે ગમે જગતગુરૂ દેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો;
આપણો ચિંતવ્યો, અર્થ કાંઇ નવ સરે, ઉગરે એક ઉદ્યોગ ધરવો.
હું કરૂં હું કરૂં એજ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે;
સૃષ્ટિ મંડાણ છે સર્વ એણી પેરે, જોગી જોગેશ્વરા કોઇક જાણે.
નીપજે નરથી જો, કોઇ ના રહે દુઃખી, શત્રુ મારીને સૌ મિત્ર રાખે;
રાયને રંક કોઇ દષ્ટ આવે નહિં, ભવનપર ભવનપર છત્ર દાખે.
ઋતુ લતા ફળ ફુલ આપે થયા, માનવી મુર્ખ મન વ્યર્થ શોચે;
જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું તેહને તે સમે તેજ પ્હોચે.
સુખ સંસારી મિથ્યા કરી માનજો, કૃષ્ણ વિના બીજું સર્વ કાચું;
જુગલ કરી જોડી કર નરસૈંયો એમ કહે, જન્મ પ્રતિ જન્મ હરિનેજ જાચું.

આર્તનો પુકાર.

દુરિત કૂપે પડયો હું હે જગત્ ત્રાતા!
લોભન લતા નીરખી મુજ પાગ ચૂકયો.
દુરિત કૂપે. ૧

શ્રવણ ન ધરી તુજ વાણી મંગલ,
કૂપ મુખ અંધ બની ચરણુ મુક્યો.
દુરિત કૂપે. ૨

કરુણ રુદન સુણી તાત ! ઉગારો,
નીરખવા દિવ્ય પ્રભા હું અતિ ભુખ્યો.
દુરિત કૂપે. ૩

નરસિંહરાવ.

દુઃખિયાંનાં બેલી.

ધા સુણિયે દુઃખીયાની વ્હાલાં ! બંધુ બનિયે.
બંધુ બનિયે રે ! એનાં બેલી બનિયે,
એકજ જનનીનાં જાયાં,—
એકજ શિરછત્ર છવાયાં—
રંક ભાંડુના રખવાળાં લેઇયે !
બેલડીયાં બાંહ્ય બરોબર—
સ્હેવા સર્જ્યાં શું સહોદર ?
દુઃખે દુઃખિયારાં આળાં અંતર ચાંપિયે !
દુખિયાનાં ફેડી બન્ધન—
રચિયે ઉર-આંગણુ નન્દન;
દીનને આગણુ દયા સાગર રેલિયે !
દુઃખિયાનાં દેવ સહાયક;
દીનનાં તો સંતન સેવક;
રંકને પગલે પ્રભુ-લીલા ન્યાળિયે !
સૈયારિ મીજલસ ભરિયે

હૈયાને હેલે ચઢિયે
વિભુના વ્હાલપનાં રૂડાં જ્યોતિ વન્દિયે
ધા સુણિયે.

લલિત.

વ્હાલાંઓને ઉપદેશ.

સાંભળજો વ્હાલાંઓ! વચનો દીનનાં;
દીનપણું છે પરમ દયાનું પાત્ર જો!
મોટો એ અધિકાર તમારો માનવી;
અધિકારી છો જેનાં માનવ માત્ર જો!
એક પિતા પરમેશ્વર જાણો આપણો;
નિકટ સગાંઓ સમજો ભાઇ બહેન જો!
નીકો ન્હાની મોટી જે જીવો તણી;
વહતું તેમાં એક અખંડિત વહેન જો!
હસનારાંઓ સાથે હસવું ઘટે;
રડનારાંની સાથે રડવું તેમ જો!
એક બીજાંનાં આસુડાંઓ લૂછતાં;
ઊંચાં ચડશો સ્ત્રી પુરૂષ સૌ એમ જો!
ભૂતદયા છે ધર્મ બધાના મૂળમાં;
સઘળાંએ સન્તોનો એ ઉપદેશ જો!
દિવ્ય દયા સાગર, યાચંતાં આપ જો;
દીનજનોને અમને, એનો લેશ જો!

મણિશંકર.

ઉદ્‌બોધન.

ગરબી. જાગો ભારત સંતાન ! બન્ધુ હો ! જાગો હવે તો;
ઊગ્યો વિમળ સત્ય ભાણુ, બન્ધુ હો ! જાગો હવે તો; ✓
જાગો ભારત સંતાન !

સાખી. પડયા ઘોર નિદ્રા વિશે, વીત્યાં વર્ષ અસંખ્ય;
મૃતસમ પડિયા બન્ધુઓ ! નવજીવન લ્યો નિઃશંક;
બન્ધુ હો ! જાગો હવે તો !
જાગો, ભારત સંતાન ! ૧

નિદ્રિત દેખી આવી ત્હાં રૂઢિ રાક્ષસી ક્રૂર;
બાંધ્યાં બન્ધન ઝકડીને, લીધું ચોરી જીવન નૂર; ✓
બન્ધુ હો ! જાગો હવે તો !
જાગો, ભારત સંતાન ! ૨

તોડો બન્ધન બળ કરી, આળસ મરડી અંગ;
જીવન માર્ગે સંચરો ધરી અભિનવ વિરલ ઉમંગ;
બન્ધુ હો ! જાગો હવે તો !
જાગો, ભારત સંતાન ! ૩

બન્ધુ ભાવ સહુ આર્યમાં પ્રગટે કહો શી પેર ?
હૃદય હૃદય જ્યહાં વ્યાપિયું દુષ્ટ જાતિભેદનું ઝેર; ✓
બન્ધુ હો ! જાગો હવે તો !
જાગો, ભારત સંતાન ! ૪

ભેદ ન જોતા આર્ય જન પુરાણુ ભારત માંહિં,
ગુણુ કર્મે વર્ગો રચ્યા, તોય બન્ધુવર સ્થિર ત્યાંહિં;

બન્ધુ હો ! જાગો હવે તો !
જાગો, ભારત સંતાન. ૫
ભેદ તજો, સંપજ સજો, ભજો એક ભગવાન,
ધર્મ પથે સ્થિર હજો, તો પામીશું પુણ્યનું સ્થાન;
બન્ધુ હો ! જાગો હવે તો !
જાગો ! ભારત સંતાન ! ૬
નિન્દા કરશે નિન્દકો, નવ ધરશો તે ધ્યાન,
સત્ય તણો ધ્વજ ધારીને કરો જીવનરણમાં પ્રયાણ;
सत्यमेव जयते ગજવજો,
શૂરાં ભારત સંતાન ! ૭

નરસિંહરાવ.

અમે.

અમે દિવ્ય ગીતો ગાનારા, સ્વર્ગીય અમારો સૂર;
અમે પીયુષ પી પાનારા, કંઇ સ્વર્ગ તણું સુમધુર.
અમે દિવ્ય ઝરણ ન્હાનારા, દાખવતા નવલું નૂર;
અમે કુદરતને ચ્હાનારા, અમે ઘડી ન રહિયે દૂર.
અમે એકાંતે જઇ વસિયે, કરવા કુદરતનું ગાન;
અમે ધાંધળમાં પણ ધસિયે, ધરવા દુનિયાનું ધ્યાન.
જગ વસિયે, જગથી ખસિયે, કસિયે અમ ઉરની તાન !
અમે કદી કદી ખુબ હસિયે, કદી રડી દઇયે સહુ પ્રાણ !
અમે અંધારામાં ઉડિયે, બુલબુલ શું ગાતા ગીત;
અમે રસસાગરમાં બુડિયે, બુડતા તરતા શુભ રીત.

કદી મેઘ સમાન ગડુડિયે, કદી શાંતિ ધરિયે શીત;
અમે સત્ય બધે બધ ઢુંઢિયે, છે સત્ય અમારી પ્રીત.

અમે સરિતાકાંઠે[1] બેશી, કરિયે ઘડી કૈંક પસાર;
અમે સાગરહૃદયે પેશી, ભરિયે અમ રત્નપટાર;

આકાશ પતાળ પ્રવેશી, કરિયે સ્વચ્છંદ વિહાર;
અમે સર્વ ખલકના ખેશી, વળી સેવક ને સરદાર!

અમે સૂરજ સાથે ફરિયે, કદી ચંદાનો ધરી હાથ;
કદી તારકમાંહિં[2] વિચરિયે, કદી ભીડિયે નભશું[3] બાથ.

કદી સખી ઉષાને[4] કરિયે, કદી રમિયે સંધ્યા સાથ;
અમે વિશ્વ બધું ઉર ભરિયે, છે સ્હાય ત્રિભુવનનાથ!

અમે આશ નિરાશે જડિયે, આંસુ ઝરતો અમ પ્રેમ;
અમે સુખને દુ:ખમાં ઘડિયે, અમે દુ:ખને ગણિયે ક્ષેમ!

છાયા તજી તડકે પડિયે, અકળિત અમ ઉરની નેમ;
અમે હસતા હસતા રડિયે, વળી રડતા હસિયે તેમ!

અમે રસ ઝરતા ફુંવારા, અમે તેજભર્યા ભવ્ય ભાણ[5];
અમે ઝગઝગતા જગતારા, અમે ચૌદે રત્નની ખાણ.

જગમાં ને જગથી ન્યારા, માનુષી ને દૈવી પ્રાણ;
અમે અણગમતા ગમનારા, અમે જાણીતા અણજાણ!

અમને નહિ દેશો દોષો, અમે કુદરતનાં હથિયાર.
અમે તો કુદરતના કોષો, ભવરણશીંગાં ફુંકનાર!

---

૧ નદી કિનારે. ૨ તારાઓમાં. ૩ આકાશ સાથે. ૪ પ્રભાત (Dawn) ને. ૫ સૂર્ય.

કદી હસશો કદી રોશો, અમે ભાવિદર્પણકાર;
અમ હૃદય અજબ કંઈ જોશો અમે એક અનેક પ્રકાર!

ખબરદાર.

મઢૂલી.

મઢૂલી મઝાની પેલે તીરઃ સન્તો વ્હાલાં!
અનેરી અમારી એ લગીર! ધ્રુવ૦
વૃક્ષો વેલડીયોવાળાં: કુમળાં ફુલફુલ રસાળાં:
લઇ જાઓ લ્હાણું એ લગીર! સન્તો૦
સામે સંસારી વિલસે વચ્ચે જીવન સરિતા વ્હેઃ
રેલવિયે ત્યાં રસરંગ લગીર! સન્તો૦
મનની કંઈ મોજ મઝાઓ: ઉર સહૃદયનો કાંઇ લ્હાવો:
લેવાને આવજો લગીર! સન્તો૦
ઉડવાય સફર સૈયારી—સુખ દુઃખની કંથા ધારીઃ
આનન્દ ઓર એ લગીર! સન્તો૦
લગની સ્હેવા સ્હાવાની: ગીતડાં વિભુનાં ગાવાની
લાગે તે આવજો લગીર! સન્તો૦

લલિત.

શિકારીને.

રહેવા દે! રહેવા દે! આ સંહાર યુવાન તું,
ઘટે ના ક્રૂરતા આવી, વિશ્વ આશ્રમ સન્તનું;

પંખીડાં, ફુલડાં રૂડાં, લતા આ ઝરણાં, તરૂ,
ઘટેના ક્રૂર દૃષ્ટિ ત્યાં, વિશ્વ સૌન્દર્ય કુમળું;
તીરથી મારવા પક્ષી, વ્યર્થ આ ક્રૂરતા મથે,
તીરથી પક્ષી તે ના ના, કિન્તુ સ્થૂળ મળી શકે.
પક્ષીને પામવાને તો, છાનો તું સુણ ગીતને,
પક્ષી હ્‌નેના પ્રભુ સાથે, હૈયામાં મળશે ત્‌હને.
સૌન્દર્યો વેડફી દેતાં, ના ના સુંદરતા મળે,
સૌન્દર્યો પામતાં પહેલાં, સૌન્દર્ય બનવું પડે.
સૌન્દર્ય ખેલવું, એતો, પ્રભુનો ઉપયોગ છે,
પોષવું પૂજવું એને, એ એનો ઉપભોગ છે.
રહેવા દે! રહેવા દે! આ સંહાર યુવાન તું,
બધે છે આર્દ્રતા છાઈ, ત્‌હેમાં કૈ ભળવું ભલું.

કલાપી.

એક ઘા.

(મંદાક્રાંતા.)

તે પંખીની ઉપર પથરો ફેંકતાં ફેંકી દીધો!
છૂટ્યો તેને અરરર! પડી ફાળ હૈયા મહિં તો!
રે રે લાગ્યો દિલ પર અને શ્વાસ રૂંધાઇ જાતાં
નીચે આવ્યું તરુ ઉપરથી પાંખ ઢીલી થતાંમાં.
મેં પાળ્યું તે તરફડી મરે હસ્ત મહારાજથી આ
પાણી છાંટ્યું દિલ ધડકતે ત્‌હોય ઉઠી શક્યું ના
ક્યાંથી ઉઠે? જખમ દિલનો ક્રૂર હસ્તે કરેલો

ક્યાંથી ઉઠે ! હૃદય કુમળું છેક તેનું અહોહો !
આહા ! કિન્તુ કળ ઉતરીને આંખ તો ઉઘાડીએ,
મૃત્યુ થાશે ! જીવ ઉગરશે ! કોણ જાણી શકે એ !
જીવ્યું આહા ! મધુર ગમતાં ગીત ગાવા ફરીને,
આ વાડીનાં મધુર ફળને ચાખવાને ફરીને.
રે રે ! કિન્તુ ફરી કદિ હવે પાસ મ્હારી ન આવે,
આવે ત્હોયે ડરી ડરી અને ઇચ્છતું ઉડવાને;
રે રે શ્રદ્ધા ગત થઇ પછી કોઇ કાલે ન આવે !
લાગ્યા ઘાને વિસરી શકવા કાંઇ સામર્થ્ય ના છે !

કલાપી

કાળચક્ર.

મહાનદીનો ઓઘ ધુઘવતો ચાલ્યો જાએ,
કાળચક્રનો ત્યહાં પડે ચીલો ન જરાએ;
ગગન ચુમ્બી ગિરિરાજ ઘડયો કહુણ પથરાએ,
કાળતણું ત્હાં ચક્ર ઘસાઇ ખાંડું થાએ.
ધ્યાન ધરતો ઉંડું પડયો નભભણી નિહાળે,
સિન્ધુરાજ ગંભીર ઘોષ કરતો કંઇ મ્હાલે:
કાળચક્ર જે ઘુમે ન્હાનું શું ત્હેની નજરે,
હસી મંદ તે ભણી લગીરે મન તે ન ધરે.
ને છેદી ગિરિશીશ ચણે મંદીર મ્હોટાં જે,
નિજ આજ્ઞા અનુસાર ખેંચી નદીઓને ગાજે;
નાચે સાગર પીઠે ન જાણી મહિમા ત્હેનો,
એસી કાયલા માંહી જગત ધણી માનવ તે તો.

તે તો માનવરાજ ઘુમે જે ગ ભરિયો,
લઇ મંદિર નિજ સાથ સાથ લઇ નાવ નગરિયો;
ચક્ર અડંતાં વાત કાળતણું થાએ ચૂરો,
ને જાણ્યું નવ જાય જાય ક્યાં ઉડી શૂરો.

નરસિંહરાવ.

કડવું ૨૪ મું નળાખ્યાન.

બ્રહદશ્વ કહે છે વચન, સાંભળ સ્વયંવરનું વરણન;
પડો સાંભળ્યો સરવે રાતે, ઊઠયા ઉજમ થતે પ્રભાતે.
શીઘ્ર જઇયે વર્યાની તકે, તેડું મોકલ્યું રાય ભીમકે;
નહિ અતિકાળ કીધાનું કામ, નહિ મળે બેસવાનો ઠામ.
ભીડ ભરાઇ ગામ ભાગળથી, રંક રાય જાય આગળથી;
મળે શુકન તે સામાં તેડે, શુકન વંદિ શીઘ્ર રથ ખેડે.
કરે તિરસ્કાર સેવક પર રીસ, પડે મુગટ ઉઘાડે શીશ;
જાય અસ્વાર બહુ અલબેલા, દીસે છે જેમ જળના રેલા.
રાય રથ માંહોમાંહી અડકે, ત્રાટે હસ્તી ને ઘોડા ભડકે;
બેઠા અસ્વાર પડે નીસરી, તેહ મળે કહીંક જઇ ફરી.
વાહન પડયા ચાલ્યાનિ છબ, ચરણ રેણું ગ્યો છાયો નભ;
ત્યાંતો થઇ રહ્યું અંધારૂં ઘોર, પડિ રહ્યો છે સોરાસોર.
બોલે દુંદુભીના બહુ ડંકા, અકળામણના વળ્યા અંકા;
સઉને દમયંતીનું ધ્યાન, પ્રાણિ માત્ર વર નહિ કો જન.
સ્વયંવર જોવા કારણે, પ્રજા મળિ મંડપ બારણે;
દ્વારે ઉભા છે જોષ્ટિકાદાર, તેડે જેને જેવો અધિકાર.
ડાહ્યા થઇ મંડપમાં પેસે, વાંચિ નામ ને આસને બેસે;
એક મંત્રિ સેવકને ખવાસ, ત્રણ ત્રણ સેવક રાય પાસ.

કોણ મંડપ કેરી રચના, વરણવિ શકે એક રસના;
કદળી-સ્થંભ રોપ્યા દ્વાર, માંડયાં આસન હારોહાર.
જશ ગીત બંદીજન બોલે, ઉનમત્ત ત્યાં મેગળ ડોલે;
નાના વિધ ચિતર ચીતરિયાં, જાણે દેવવૃંદ ઊતરિયાં.
ઉડે અબિર ગુલાલના છંટા, વાજે ઢોલ ને ઘુંઘર ઘંટા;
બેઠા મંડપમાં મહામૂતી, લાગિ વેદ શાસ્ત્રની ધૂની.
જટિલ જોગી બેઠા પાવન, રાયના ભાટ ભણે બાવન;
રાયને છત્ર ચમર શિર ઢળે, મુગટે મણિ બહુ જળાહળે.
અગર ધૂપ સુગંધ ઉવેખે, થાય વાજિત્ર નાદ અલેખે;
નટવા ત્યાં કરે છે નૃત્ય, ફરે ફૂદડિ કાઢે શૃત્ય.
બોલે ઘૂઘરિના બહુ રણકા, ગર્વ-ઘેલી નાચે ગુણકા;
પગનિ પાનિયે શોભે ઘરા, વાજે કંકણને ઘૂઘરા.
ગીત ગાય કોકીલા સ્વરા, અનંગ વધારે છે અપસરા;
જાણે સુરપુર મંડપ-ધરા, નાચે નારી નરચિત્ત હરા.
ભિમક ભુપને દેછે માન, આવિ રહ્યા સહુ રાજાન;
વસ્ત્ર કેસરમાં ઝકઝોળ, બેઠા આસને ચાવે તંબોળ.
વર થઈ બેઠા પ્રાણી માત્ર, સમાં કરે છે વરૂઆં ગાત્ર;
શરિરે ક્ષત કાષ્ટના ખોડ, તેને દમયંતિ વરવાના કોડ.
બાળ યૌવન ને વળિ વૃદ્ધા, તેને દમયંતિ પરણ્યાનિ શ્રદ્ધા;
કો કહે મોટા કુળના કુંવર, કો કહે આધ તમારૂં ઘર.
આશા અભિમાને ભરિયા નર, ઘરડા થઇ બેઠા નહાના વર;
વાંકા મુગટ મુક્યા શિરપર, વતાં કરાવતાં વાગ્યા છર.
તનમન કન્યાને અરપણ, સુખથિ ટાળે નહિ દરપણ;
કેટલા કરે તિલકની રેખા, કેટલા માંહોમાંહિ અદેખા.

કેટલા કરે છે પૂછાપૂછ, હું કેવો છું મરડે મૂછ;
જેના મુખમાંહિ નહિ દંત, તેને દમયંતિ પરણ્યાનું ચંત.
કેટલાં વૃદ્ધને ડાચાં મળિયાં તે તો બેઠા ચુંટાવે પળિયાં;
જોશિની પરણીપત કરી, દેખાડે હાથ જન્મોતરી.
જો દમયંતિ મુજને પરણે, જોશિ ! લાગું તમારે ચરણે;
જેનાં બેશિ ગયાં ગળસ્થળ, મુખમાં રાખે બખે ફોફળ.
અને ઉંચા કરે ગાલોઠા, જુએ કાચલાં સરખાં ચોટા;
એમ આશા પૂરણ સર્વે કોય, કન્યા તો વાટ નળની જોય.

વળણ.

વાટ જુએ છે નળતણી, દાસીને કહે છે સતી;
હું સ્વયંવરમાં પછી આવું, પ્રથમ આવે નૈષધપતીરે.

કડવું ૩૧ મું. નળાખ્યાન.

મોસાળ પધારોરે બાળક બાળુંડા રે, માહારાં લાડકવાયાં બે બાળ.
નમાયાં થઇ વર્તો રે, સેહેજો મામામામીની ગાળ. મોસાળ.
રૂદયામાં ચાંપેરે, પેટને છેલું વેલું લાડ;
હવે મળવાં દોહલાં રે, માળયે તો પ્રભુજીનો પાડ. મોસાળ.
થયાં માતા વોણા રે, નહિ કોઇ રહે રૂડો સાથ;
રોશે હઇયું ફાટતે રે, હવે કોણ ફેરવશે હાથ. મોસાળ.
ગુરૂ સુદેવજી રે, તમારે, ખોળે છે રે તન;
કહેજો મુજ માતને રે કરે જીવની પેરે જતન. મોસાળ.
પુત્રિ જમાઇએ રે, કહેજો વનમાં પૂર્યો વાસ;
કહેજો મુજ તાતને રે, લે ।વજોગીનો તપાસ. મોસાળ.

ચુંબન કરી માવડી રે, ફરી ફરી એ મુખ જોય;
હઇયેથી ન ઉતરે રે દમયંતિ રાણી રોય. મોસાળ.

પ્રેમાનંદ.

કડવું ૫૮ મું. નળાખ્યાન.

બાહુકે દીઠાં બાળકાં, ઉલટયું અંતઃકરણ;
દાંમણાં મારાં બાળકાં, દેખિને આવે મરણ. બાહુકે.
કલ્પાંત કીધું કળજુગે, બાળ વરત્યાં મોસાળ;
કોણ કૃત્ય મેં આચર્યો તજ્યાં અંતરિયાળ. બાહુકે.
સંજોગ સાગર ઉલટયો, નેણ વર્ષા સમાન
આલિંગન દેવા સુતને, નળે કીધી સાન. બાહુકે.
મળવાને તેડયાં મીઠડાં, કર લાંબા કિધા ઇશ;
છળ્યાં બિહીનાં છોકરાં, પાડે ચીસે ચીસ. બાહુકે.
દાસિયે રૂદયાશું ચાંપિયાં, બાહુકને કરિ તિરસ્કાર;
રહેવા દે તારૂં રમાડવું, રૂએ રાજકુમાર. બાહુકે.
બાહુક કહે એ બાળને, સાંઇ દેવાનો સ્નેહ;
નારે ભાઇ થાય ભેટતાં, કાળિ કુંવરનિ દેહ. બાહુકે.
છે છત્રપતિનાં છોકરાં, મળવા ક્યમ થયું મન;
શે દુખે થાયે ગળગળો, રોઈ ફુટશે લોચન. બાહુકે.
બાહુક વળતો બોલિયો, મારે બાળનિ જોડ;
આ દેખિને તે સાંભર્યાં, થયો રમાડવા કોડ. બાહુકે.
દાસિયે કહ્યું દમયંતિને, બાજ્ય બાહુકનિ વાત;
આશ્ચર્ય દીઠું અતિઘણું, કાળો કરે આંસુપાત. બાહુકે.
દમયંતિ પૂછે ભિખકને, બાહુકમાં નળનિ ભ્રાંત;

આજ્ઞા હોય તો એહને, તેડી પૂછું એકાંત. બાહુકે.
ભીમક કહે સુતા સતી, તને શી કહું શીક્ષા;
બોલાવો સુખે બાહૂકને, કરો નળની પરીક્ષા. બાહુકે.
વૈદર્ભિ આવ્યાં અંતઃપુરે, જ્યાં પોતાનિ મેડી;
દીધી આજ્ઞા દાસિને, લાવો બાહુકને તેડી. બાહુકે
શીઘ્ર આવી સાહેલડી, અંતરમાંહિ ઉલાસ;
ઉઠો બાહુકજી ઉતાવળા, દમયંતનિ પાસ. બાહુકે.
રાયજી વળતો :બોલિયો, હું છું દીન કંગાલ;
વરવા સાથે વૈદર્ભિને, વાત કર્યાનું શું વહાલ. બાહુકે.
સોમવદની સુંદરી, સારંગ નયનિ સુજાણ;
વાત કરંતાં બ્રહ્મચ ભાગે, વાગે મોહનાં બાણ. બાહુકે.
પરઘરમાંહે અમો નવ પેસું, સ્ત્રીના ચંચળ મન;
સાધુ પુરૂષને સદ્ય પાડે, આવિને દે આલિંગન. બાહુકે.
દાસીને તવ હાસ્ય આવ્યું, દૈવનાં કૌતુક જોય;
વિશ્વ મોહિનિ દમયંતી તે, અભિયાને કેમ નહિ મોય. બાહુકે.
બોર ન ખાય કો કરતણાં, વિપરિત વપુનૂં વાન;
એવાં ઉપર વળિ કર્મ લડયાં, વળી રૂપનું અભિમાન. બાહુકે.
બળાત્કારે તેડયો બાહુક, દાસી થઇ બાંહધર;
નીચિ નાડે નલ ચાલિયો, જ્યાં ઘરૂણીનું ઘર. બાહુકે.
જાતાં કહે છે કિંકરીને, બ્રહ્મચર્યને છે ઘાત;
વૈદર્ભી વિકારે ભરી, મને વશ કરવાની વાત. બાહુકે.
માધવી કહે બોલ્ય વિચારી, કોણ ભાગે છે ધર્મ;
વૈદર્ભી તને ક્યમ નહિ વરે, કરે અગ્નીકર્મ. બાહુકે.
નથિ આશરો ગયા તણો, કહિં ભીડાવ્યાં કપાટ;

દાસિયે દેખાડી આંખડી, ત્યારે ચાલ્યો પાધરિ વાટ. બાહુકે.
બાહુકને બારણે બેસાર્યો, ઢાળિ રૂપાનો બાજઠ;
દમયંતિ ઉમરા ઉપર બેઠી, આડું ધરિ અંતરપટ. બાહુકે.
બાહુક ખુંખારે આળસ મોડે, માંડ્યાં વિષયિનાં ચિન્હ;
ચિત્ત મળ્યું ત્યાં ચક કશો રે, જો નથિ ભિન્નાભિન્ન. બાહુકે.

ઉથલો.

જો નથિ ભિન્ન ભિન્ન તો, મધ્યે અંતરપટ કશું;
નહિ બોલો જો મન મૂકી, તો અમો ઉઠીને જશું.

પ્રેમાનંદ.

સુરત.

આતે શા તુજ હાલ, સુરત સુનાની મુરત;;
થયા પુરા એ હાલ, સુરત તુજ રડતી સૂરત.
ચકચકતુ તુજ રૂપ, સોળસે, સત્તરશેમાં;
કિલ્લા લાતી કોટ, મચેલા રંગો જેમાં.
રંગ રંગ નિશાણ, યુરપ વેપારી ધામે;
બંદર ફુરજા માંહી ધામધુમો બહુ જામે.
જાતજાતના જંન જુજવા રંગો માથે;
ભાતભાતના વેષ રસાલામાં મુખી સાથે.
દેશદેશનો ચાલ, વળી અહીંનાં બંદરનો;
રહે આવે ને જાય, બહાર લક્ષ્મી મંદીરનો.
બંદરમાં જુથ બ્હાણ, જેહને જોતાં રાચો;

દોલતની તે ખાણ, મણિ પારસ તે સાચો.
ધંધાધારી લોક, વળી કારીગર ઝાઝા;
ઉંચ નીચ સહુ કોય, થયેલા ધનથી તાજા.
નવાબ બક્ષી મીર, વળી બીજા સરદારો;
સોદાગર ને શેઠ, જાતરે જતા હજારો.
વખારને દુકાન, મ્હેલ હવેલી ને ઘર;
વાડી વજીફા બાગ, ઝગઝગ કરી રહ્યો જર.
હાથી ઘોડા ઉંટ, પાલખી રથના વાહન;
દોડાદોડી ખુબ, તકતકે તન મન ને ધન.
સુરત તું લંકારૂપ, સુનું ઉછળતું સંધે;
રાયરંક સહુ ભાઈ, સંપમાં રહેતા બંધે.
તહેવારોના ઠાઠ જુદા જુદા લોકોમાં;
શોભાનો નહિં પાર વસ્તુઓના થોકોમાં.
અસવારી સોહાય, ફુલો સુના રૂપાનાં;
વેરાતાં લૂંટાય, ગવાયે જશ હાકમના.
બંદર કેરો બહાર, અહા તાપી તટ કેવું?
વ્હાણોનો શો ઠાઠ, જોઇને ખુશ થઇ રહેવું!
ડક્કા ડક્કા સ્હોત, વળી ઓવારા કેવા!
ખરે બપોરે તોય ઘાટ નહિ જેવા તેવા.
સુરત ત્હારી શી સૂરત, જનો કહાંના લલચાવ્યા!
ફીરંગી ને અંગ્રેજ, વલંદા ફ્રાંસિસ આવ્યા.
ઘુસ્યા જેમ અંગ્રેજ વલંદા ત્યમ બહુ બ્હેક્યા,
પછી વંઠયું બહુ કામ સંપને આઘે ફેંક્યા;
ખટપટને લઇ લાભ શિવાજીએ ભડ બાળી,

ચોસઠને સિત્તેર સોળનામાં કરી ખાલી.
પછી પાછી તૈયાર થઇને ચ્હડી ચ્હડી બહુ,
માત્ર સેંકડો એક, પછી પાછી પડતી કહુ.
ઉપરા ઉપરી માર, સુલ્તાની અસમાની,
પડવા માંડયો ખુબ, નિશાણી છે બહુ ધાની.
પડયાં ન ઉઠયાં ભાઇ રાજ મ્હોટાં મ્હોટાંઓ,
આસિરિયા ને મિસર, ગ્રીસ ને રોમ ગયાં ઓ;
કહાં હસ્તિનાપુર, અરે કહું દિલ્લી કહાં છે?
સિદ્ધપોર પાટણ, અરે તે પુણા કહાં છે?
હતા ફીરંગી અહિં, ફ્રાંસિસ અને વલંદા,
તારા ખરતા તેમ, ગયા આજે કયાં સંધા?
નથી કોઇનું ચલણ, વલણ બહુજનો કરે રે,
સમયે ચ્હડતું કોઇ, સમયથી ઢળી પડે રે.

નર્મદાશંકર.

કવિ નર્મદનું મંદિર.

વીર નર્મદ! તું જગમાં લડી જંગ ગયો;
તુજ વીર છબી નિરખી ચખ અશ્રુ ભરે!
કાંઇ પુષ્પ નવાં ખીલતાં તુજ પ્રેમ કરે,
સ્થળ સર્વ વિખેરી દઇ કૃતકૃત્ય થયો;
તુજ પ્રેમ-ઝરો નિશદિન અખંડ વહ્યો,
ભરી બંધુ ઉરે ભૂમિ કારણ દાઝ ખરે,

જહિં તેહ અમાસ પછી જ્યમ આભ-ઉરે;
ચઢતો અમીચંદ્ર દીપે ત્યમ દીપી રહ્યો !
તુજ પુષ્પ સુવાસિત છે હજી નૂતન રહ્યાં,
દિનદિન નવીન સુભાવ હૃદે જગવે;
તુજ લેખ સ્વદેશની ભક્તિનું મંદિર છે,
જહિં દેશપૂજા પ્રીતથી કરવા શિખવે,
વળી પ્રેમ સુશૌર્ય બન્યું વીરજીવન જ્યાં,
ગુરુ નર્મદ ધન્ય ઉભો તહિં તું વીર છે !

ખબરદાર.

૫૬. કાફી.

તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઇ દેખે નહિ;
અજા જુથ માંહે રે, સમરથ ગાજે સહી. તરણા-ટેક.
સિંહ અજામાં કરે ગર્જના, કસ્તુરી મૃગ રાજન;
તલને ઓથે જેમ તેલ રહ્યું છે, કાષ્ટમાં હુતાશન,
દધી ઓથે ઘૃતજ રે, વસ્તુ એમ છુપી રહી—તરણા.
કોને કહું ને કોણ સાંભળશે, અગમ ખેલ અપાર;
અગમ કેરી ગમ નહિ રે, વાણી ન પ્હોંચે વિસ્તાર,
એક દેશ એવો રે, બુદ્ધિ થાકી રહે તહીં—તરણા.
મન પવનની ગતી ન પ્હોંચે, છે અવિનાશી અખંડ;
રહ્યો સચરાચર ભર્યો બ્રહ્મ પુરણ, જેણે રચ્યા બ્રહ્માંડ,
ઠામ કો નહિ ઠાલો રે, એક અણું માત્ર કહીં—તરણા.
સદ્‌ગુરુજીએ કૃપા કરી ત્યારે, આપ થયા પ્રકાશ;

શાદ્ગા દોડી સાધન સાથે, પોતે પોતાની પાસ,
દાસ ધીરો કહે છે રે, જ્યાં જોઉં ત્યાં તુંહી તુંહી—તરણા.

ધીરો ભક્ત.

પદ. કાફી.

અંતે અંતને તેડાવે રે, હરિનું ભજન કરવા;
કરમાં માળા ઝાલી રે, મૂરખ જ્યારે સુતો મરવા—અંતે. ટેક.
ન્હાનપણે ઘર ધંધે ધાયો, વૃદ્ધપણે હરિગુણ ગાય;
ઘર લાગ્યું ત્યારે કુવો ખોદાવે, એ અગ્નિ કેમ ઓલવાય;
જીતી બાજી હાર્યો રે, પત્થરને નાવે બેઠા તરવા—અંતે.
અંતસમે છાપ તિલક બનાવે, ભુલી ગયો જ્યારે ભાન;
એરણની ચોરી સોયનું દાન એમ કેમ આવે વૈમાન;
ગુરૂજ્ઞાન નાખ્યું રે, બુદ્ધિ તારી ગઈ ચરવા—અંતે.
જુવતિ નારીને જેવી પુત્રની આશા, એમ હરિ ભજે ફળ થાય;
વૃદ્ધ નારીને નહિં પુત્રની આશા, એનો એળે જનમ વહી જાય;
હરિને બેઠો ઠગવા રે, એંશી વરસે વર વરવા—અંતે.
વીશ વર્ષે વિશ્વંભર મળે, ભક્તિ કરે ભુખ જાય;
હરિશું ધાયા તે બહુ કમાયા, ત્હેને મળીયા નિરંજન રાય;
દાસ ધીરો કહે છે રે, મટ્યા ચોરાશી ફરવા—અંતે.

પદ. કાફી.

ખબરદાર મનસુબાજી, ખાંડાની ધારે ચઢવું છે;
હિંમત હથીયાર બાંધી રે, સત્ય લડાઇએ લડવું છે—ટેક.

એક ઉમરાવને બાર પટાવત, એક એક નીચે ત્રીસ ત્રીસ;
એક ધણીને એક ધણીઆણી, એમ ગીગતે સાતસેને વીશ,
સો સરદારે ગઢ ઘેર્યોરે, ત્હેને જીતી પાર પડવું છે—ખબરદાર.

પાંચ પ્યાદલ તારી પુંઠે ફરે છે, ને વળી કામ ને ક્રોધ;
લોભ, મોહ ને માયા મમતા એવા જુલમી જોરાવર જોધ;
અતિ બલિષ્ઠ સ્વારી રે, એ સાથે આથડવું છે—ખબરદાર.

પ્રેમ-પલાણ ધરી જ્ઞાન ઘોડે ચઢી, સદ્દગુરૂ શબ્દ લગામ;
શીલ સંતોષ ને ક્ષમા ખડગ ધરી, ભજન ભડાકે રામ;
ધર્મ ઢાલ ઝાલી રે, નિર્ભે નિશાને ચઢવું છે—ખબરદાર.

સુરત નુરતને ઇડા પિંગળા, સુષુમણા ગંગા સ્નાન કીજે;
મન પવનથી ગગન મંડળ ચઢી, ધીરા સુધા રસ પીજે;
રાજ ધણું રીઝે રે, ભજન વડે ભડવું છે—ખબરદાર.

દુનિયાં દીવાની રે, બ્રહ્માંડ પાખંડ પૂજે;
કર્તા વસે પાસે રે; બાજી કાંઈ નવ બુજે—દુનિયાં.

જીવ નહિં એને હરિ કરી માને, પૂજે કાષ્ટ પાષાણ;
ચૈતન્ય પુરૂષને પાછળ મુકે, એવી જગત અજાણ;
અર્કને અજવાળે રે, પ્રસિદ્ધ મણિ નવ સુઝે—દુનિયાં.

પાષાણનું નાવ નીરમાં મુકે, સો વાર પટકે શીશ;
કોટી ઉપાયે તરી નહિં એતો, ડુબે વસાવિશ;
વેળુંમાં તેલ ક્યાંથી રે, ધાતુની ઘેનું શું દુજે—દુનિયાં.

અંતર મેલ અતિ ભર્યો પૂરણ, નિત્ય નિર્મલ જળમાં ન્હાય;
મહા મણિધર પેઠોરે દરમાં, તો રાફડો ટીપે શું થાય;
ઘાયલ ગતિ ઘાયલ રે, જાણીને જ્ઞાની ઘાવ રુઝે—દુનિયાં.

સદ્‌ગુરૂ શબ્દનું ગ્રહણ કરીને, પ્રગટી પંડમાં પેખ;
દૂર નથી નાથ નજીક નિરંજન, દિલ શુદ્ધે દેદાર દેખ;
ધુરંધર ખેલે ધીરો રે, જાહેર જગત મધ્યે ગુઝે—દુનિયાં.

જેને રામ રાખે રે, ત્હેને કુણ મારી શકે;
અવર નહિં દેખું રે, બીજો કોઇ પ્રભુ પખે—જેને.

ચાહે અમીરને ભીખ મંગાવે, ને રંકને કરેરે રાય;
સ્થલને સ્થાનકે જલ ચલાવે, જલ સ્થાનક સ્થળ થાય;
તરણાનો તો મેરૂ રે, મેરૂનું તરણું કરી દાખવે—જેને.

લીંબાડાથી બળતાં રાખ્યાં, મંઝારીના બાળ,
ટિટોડીના ઇંડાં ઉગાર્યા, એવા છો રાજન રખવાળ;
અંત વેળા આવો રે, પ્રભુ ત્હમે ત્હેની તકે—જેને.

બાણ તાણીને ઉભો પારધી, સીંચાણો કરેરે તકાવ;
પારધિને તો પગે ડસિયો, સીંચાણા શિર નહિં ઘાવ;
બાજ પડ્યો હેઠે રે, પંખી ઉડી ગયા સુખે—જેને.

ગજ કાતરણી લેઇને બેઠો, હરજી તો દીન દયાળ;
વધે ઘટે તેને કરે બરાબર, સૌની લે સંભાળ;
ધણી તો ધીરાના રે, હરિ તો મારો હીડે ટેકે—જેને.

નાશવંત કાયા.

મન તુંહી તુંહી બોલે રે, આ સુપના જેવું તન ત્હારૂં;
અચાનક ઉડી જાશે રે, જેમ દેવતામાં દારૂ—ટેક.

ઝાકળ જળ પળમાં વળી જાશે, જેમ કાગળને પાણી,
કાયાવાડી ત્હારી એમ કરમાશે, થઈ જશે ધૂળધાણી;
પાછળથી પસ્તાશે રે, મિથ્યા કરી મ્હારૂં મ્હારૂં—મન.

કાચનો કુપો કાયા ત્હારી, વણસતાં નહિ વાર;
જીવ કાયાને સગાઇ કેટલી, મુકી ચાલે વન મોઝાર;
ફોગટ ફુલ્યા ફરવું રે, ઓચિંતું થાશે અંધારૂં—મન

જાયું તે તો સર્વે જવાનું, ઉગરવાનો ઉધારો,
દેવ, ગાંધર્વ ને રાક્ષસ માણસ, સૌને મરણનો મારો;
આશાનો મ્હેલ ઉંચો રે, નીચું આ કાચું કારભારૂં—મન.

ચંચળ ચિત્ત ચેતીને ચાલો, ઝાલો હરીનું નામ;
પરમારથ જે હાથે તે સાથે, કરો રહેવાનો વિશ્રામ;
ધીરા ધરાધરથી રે, નથી કોઈ રહેનારૂં—મન.

આ તન રંગ પતંગ સરીખો, જાતા વાર ન લાગેજી,
અસંખ્ય ગયા ધન સંપતિ મેલી, ત્હારી નજરે આગેજી,
અંગે તેલ ફુલેલ લગાવે, માથે છોગાં ઘાલેજી
જોબન ધનનું જોર જણાવે, છાતી કાઢી ચાલેજી
જેમ ઉંદરડે દારૂ પીધો, મસ્તાનો થઇ ડોલેજી
મગરૂરીમાં અંગ મરોડે, જેમ તેમ મુખથી બોલેજી

મનમાં જાણે મુજ સરીખો, રસિયો નહિ કોઈ રાગીજી
બહારે તાકી રહી બિલાડી, લેતા વાર ન લાગેજી
આજ કાલમાં હું તું કરતાં, જમડા પકડી જાશેજી
બ્રહ્માનંદ કહે ચેત અજ્ઞાની, અંત ફજેતી થાશેજી.

બ્રહ્માનંદ.

દિવ્ય મંદિર તથા લેખ.

(રોળા વૃત્ત.)

માનવરાજે રચ્યાં મન્દિરો કીર્તિ કાજે,
કાળ મહોદધિ મહિં કહિં લુપ્ત થયાં આજે;
કરતા કીર્તિ સ્તમ્ભ ઉભા અમર નામ કરવા,
સહસા તે ભૂકમ્પ ગળી લઇ જાતા ગરવા.
ન રહે નામ નિશાન, રાનમાં રહે રખડતા
શિલાખંડ થઈ ચૂર્ણ જગોજગ મૃતસમ પડતા;
અચળ કીર્તિને કાજ કોતરી રાખ્યા લેખો,
ઘસાઈ ભૂસ્યા આજ દટાયા ધૂળમાં દેખો.
એક અચળને ભવ્ય વિશ્વ મન્દિર ભાસે
અનુપમ ઘુમ્મટ વ્યોમ જેનો ચોપાસે,
એક પુરૂષ મહાન તણી એ કીર્તિ ગાએ
નિરખી શકે રૂડી પેર અહિં જન કો વિરલાએ.
વિધવિધ લખિયા લેખ દિવ્ય ભાષામાં બારે,
એક પુરૂષ મહાન તણા એ ગુણ ઉચ્ચારે;
અનુપ રૂપ એ લેખ દિસે જગ રચના માંહિ;–

નભ પટપર તારક-લેખ ચળકંતા ક્યાંહિ,
કહિં કહિં સંધ્યા-અભ્ર-રંગના લેખ સુહાતા;
કો ઘડી ઇન્દ્ર ધનુષ્ય-વર્ણના લેખ જણાતા;
એમ નિરંતર વિવિધ લેખ રચના રહે દીપી,
વાંચી શકે કો વિરલ દિવ્ય અદ્દ્ભુત એ લીપી.
દેશાટન કરી ભવ્ય મન્દિરો ભલે ન નિરખું,
ગૂઢ લેખ લીપિ ભેદ ભલે હું ઉકેલી ન શકું;
મહાન મન્દિર એક નિરખવા દૃષ્ટિ ચાહું,
દિવ્ય પુરૂષના લેખ માગું શક્તિ ઉકલવા હું.

"નરસિંહરાવ."

ફુલની સાથે રમત.

આવો ફુલડાં મધુરાં રે આપણ રંગે રમિયે,
દિન એક આનંદે રે ભેળાં રહી નિર્ગમિયે.
મ્હને મુખડું ત્હમારૂં રે સલૂણું લાગે વ્હાલું,
એમાં નિર્મળ પ્રીતિ રે વશી હસતી કાલું.
તમમાંનું હું પણ રે કુસુમ એક કોમળિયું;
રહી મનુજ સમૂહે રે વદન કરમાઇ ગયું.
ન્હાશી ત્યાં થકી આજેરે આવ્યો તમ પાસ હુંતો,
ત્હમે કોમળ હઇડે રે, મ્હને નવ ગણશો જૂદો.
નહિ તમમાં કુટિલતારે, નહિં વળી ક્રુરપણું,
નહિ વચન કપટનાં રે હૃદય પ્રેમાળ ઘણું;
કદી હાસ કરંતાં રે તો જિભે આનંદ ભર્યાં;

કરમાઈ કદી સૂતાં રે તો સત્યે દુઃખેજ ગળ્યાં;
જેવું આંતર થાએરે તેવું તમ મુખડું દીસે,
જેવું મુખ દેખાએરે તેવું તમ હૃદય વિશે.
ત્યારે આવો મધુરાં રે આપણુ રંગે રમિયે,
દિન એકતો સુખમાં રે સાથે વશી નિર્ગમિયે.

નરસિંહરાવ.

ગરવી ગુજરાત.

ગરવી ગૂજરાત ! અહા, મુજ જન્મ ભૂમી !
વીર માત મીઠી વિરલા નર કૈંકતણી !
મુજ જન્મ ભૂમિ !-નિત્ય એ પ્રિય શબ્દ ધ્વનિ !
મધુરા ભણુકાર કરે મુજ ઉર ઘૂમી !
પ્રિય માત ! રીઝું તુજ પાય સદાય ચૂમીઃ—
મુજ જીવન સાર્થક હું રહું એજ ગણી;
શુભ હિન્દની વાડી ! તુંમાં ભમી વેળ ઘણી,
મધુરાં ફુલડાં સુંઘતો રહું રે ઝુમી !
તુજ સુંદરતા નભમાં બહુ વાદળીઓ;
ચઢી આવી પસાર થતી બહુવાર દીઠી,
પણ તૂજ પ્રતાપ પ્રકાશ અખંડ વળો—
તુજ પુણ્ય પ્રભાવજ એ, મુજ માત મીઠી !
શીત એ નભ છાંય નીચે, તુજ વાડી વિશે,
કંઇ ગાન કરૂં બની પક્ષીજ દિન નિશે !

"ખબરદાર."

વૃષ્ટિ.

રસ રસ રસ કરી દીધું જ જગત્ પલકમાંહી!
શીત શીત શીત કરીજ ગાત્ર ઉંઘને વધારી! (ધ્રુવ)
રસદ ઘન ઉરેથી ઉતરી ઉતરી હું કવિતા
ઝાપટે પડું છું ત્યાંજ દ્રવતી ધરતી ધીરા. રસ.
× × × ×
પડું પડું ઉંચ અભ્રઉરથી, સરૂંજ ધરતી ઉરે,
રસ રસ થતી ધરતી, એવી લીલું વપુ ધરી ઝુરે. રસ.
× × × ×
કદી હું રમતી રમતી ઉતરૂં આડી ધીમી ધીમી ને
નિસરણિ મુજ સમીર થાય, મુકું પડતું વળી પડીને. રસ.
ટપક ટપક પડતી બોલું મીઠડું ઝીણું હું,
ધડ ધડ વળી દોડી પડું, ખડ ખડજ હસું હું. રસ.
કુસુમ વૃષ્ટિ સમીજ દેહ-કુદી વળી સરૂં ધારી,
ઉભી ઉભી પડું કોદી જેમ ઝરતી ધણીક ઝારી. રસ.
કદી સરતી ન દેખાઉં, તોય પડુંજ નીચી આવી;
યમ સમી પડું એમ પણ હું પડું જીવનેજ લાવી. રસ.
જગત આ સમય ઉંઘતું, તોય ગતિ મ્હારી,
પરખશે, પ્રભાતનીજ નવલ છબી નીહાળી. રસ.
રસ રસ રસ કરીજ દીધું જગત આમ મ્હે તો!
રડતું હોય તોય રસથી ઓગળ્યું જ એ તો! રસ.
રસ રસ રસ ઉરમાં જનો તણે હું પ્રેરૂં;
રસ ચેપી ભરૂં સૃષ્ટિમાં, તો રસજ દ્રવે મેરૂ. રસ.
મુજ પ્રભાવ એમ વિષમ સકળ જગત્ ઉરે
લલિત ચલિત રસની લહરી ફુંકી ફુંકી ખુલે. રસ.

રસ સમીર ફુંકું ત્યાં જ કંઇક હૃદય કમ્પે;
કંઇક હૃદય કેરી, વળી જુની ઝાળ જમ્પે. રસ.
નાચ્યું તરૂને પાંદડે ને ઉડું વાશું બાઝી;
ઘનથી નીચી ગુંજું જ્યાં રહે તડિત ગાજી. રસ.
પૃથ્વીમાં ને વ્યોમમાં ને અંતરાલ ભાગે;
રસથી એમ ગુંજું ત્યાંજ ચમકી જગત જાગે. રસ.

ગોવર્ધનરામ.

આશા પંખીડું.

આશા પંખીડું મ્હેં તો પૂર્યું કનકમય પાંજરે,
રમ્ય રંગ ધરંતું અનેક, જેવો મેઘ સાંઝરે;
ઝીણી ચંચૂ સુવર્ણની મેખસમી શી ઓપતી,
ઇન્દ્ર ધનુ રંગધારી એક કલગી શિર શોભતી;
ધોળી બરફશી ડોકની મધ્ય સુનેરી કાંઠલો,
આસમાની પાંખની માંહિ પંચરંગી ચાંદલો;
પીંછે કરમજી રંગ સોહાય, ને ચરણ સુવર્ણના,
હીરા સરિખા બે ઝીણા નેન ચલક ચલકે ઘણાં;
સુંવાળું શું એનું શરીર ભર્યું દિવ્ય કાંતિયે !
પણ બદલી ઘડી ઘડી રંગ મ્હને નાખે ભ્રાંતિયે,
વળી અમૃત શું મીઠું ગાન કરે દિવ્ય પંખીડું;
ત્યારે નાચંતુ ભૂલી ભાન હઇડું સુખ ભૂરખું,
પણ એક દિવસ એ તો, હાય! ઉડીને ચાલીયું;
તોડી કનકનું પંજર ત્યાંય, રહ્યું નવ ઝાલિયું;

તોએ ગાન કરંતું જાય, પાછળ દોડયો જાઉં હું,
પણ એ તો નવ પકડાય, અધિક લલચાઉં હું;
ઊડી પેહું એ એક દિવ્ય હતું વન તે મહિં;
હું પણ સ્વઅનુસારે ધાઈ પેઠો ત્યાં તો સહી;
દીઠું એહું ગુલાબને છોડ, ગયો હું ઝાલવા,
ઊડી બેહું બીજે ઝાડ, ગાઇ લાગ્યું મ્હાલવા;
વૃક્ષે વૃક્ષે, છોડે છોડ, મુને ભટકાવિયો,
આવ્યું તોએ એ નવ હાથ, અધિક અકળાવિયો;
અંતે બેહું ઊંચી ડાળ, પછી લાગ્યું બોલવા,–
"અરે મૂર્ખ મનુજના બાળ! ફાંફાં શાં આ મારવાં!
નવ આવું કદી ત્હારે હાથ, મૂરખ ઓ માનવી!
હું તો ધારી નવા નવા રંગ ધારૂં મૂર્તિ નવનવી;
પૂર્યું પાંજરે મુજને તેંહ; ધારીશ નહિં મન વિશે,
એ તો ઘડિયું મ્હારે પ્રભાવ, ત્હને ઉલટું દીસે.
પણ મન નવ થઇશ ઉદાસ, કહું શુણુ વાત તું,—
પ્હણે નાંખ નજર, પ્હણે દૂર, વ્યોમ જ્યાં ડૂબી જતું;
પેલી રૂધિરભરેલ કપાળે ઘડેલી કમાન જે;
અંતરિક્ષ ઉભી, જે'ના સ્તમ્ભ રચ્યા મ્હોટાં હાડકે;–
દીસે તુજને ભયંકર તેહ, તથાપિ એ રમ્ય છે,
બીજી બાજૂ કનકનો ઘાટ ઘડેલો ભવ્ય છે;—
આણી કોરે રાક્ષસ એક બેઠો છે બિહામણો,
મૃત્યુ એવું એનું નામ, તુને અળખામણો;
પણ તું જઇશ એને દ્વાર, પછી પેલી પાર તું
જઇ જોઇ પામીશ આનંદ ત્યહાં તે વાર તું;

ત્યારે ત્યાંહિં જો ! ભેટીશ તુંને હું આનંદથી,
ત્યાં લગી થઇ ધીર તું થીર રહેજે મન શાંતથી."–
એમ બોલી ઊડી ગયું એહ પંખીડું ના રહ્યું,
ઊડતાં ઝળકંતી એની દેહ, ગાતું ગાતું એ ગયું;
જઇ લય પામ્યું ચન્દ્ર માંહિં, વળી ગાતું ત્યાં રહ્યું,
શાંત અજવાળી રાતે કો વેળ સુણું એનું ગાન એ.

નરસિંહરાવ.

દિવ્ય આશા.

સ્વર્ગ મંડળે થકી હું ઉતરી રે લોલ,
સ્વર્ગમાંહિ કાંઇ મુજ નિવાસ;
દિવ્ય આશ હું !રે લોલ,
સર્વ ઠામ મ્હાલું કુસુમ વેરતી રે લોલ.
દીન બન્યાં દુઃખ ભારથી દબી રે લોલ,
મનુજ બાળ ! લ્યો કુસુમ સુવાસ;
દિવ્ય હાસથી રે લોલ,
સર્વ ઠામ મ્હાલું કુસુમ વેરતી રે લોલ.
મર્ત્ય જીવને થતા કઠોર શોર રે લોલ,
તે શમાવવાં ગાઉં અનુપ ગાન;
ઉચ્ચ તાનમાં રે લોલ,
ઠામ ઠામ ચાલું ગીત રેડતી રે લોલ. ૩
વિશ્વ મોહનીનું બીન એ સુરૂં રે લોલ,

મૂક થાય, જ્યહાં તણાય તાન;
દિવ્ય વાદ્યના રે લોલ,
મનુજ લોકમાં હું એમ ખેલતી રે લોલ. ૪
શાન્તિ સિન્ધુ ગાન ગાય જ્યહાં ગભીર લોલ,
સાન્ધ્ય રંગ વ્યોમ રમે રાસ;
વાસ ત્યહાં કરૂં રે લોલ,
તારલા કણી બની હું એકલી રે લોલ. ૪

નરસિંહરાવ.

પ્રભુમય જીવન.

મુજ જીવન આ પ્રભુ ! તુંથી ભરૂં,
બલ દે, અભિલાષ હું એહ પુરૂં;
મુજ દેહ વિશે, વળી આત્મ વિશે,
જડ ચેતનમાં પ્રભુવાસ વસે.
મુજ રક્ત વિશે, મુજ નાડી વિશે,
મુજ દ્રષ્ટિ વિશે, મુજ વાણી વિશે;
મુજ તર્ક વિશે, મુજ કર્મ વિશે,
પ્રભુ ! વાસ વસો મુજ મર્મ વિશે.
શિરમાં, ઉરમાં, મુખમાં, કરમાં,
પ્રભુ વ્યાપી રહો મુજ અંતરમાં;
મુજ જીવન કેરૂં રહસ્ય ઉંડું,
બન પ્રેરક ચાલક શાસક તું.
ધરીને ઉરમાં રસની પ્રતિમા,

જહીં ઉન્નતિનો સ્થિર છે મહિમા;
સ્મરી આકૃતિ એ નિજ પીંછી ધરે,
અનુસારજ ચિત્ર પછી ચીતરે.
જ્યમ ચિત્રક એ મનમૂર્તિ વડે,
બહુ સુંદર ઉત્તમ સૃષ્ટિ રચે;
ત્યમ જીવનના પટની ઉપરે,
મુજ લેખન તે તુજ સાક્ષી પુરે.
પ્રભુ ! મુદ્રિત અંકિત તું હ્રદમાં,
કૃતિઓ બધી તન્મય હો જગમાં;
મુજ વર્તનથી છબી જે બની રે',
તુજ ઉજ્જવળ રૂપની ઝાંખી દિયે.

રમણભાઇ.

गीतगोविंद.

कारमी नौका वती मनुमंडळी तारी, वाळ्या वेद असुर संहारी;
जय केशव मत्स्यस्वरूप ! जय जगदीश हरे ! ५

प्रौढी पृथिवि दृढ पृथु पीठे धारी, पडी जहीं आटणतणी गडी भारी;
जय केशव कच्छपरूप ! जय जगदीश हरे ! ६.

शशिबिंबे बुडी जाता अंक शी दंते लीध उद्धारी धरा भगवंते;
जय केशव वराहरूप ! जय जगदीश हरे ! ७.

धीट हिरण्यकशिपु करकमळे अर्णीए, मखकंटक तणी हणियो सीणीए;
जय केशव नरहरि रूप ! जय जगदीश हरे ! ८.

बटुक बनी बळीने छळीने डगथी त्रण, पावन कर्युं पदजळथी त्रिभुवन;
जय केशव वामनरूप! जय जगदीश हरे! ९.

क्षत्रिय रुधिरे शमहद नीपजावी, दीध जनना भवताप शमावी;
जय केशव भार्गवरूप! जय जगदीश हरे! १०.

हणयत्ने रावणनां शिर दश कापी तार्या दिकपाळो बळि आपी;
जय केशव राघवरूप! जय जगदीश हरे! ११.

नीलांबररूपे वपुए रही वळगी यमुना शं भयविह्वळ हळथी!
जय केशव हळधररूप! जय जगदीश हरे! १२.

निंदी हिंसाविधि पशुवध अटकावी दयाधरमनी धजा झगावी;
जय केशव बुद्धस्वरूप! जय जगदीश हरे! १३.

श्रवणे धर श्रुतिसार उद्धार घणेरी श्रीजयदेवनी वाणी रुडेरी;
जय केशव दशविधरूप! जय जगदीश हरे! १४.

उद्धारी श्रुति धारी पीठ धरणी, तारी दधीथी मही,
प्रह्लाद स्तुति सांभळी, बळि छळी, क्षत्रावळी संहरी. १५

चोळी रावण चंड, रोळी यमुना, ढोळी दया विस्तरी,
मारी म्लेच्छ अभंग मंगळ करे तुंहि तुंहि श्रीहरि! १६.

દેવકી વિલાપ.

વિનવે દેવકી હો, વીરાને વલવલી,
ભાનને માગે હો, મુખે દશ આંગળી.

હૃદયા ફાટે હો નયને જળ ભરે,
સુકુમાર કુંવરી હો, કાલું કાલું ઓચરે.
માનુષી દેહ ધરી હો, વિપત્ત શી આવડી;
કોણ મૂકાવે હો, હિન પિતા માવડી.
ભાઇ તેં ઉછેરી હો, નમાઇ હું રાંકડી;
કેમ સહુ રાતી હો, વીરાજીની આંખડી.
મહિયર મ્હારૂં હો, તું મથુરા પતિ;
ઉગ્રસેન કાકા હો, આજ પાસે નથી.
ક્યાં ભોગવશો હો, પાપનો પોટલો;
શિર મ્હારૂં દુઃખે હો, તાણો મા ચોટલો.
માળા મ્હારી તૂટી હો, પડે કર મુદ્રડી;
દેખે અંગ લોકડાં હો, ખસી મ્હારી ચુંદડી.
વેણી વિખરાણી હો, કાકીએ સેંથે ભરી;
ભલું થાવ દેવનું હો, વાણી એવી ઓચરી.
જે પરણાવે હો, તે વધ કેમ કરે;
મીંઢળ નથી છુટયા હો, નવ ગઇ સાસરે.
તંબોળ પરણ્યાનો હો, સુકયો નથી સાવલીએ;
મારો મા, કોડ ભરી હો, લાગું છું પાવલીએ.
જેને ઉછેરી હો, તેને નવ મારીએ;
ઘણું વેળાવી હો, ઘેર પધારીએ.
ગગનવાણી હો, કો વેરણ મુજતણી;
સાચું રખે માનો હો, જુઓ હું દુર્બળ ભણી.
એમ વલવલતી હો, રોતી ગજગામિની;
દેવકી રોતાં હો, રોઇ પ્રજા ગામની.

રોયાં વૃદ્ધ જોબન હો, રોયાં બાળક બાહુવાં;
રોયાં હય હસ્તી હો, રોયાં નગ્ન ઝાડુવાં.
રોયા ગગને દેવતા હો, રોયા વસુદેવપતિ;
પણ નિરદે કંસને હો, દયા નથી આવતી.

પ્રેમાનંદ.

વત્સલતા.

માત યસોદા બોલીયાં, ઉદ્ધવ સાંભળો રે;
અમો અજ્ઞાનીને મન, કાળો કામળો રે.
તેને મ્હડે ન બીજો રંગ પ્હેલાંની શ્યામતા રે;
ગુણ હીન ગોવાળ લોક, જ્ઞાન નથી પામતા રે.
તમે કહો છો બ્રહ્મ, બ્રહ્માદિક નવ કળે રે;
હું કેમ કરી આણું વિશ્વાસ, બાંધ્યો મ્હેં ઉખળે રે.
પ્રસવ સમેનો દિન, શ્રીને હોયે દોહલો રે;
ઉદરમાં દશ માસ, વહ્યો મ્હેં શામળો રે.
પોઢાડીયો મ્હેં પારણે, ગાયાં હાલરૂં રે;
તે સુખ સંભારી જોઇ, રોઇ રોઇ મરૂં રે.
મુખ ઉપર આવતા કેશ, આંખડી મીચતો રે;
સોને મઢ્યો સિંહનો નખ, હૈડે હીંચતો રે.
કુંડળના પ્રતિબિંબ, ગોરા ગાલમાં રે;
ટુંકડે પાગે ચાલતો, આ પરસાલમાં રે.
જળમાં ભરતો મુઠ, દેખી ચંદ્ર ચળકતો રે;
વઢતાં બે માંજાર, મ્હારી કોટે વળગતો રે,

ગોવિંદ બોલે ગુંગણું, મુખ ભર્યું માટીયે રે;
તે મુખ સંભારી જોઈ, અમો નવ ફાટીયે રે,
ઘુઘરીઆળી ગોદુણી, લટકે નાકે મોતી રે;
ઠમક ઠમકડે ચાલતો, હું પૂઠે જોતી રે,
રોતો ખુંચતા ઘુઘરા, પગની પાનીએ રે;
તમો કોહો એ બ્રહ્મ, અમો કેમ માનીએ રે,
ત્રણ ભુવનનો નાથ, ચારે કેમ ગાવડીયે;
પ્રેમાનંદ પ્રભુની, હું તો માવડી રે.

પ્રેમાનંદ.

માતૃ સ્નેહ.

યસોદા કેમ જીવે, મ્હારૂં સગપણ જાણી ફોક;
પિતાને પ્રકાશ કહેતાં, નંદજી જાય યમ લોક. યસોદા કેમ.
પાસામાં લઘુશંકા કીધી, બાળક વય જ્યારે હૂતી;
મ્હનેં કોરડે પાસામાં લીધો, મા ભીનામાં સૂતી. યસોદા.
એક ઘડી નથી અળગો કીધો, દીઠા વિના થાય ઘેલી;
હું વિના નંદજીને દેખી, મરશે ફ્હેતાં પ્હેલી. યસોદા.
જાગૃત સ્વપ્ના માંહે ધ્યાન જ મ્હારૂં, પુત્ર સુખમાં ખુડી;
હું વિના વલવલી મરશે, જેમ ટળવળે ટીટુડી. યસોદા.
મથુરા નગરીમાં આણી, વૈકુંઠ જોવાસું;
પ્રેમાનંદ પ્રભુ રામ કહે, ક્યાંથી યસોદાનું પાસું? યસોદા.

જસોદા વિલાપ.

મ્હારૂં માણકડું રીસાવ્યુંરે શામળીઆ,
ત્હારા મનમાં એ શું આવ્યુંરે શામળીઆ.
હું અપરાધણ માતાને મૂંકી, શા માટે ઝંપલાવ્યુંરે—શામળીઆ મ્હારૂં.
કાલિન્દીનું કાળું પાણી, માંહે વસે કાળો કાળી;
હવે આશા તે શી મળવાની, કેમ આવે વનમાળીરે—શા. મ્હારૂં. ૧
સંતાન રૂપી મોટું ધન તે, કરમે લીધું લૂંટી;
મ્હેં નવ જાણ્યું જતન કરી, રતન પડ્યું કેમ છુટીરે—શા. મ્હારૂં. ૨
પુત્ર પામી હું છેલ્લે આશ્રમે, ઉછેર્યો પ્રતિપાળી;
નીપનો રસ ઢળી ગયો હું, વિજોગ આગે બાળીરે—શા. મ્હારૂં. ૩
નાકે મોતી પાયે ઘુઘરી, મોર મુગટ શીર ધારી;
ફરી રૂપ હું ક્યાંથી દેખું, હારે આવે ગૌચારીરે—શા. મ્હારૂં. ૪
કાને કુંડલ મુખમાં મોરલી, સાંજે ગોકુળ આવે;
ભુખ્યો છોં કહી પેટ દેખાડે, મા કહી મુને બોલાવેરે—શા. મ્હારૂં. ૫
પીત પીછોડી કાછ કછે, મુજ કને નેતરૂં માગે;
હું ઘરડી માને થાકી જાણી, કોણ વળોવવા લાગેરે—શા. મ્હારૂં. ૬
તું પ્રાણેશ્વર, તું ગોપેશ્વર, ગોપી દેહ કેમ ધરશે;
બાળસખાની કોણ વલે, આ ગાયો ટીસી ટીસી મરશેરે—શા. મ્હારૂં. ૭
ઉંડા જળમાં વાસો કીધો, પાણીમાં કેમ ગમશે;
મોર પોપટ ને પુતળી, ત્હારે રમકડે કોણ રમશેરે—શા. મ્હારૂં. ૮
કાંઇ તું ગયો ને હું જીવુંછું, ઓછા સગપણ માટે;
સાચું વહાલજો તાંહાં જણાશે, સાંભળતાં હૈડું ફાટેરે—શા. મ્હારૂં. ૯
કાષ્ટપે પાષાણ કઠિણ છે, તેપે કઠિણ છે લોઢું;

વજ્ર તુલ્ય છે કાળજ મ્હારૂં, લોકને શું દેખાડું મ્હોડુંરે—શા. મ્હારૂં. ૧૦
ત્હેં મખાંતર દડાનું કીધું, મનમાં દુઃખ કાંઇ આવ્યું;
ઉખળનું બંધન આજ સંભાર્યું, તે માટે ઝંપલાવ્યુંરે—શા. મ્હારૂં. ૧૧
નંદ જસોદા ગાય ગોવાળા, વ્યાકુળ વ્રજની નારી;
ચાર ઘડી પુંઠે સર્વે પડજો, હળધર રાખે વારીરે—શા. મ્હારૂં. ૧૨

પ્રેમાનંદ.

સિદ્ધાર્થની છેલ્લી વદાય.

મ્હને પ્રેરતા તારક વૃન્દ! આ હું આવ્યો રે,
દુઃખ ડૂબ્યા ઓ જગ જન! આ હું આવ્યો રે;
તમકાજ તજું મુજ રાજ્ય, સુખો બહુ વિધિનાં રે,
રાજમન્દિર સુખમય સાજ, રજનિ દિન સુખનાં રે;
(સાખી) તજું સર્વ એ આ ક્ષણે, સહુ થકી દુસ્ત્ય જ એક
રાણી મધુરી! તે તજું હવે તુજ ભુજવલ્લી વ્હાલી સુરેખ.
(મૂળ ચાલ) તોય ત્હારો પણ ઉદ્ધાર થશે જગ સંગે રે,
અને તુજ ઉદરે આ વાર સ્ફુરે જે ઉમંગે રે.
મુજ શિશુ અંકુર એ આપણા પ્રેમનો ગૂઢો રે
થોભું આશિષ દેવા હેને, ડગું રખે હું તો રે;
ઉદ્ધરીશ હું એ પણ બાળ; અરે સહુ થોભો રે,
પત્ની, પુત્ર! પિતા! ક્ષણ વાર અને જગ લોકો રે;
આ અવસર કેરું દુઃખ સહો મુજ સંગેરે
જ્યોતિ પ્રગટે ને શીખે વિશ્વ ધર્મ ઉમંગે રે
કર્યો નિશ્ચય દૃઢ આ વાર, હવે હું ચાલું રે,

નવ પાછો ફરૂં કો કાળ, અચળ પથ ઝાલું રે.
(સાખી) સોધું સત્ય અતિ ગૂઢ તે મળતા લગી ફરૂં નહિ;
અન્વેષણુ અતિ તીવ્ર ને તપ ઉગ્ર ફળે જો કાંઇ.

(ચોપાઇ ત્રણુ તાલની)

કરી યશોધરાને પ્રણામ, સૂતી જે ભરનિદ્રામાં આમ,
કાંઇ ભાવ અવર્ણ્ય ભરેલાં, નાંખ્યાં તે તો વદન પર ઘેલાં;
હજી અશ્રુથી ભીનું વદન, લેવા છેલ્લી વદાયનું મન,
કીધી પ્રદક્ષિણા ત્રણુ વાર, શય્યા કેરી ધરી ભક્તિ ભાર;
જોડી ધડકતે હૃદયે પાણિ, બોલ્યો સિદ્ધાર્થ અવિચલ વાણીઃ-
"ફરી આ રમ્ય શય્યા માંહિ, કરૂં શયન કદી હું નાહિ"
ત્રણુ વેળા ગયો રાજન, પાછો આવ્યો વળી વેળ ત્રણુ;
હેવું રાણીનું સૌન્દર્યપૂર, હેવો પ્રેમ હેનો ભરપૂર;
અન્તે બળ કરી છૂટયો શયનથી, ધાર્યો શોક પછી નવ મનથી
ચાલ્યો, સ્યામ રજનિમાં ચાલ્યો, માર્ગ જ્યોતિ અનુપનો ઝાલ્યો.

નરસિંહરાવ.

જીવને બોધ.

વારંવાર માનવ દેહ નથી, પામ્યો તો ચેતે ધરથી;
જ્યારે જર્જર થાશે અંગ, ઇન્દ્રિય મુકી જાશે સંગ;
ત્યારે અખા જપમાલા ગ્રહે, ભાંગ્યે ઘડે પાણી કેમ રહે;
વૃદ્ધ થયો વંઠયું મન તન, ઉપાય ટળ્યો ને ખુટયું ધન;
ત્યારે ધર્મ સાધવા જાય, કહોયું કાપડ સોદો થાય;

અખા ભજી નહિ જાણ્યો નાથ, ભોંયે પાડ્યો ચારે હાથ;
પણુ સમજે સઘળો સંસાર, સમજે જાય સઘળો ભાર.
જેમ જેમ સાચું માને જન, તેમ તેમ વાધે દને દન;
અખા પ્રેત બ્હીતાને ખાય, [પણુ] ધીરજવાન તે કુશળે જાય.
એક અફીણુ બીજો સંસારી રસ, અધિક કરે તેમ આપે કસ.
જેમ જેમ અદકું ખાતો જાય, અંગે અકલે હીણો થાય;
જો મુકે તો મુવે સરે, નહિ તો અખા તે ખાતો મરે.
ભુખ્યો નર બહુ તક્રજ પીયે, જાણે ઉદર ભરીને પુષ્ટિ પામીયે
તેણે ધ્રાય નહિં ને વાધે રોગ, એમ અખા નોહે આતમભોગ.

તિલક કરતાં ત્રેપન વહ્યાં, જપ માળાનાં નાકાં ગયાં;
તીરથ ફરી ફરી થાક્યાં ચર્ણ, તોય ન પોતા હરિને શર્ણ;
કથા શુણી શુણી ફુટયા કાન, અખા તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન;
એક મુરખને એવી ટેવ, પત્થર એટલા પૂજે દેવ;
પાણી દેખી કરે સ્નાન, તુળશી દેખી તોડે પાન;
એ તો અખા બહુ ઉત્પાત, ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત.
જોજોરે મ્હોટાના બોલ, ઉજ્જડ ખેડે વાગ્યો ઢોલ;
અંધે અંધ અંધારે મળ્યા, જેમ તલમાંહી કોદરા ભળ્યા;
ઘેંસ ન થાયે ન થાયે ધાણી, કહે અખો તે વાતજ જાણી;
આંધળો સસરો ને શણગટ વહુ, કથા સુણવા ચાલ્યુ સહુ;
કહ્યું કંઈ ને સમજ્યાં કશું, આંખ્યનું કાજળ ગાલે ઘસ્યું.
ઉંડો કુવોને ફાટી બોખ, શીખ્યું સાંભળ્યું સર્વે ફોક;
બળદની તે કેમ થાયે ગાય, મુરખ મિથ્યા કરે ઉપાય;
જ્ઞાન વિના તે સાધન એવાં, અખા તેમાં ન લેવા દેવા.

દેહ દમન મુંડાનું કર્મ, મૂરખ જાણે માંડયો ધર્મ;
પીડે પિંડ તે પેટને કાજ, કાયા કસી જાચે મહારાજ;
ત્હેં જાણ્યો છે તે નોહે ધર્મ, અખા કુસકા કુટે શ્રમ;
ચૈતન્ય બ્રહ્મ વદે વેદ જાણુ, તું તો પૂજે પીત્તળ પ્હાણ;
ટીલાં ટપકાં કાઢે ખાસ, જાણ્યો મારગ પણ છે મેવાસ;
વંદે ચરણને નંદે પિંડ, ભક્તિ નોય્યે અખા પાખંડ;
પંડ પખાળે પૂજે પ્હાણ, મનમાં જાણે હું તે જાણ;
કોઇ વર્ણ વેષ અહંકારે મરે, વ્હાણ સોનાનું તે નવ તરે;
મન જાણે હું પાવન થયો, પણ રેખ દોષ પેલો નવ ગયો;
પરને વળગ્યો હીંડે અંધ, આંખ્યાળો નવ વળગે અંધ.
દાન દયા શીળ કહેતા જાય, મંત્ર જાપ તીરથ મહિમાય;
અખા બાળકની પેરે થયું, બોરાં સાટે ઘરેણું ગયું;
ખરાબ થયો જીવ વ્યસને કરી, કર્મ વેર્યાં ને ખોયા હરિ;
મરડી મુછ મુખ વાંકા બોલ, કાલ વાગશે ઢીલા ઢોલ;
અખા વરણાગી વણશી જશે, ભુંડા ભગળ ઉઘાડાં થશે;
એક મેલો મંત્ર ને બીજો કુતર્ક, સાધકને મુખે મુકે નર્ક;
અખા ઇશ્વરને નહિ છેતરે, લાંબો દાંતો બ્હેલો ખરે;
કલ વકળ કાળ મન કશી, શું બાળક છે જે છેતરશો હસી;
હિરણ્યકસ્યપે વર માંગ્યો છળે, હરિયે તે ઘાટ ઘાલ્યું કળે;
તો અખા તે હરિશું શી હોડ, હથેલીથી ઉછળો તે કહોડ;
અખા અહંકારને ટાળી જોય, તું ન રહે તો સિદ્ધિ સાથે શીદ મ્હોય.

કોઈ કહે મોટો શિવદેવ, કોય કહે વિષ્ણુ મોટો અહમેવ;
કહે આદ્ય ભવાની સદા, બુધ કલ્કીના કરે વાયદા;

જૈન કર્મની સદા દે શાખ, યવન માને કલમે શરિક;
અખા સૌ બાંધે બાકરી, કોય ન જુવે હરી પાછો ફરી;
ઘણા શબ્દ પડ્યા જે કાન, ત્હેને ત્હેનું લાગ્યું ધ્યાન;
એમ ગોથાં ખાતો સંસાર, અખા વિના વસ્તુ વિચાર;
બ્રાહ્મણ કહે સત્ય કરવા યજ્ઞ, પશુ વધ કીધે હોયે પુણ્ય;
જૈન કહે હિંસા પાપ, અખા ધર્મ પણ જુજવા થાપ.
માણસરૂપે દેવ ઉત્તમ લખે, ત્યાં મદ્ય માંસને ભખે;
બુદ્ધિ પ્રમાણે લખી ગયા, બુદ્ધિ પ્રમાણે વાંચે રહ્યા;
બુદ્ધિ પ્રમાણ સૌ સાંભળે, બુદ્ધાતીતથી સૌ ચળવળે;
મ્હોટી તાણ છે પંથજ તણી, નથી જુજવા એક છે ધણી;
પોતાના ઇષ્ટિની પાળવી ટેક, સકળ ઇષ્ટનો અધિપતિ એક;
જેમ રાજા એક ને પ્રજા જુજવી, અખો તે રીત જુવે અનુભવી;
જ્યાં શુચિ અગ્ર રહેવા નહિ ઠામ, એમ ભરી પૂરણ રહ્યો રામ;
કોને કર્તા ન જાણ્યો જડે, વઢે ઢીંકે ને કટારી કડે;
કહે અખો હું ઘણોએ રટ્યો હરિને કાજે મન આવટ્યો;
ઘણાં કૃત્ય કર્યાં મ્હેં બાહ્ય, તોય ન ભાંગી મનની દાઝ.

૯૦

બ્રહ્માદિક નવ પામ્યા પાર, એમ જાણીને ખાશો માર;
અગમ અગોચર સૌને હરિ, બ્રહ્મા કીટ લગી માયા આવરી;
અખા હરિ જો મળનારા થાય, ન ગણે ઉંચ નીચ રંક રાય;
કુળ અધિકાર અધ્યયન ચાતુરી, પાપી મૂર્ખ ત્યાં ન જુવે હરિ;
જેમ વાયની વળણે લાગે લ્હાય, પણ ડામું જમણું ન ગણે વાય;
ત્યમ ઉંચ નીચ ન ગણે નારાણ, અખા એમ ખરાખરી જાણ;
ઉચ ખરા તે ઉંચ ન જાણ, નીચ તે નોહે નીચ નિર્વાણ;

ઉંચમાં રામ બમણો નથી ભર્યો, નીચ પીડે ઠાલો નથી કર્યો;
સાચો મારગ જે કોઇ લીયે, મિથ્યા મારગ મુકી દીયે;
અટળ વસ્તુને અહોનિશ ધ્યાય, ટળને બાંધણે બાંધ્યો નવ જાય;
ટળમાં રહે અટળ શું પ્રીત, અખા એવા પુરૂષની થાશે જીત;
ગવરાવ્યા જશ હરિના ગાઓ, હરિના છોને હરિના થાઓ;
હરિજને ગ્રહ કહો શું કરે, જે ગ્રહ બાપડા પરવશ ફરે;
રવિ ભમતોને શશિ નોખે, રાહુ તો ધડવોણો રહે;
કાણો શુક્ર ને લુલો શનિ, બૃહસ્પતિએ સ્ત્રી ખોઇ આપણી;
અખા નહિ ઉધારે પડી, હરિજન મુક્તિ આપે રોકડી.

અખો.

પુષ્પ.

પ્રિય પુષ્પ! તને અહિંથી ઉચકી,
લઉં હાથ વિશે બહુ હર્ષ થકી;
પણ કાંઇ વિચાર વિશે ચમકી,
જગ હાલ વિચારૂં.
કરમાઇ જવા નકી તુંજ ખીલ્યું,
તુજ શ્રેષ્ઠ સુગંધ મહીં નીકળ્યું;
ગુઢ બોધ દઇ ખરી ભૂમિ ઢળ્યું,
સહુ આખર ખારૂં!
અતિ રંગ અનુપમ અંગ ધર્યો,
દીપવા વળી ખૂબ ઉમંગ ભર્યો;
ખડી ડોક થકી બહુ ઠાઠ કર્યો,—
સહુ એ શિદ ધાર્યું?
શુભ દિન ઉગ્યો નકી રાત થવા,

ઉદધિ ઉછળે ભરી ઓટ જવા;
ઉડશે થઇ જીરણ રંગ નવા,
નહિં તેં શું વિચાર્યું ?
જન કૈક જગે ન વિચાર કરે,—
(ન ધરાપર પાય જરાક ઠરે !)—
નિજ ઉત્તર સ્થિતિ નહિં સમરે,
સહુ ભાવિજ ભૂલી.
પણ આખર પાય ઢીલા બનશે,
પસતાઇ ઘડી ઢળીને ગણશે;
ઢળતા ઢળતા ભૂમિમાં ભળશે,
ભવસાગર ડૂબી !
પણ એહ જનો તુજ હાલ અહીં,
નિરખે કદી આ ઘડી એક રહી;
પ્રિય પુષ્પ ! કહે, શીખવે શું નહિં,
વિધિ મર્મ જ તું તો ?
તુજમાં સહુ એહ સમાઈ ગયો,
વળી વિશ્વ તણો વર ભેદ રહ્યો;
તુજ સાથ ખરે નિરખું અહિં એ,
ખુદ કાળજ સુતો !
તુજને ઉચકી ધરૂં જ્યાં હું કરે,
તુજ ડાંખલી, પાંખડી, સર્વ અરે;
પણ હે પ્રિય કોમળ પુષ્પ ! ખરે,
કદી જો સમજુ હું.
અહિં કોણ જ છે ધરણીપર તું,

મ્યાગ, સૌ, વળી સૌ મહીં સૌ બનતું;
તવ શું ઇશ માનવિ છે વરતું,
ઝટ એ સઘળું હું!!

ખબરદાર.

ગિરનારને ચરણે.

ઉગ્યું સવાર સુખ રૂપ સખી! અમારૂં;
યાત્રા હજો શુભ સુખી અમ ઉર્ધ્વે ગામી;
માંડી સિંહાસન સર્વે ગિરનાર શૃંગે,
યાત્રાળુને કનક અંગુલિથી નિમન્ત્રે.
આકાશમાંથી ઉડુમંડલ સંચર્યું'તું,
આતિથ્ય અર્ધ્ય રવિ એક જ અર્પતો'તો:
લેઇ લેઇ નમણું ઉર નામતું'તું,
લીલા વિમુગ્ધ પડતું લચી દેવ પાદે.
પ્રાચી વિશે વિચરતા અમ સૂર્ય દેશે,
તેજના ઝરણુ કોટિક ફૂટતાં'તાં;
જ્યાં ઊડતા અમિત ભાર્ગવના ફુવારા,
આત્મન્ તૃષા છીપવવા લીધ પન્થ ત્યાંના.
ન્હોતી સીમા ગગનનીય રચન્તી બાધા,
ન્હોતી સીમા જગત કે જગબન્ધનોની;
ન્હોતાં જ સંકલન તે સ્થલ કાલ કેરાં,
નિઃસીમ એમ વહતા પ્રભુના પ્રવાહે.

લેતાં વિરાટ પગલાં સખી! વિશ્વ ગોળે,
વર્ષો સહસ્ર કુદતા મૃગલાની ફાળે;
ઊભા પુરાણતીર, લોચન વર્તમાન,
એનું હતું બલ વિભુ નવ પ્રેરણાનું.
હા! કાલશશિ સરિખા ગિરિ રાજતા તે,
ને એક ભૂતકણ ત્યાં ચરણે પડેલો;
રાજેન્દ્ર કો થઇ ગયા સખી! ધર્મ ગોપ્તા,
તે ગાય વંશવિધુની ગુણવંત ગાથા.
શું સ્થૂલ સુક્ષ્મ લહરી નથી એક પૂરે?
શું સ્થૂલ નેત્ર નવ ચેતન મન્ત્ર વાંચે!
શું સૂક્ષ્મની ન વશી સુન્દરતા સ્થૂલોમાં?
શું સ્થૂલમાં ન ઉભરે ચિર ચેતનત્વ?
જોયું અમે ગિરિકણે, સ્થૂલની શિલામાં,
જોયું અમે ઉંડું ઉંડું, અદ્‌ભુત દીઠું;
તે એક શૈલ કણના ઉરમાંહી જોતાં;
ઇતિહાસવાહી લીધ દર્શન ત્યાં પ્રભુનાં.
આદ્યન્ત આ જગત્ જીવનને ભરીને,
ઘોરે અઘોર નીર સાગર કાલ કેરો;
ને તે મહાકમલની દલ પાંદડીમાં,
મોંઘો સખી! પરમ બ્રહ્મપરાગ ઊડે.

મારી છલંગ સખી! સાગર એક કૂવા,
નિહાળ્યું ભારત સુસાત્ત્વિક વન્દનીય;
નિહાળી શ્વેત ગિરિમાળની હિમભૂમિ,
ને સાધુ સાધ્વીની દીઠી મહિં શીવ રેખા.

ઓળંગી એ હિમભૂમિ, જલધિની ઝાડી,
આહ્‌લાદિની વિચરતી દીઠી ધર્મધેનુ;
ત્યાં નિરખી સુભગરાઘવપાદ લંકા,
ને વીરબીરી બટુકો મહિં સ્તોત્ર ગાતાં.

સિદ્ધાર્થ દેવ દીધ ભારતી એક વત્સા,
પોષી સહર્ષ સુરનન્દિની ચન્દ્રગુપ્તે;
દે ખંડ ખંડ દુધ રાજર્ષિ અશોક,
સૌ એક શૈલકણમાં ગૂઢ પ્રાણ! દીઠું.

ગાલે ઢળે નમણી પાંપણ અર્ધ મીંચી,
ઢાંકે પુનઃ પુનઃ પાલવ ઉરદેશ;
સંકોરી કોર સરતી કરવેલડીએ,
તેના નથી રસિક શાસ્ત્રીય ભાષ્યકારો?

દીઠી શિલા મહિંય સાગરની સમૃદ્ધિ,
દીઠો સ્થૂલે મહત્ ચેતન ઓઘ વ્હેતો;
તો શૈલને જડ પછી વદવું સખી! કાં?
તો શૈલને જડ કહી સખી! નિન્દવું શેં?

જ્યોતિ ઝીલી મહતભાવ દિનેશ કેરી,
સત્કારી સપ્રભ વિશાળ કૃપાની ધારા;
ચાલ્યા અમે પછી પીતા જ વરેણ્ય ભર્ગ,
આતિથ્ય દેવકુલનું સખી! યાચવાને.

ન્હાનાલાલ.

સ્વદેશસ્તોત્ર.

મ્હારી ભરતભૂમિ!
રૂપાળી, રઢિયાળી, યશાળી, સુશીલ પુનિત!
તારા ચરણ ચૂમી (૨) } ટેક.

આનંદે વંદું જય જય હરદમ નિત્ય!
દુનિયામાં દેશ અનેક જ છે;
સૌ સૌમાં કાંક વિશેષ જ છે!
પણ તું તો અલૌકિક એક જ છે!—
મ્હારી ભરતભૂમિ!

કોણ આવે હિમાલયની હારે!
કોહીનૂરે અન્ય હીરા હારે;
વણ શેલડી સરસ સાકર ક્યાંરે!—
મ્હારી ભરતભૂમિ.

શી ફળદ્રુપતા સ્થળ સ્થળ સોહે!
નવરંગી રમણી મનડાં મોહે!
જાણે વાડી વિશ્વંભરની જ હોએ!
મ્હારી ભરતભૂમિ.

સાથે વિશ્વંભરવ્હાલી તું ઝાઝી;
સમૃદ્ધિ સ્વાભાવિક બધી સાજી,
ત્હને પ્રભુએ કરી પ્રિય પ્રમુખાજી.
મ્હારી ભરતભૂમિ.

દેખી દુનિયા મરે છે દિલ દાઝી,
પણ ફીકર ન રાખ પ્રભુ તું રાજી!

હાય ! હાલ ત્હેની છે ઇતરાજી !
મ્હારી ભરતભૂમિ.
ત્હારો વાંક નથી જ, તથાપિ એ,
અમે ભ્રષ્ટ કપૂત મૂઢ પાપીએ;
દેવ છેક દુભ્યો ! દુભિયે હજીએ !
મ્હારી ભરતભૂમિ.
મદ, આળસ, ઈર્ષા ને અનીતિ;
મતિ મતલબી, આંધળી નીચ અતિ;
સુખ સાર્વજનિક સમજે ન રતિ,
મ્હારી ભરતભૂમિ.
જાણી જન્મ ભૂ ભક્તિ તો નામે નહિં;
એક પેટની વેઠ અખંડ લેહી,
ઉંચી ઓડ બળદીએ કીધી ન કહીં,
મ્હારી ભરતભૂમિ.
એવા જનને ધિક ધિક ધિકઃ જ છે,
કીડી કાગડા એથી તો ઠીક જ છે;
જેને જાતિની દાઝ અધિક જ છે !
મ્હારી ભરતભૂમિ.
હોટેંટાટ, કાફીર જે કહો,
જંગલીમાં જંગલી જે લોકો;
જન્મ ભૂમ ભજન અનભિજ્ઞનકો,
મ્હારી ભરતભૂમિ.
સ્ત્રીઓ પણ અબળા જે બાકી,
ત્હેણે દેશ ભક્તિ સબળા દાખી;

ઇતિહાસ છે જ એનો સાખી,
મ્હારી ભરતભૂમિ.
જન્મ જન્મી જન્મ ભુમિ જે ન ચહે,
સૃષ્ટિ ક્રમ વિરૂદ્ધ રાક્ષસ એ;
રે રાક્ષસે રૂડા સ્વ પક્ષે રહે,
મ્હારી ભરતભૂમિ.
આવા ભ્રષ્ટ સંગે ભંડાઇ માતા,
જે જગને સુજનતા સુખ દાતા;
જેનો જશ જશવંત હજી પણ ગાતા,
મ્હારી ભરતભૂમિ.
તું તો સત્વગુણી તત્વ જ વેત્તા,
દેશદેશથી પંડીત જ્યાં વહેતા,
થઇ શિષ્ય સહોત્સાહે રહેતા.
મ્હારી ભરતભૂમિ.
ત્હારા કાર્યે ત્યારે યવને ભાળ્યાં,
મહા શીળ નિર્મળ, બુદ્ધિવાળાં,
અહા, "દેવાં કમાડે પડે ન તાળાં,"
મ્હારી ભરતભૂમિ.
સેવું નિત્ય પુનિત તવ રજ ચૂમી,
ધન્ય ભાગ્ય નવલનાં તું જન્મ ભૂમિ;
ત્હારિ ભક્તિ રગેરગ રહી જ ઘુમિ,
મ્હારી ભરતભૂમિ.

નવલરામ.

ગુજરાત.

૧ ધન્ય હો ! ધન્ય જ પુણ્ય પ્રદેશ !
અમારો ગુણિયલ ગુર્જર દેશ;
કૃષ્ણચન્દ્રની કૌમુદીઉજળો,
કીધ પ્રભુએ ય સ્વદેશ:
અમારો ગુણિયલ ગુર્જર દેશ. ધન્ય હો !

૨ આર્યનું સાગરતીર્થ પુરાણ,
તપોવન ભૃગુવસિષ્ઠના ભાણ;
ગીતાના ગાનારા મહારાજ
પાર્થના સારથીનાં જ્યાં રાજ્ય:
ગ્રીસ રોમથી ય જૂનાં,
કુરુપાંડવથી યે પ્રાચીન,
સોમનાથ, ગિરિનગર, દ્વારિકા:
યુગયુગ ધ્યાનવિલીન
ઉભીને કાલસિન્ધુને તીર
બજાવે બંસરી ભવ્ય સુધીર. ધન્ય હો !

૩ સ્થળેસ્થળ નવપલ્લવના પુંજ,
નદી ને તળાવ કેરી કુંજ;
કોમળી કવિતા સમ સુરસાળ
સિન્ધુ જ્યહાં દે મોતીના થાળ;

જગજૂનાં નિજ ગીત ગજંતો
ફરતો સાગર આજ;
કેસર ઉછળી ઘૂઘવે ગરવો
વનમાં જ્હાં વનરાજ;
ગિરિગિરિ શિખરશિખર સોહન્ત
મન્દિરે ધ્વજ ને સન્તમહન્ત.

૪ પૂર્વેથી પશ્ચિમ વહે પ્રકાશ,
વ્હાણ ભરી વ્હેતી તેમ નિકાસ,
મોહી આંગણ ઉતર્યો જ યૂરોપ,
વીણવા વાડીના ફૂલરોપ;

વીણી ન વણસે પુણ્યપાંગરી
એમ રસભૂમિની છાબ;
જગમોહન મુંબઇ નગરી જૂવો!
શું પાથર્યો કિનખાબ;
નિત્ય નવફૂલે ખીલે અભિરામ
લક્ષ્મીમ્હોર્યં લક્ષ્મીનાં ધામ. ધન્ય હો!

૫ ચોળી, ચણિયો, પાટલીનો ઘેર,
સેંથલે સાળુની સોનલ સેર;
છેડલે આચ્છાદી ઉરભાવ,
લલિત લજ્જાનો વદન જમાવ,
અંગ આખે યે નિજ અલબેલ

સાળુમાં ઢાંકતી રૂપની વેલ;
રાણુકતનયા, ભાવશોભના,
સુન્દરતાનો શું છોડ!
આર્યસુન્દરી! નથી અવનીમાં
તુજ રૂપગુણની જોડ;
ભાલ કુંકુમ, કર કંકણસાર,
કન્થનાં સજ્યાં તેજશણગાર. ધન્ય હો!

૬ ખેતરો ન્હાનાં, ન્હાની શી પોળ,
નાતજાતે ન્હાનડિયા ઘોળ;
ક્ષત્રીજાયાનાં ન્હાનલ રાજ્ય,
ધર્મના ન્હાનકડા જ સમાજ;
વૃદ્ધ ચાણાક્યે વર્ણ્યાં પૂર્વે
ન્હાનાં પ્રજાનાં તન્ત્ર,
એહ પુરાતનના પડછાયા
આ અમ જીવનજન્ત્ર;
એક ફૂલવેલે ફૂલતાં ફૂલ,
અમારો એક સુગન્ધ અમૂલ. ધન્ય હો!

૭ દેશ નિજ તજી ધર્મને કાજ
સાગરે ઝુકાવ્યું સફરી જહાજ;
ધર્મવીર પારસીનો સત્કાર
જગત્ ઇતિહાસે અનુપ ઉદાર;

ઇસ્લામી યાત્રાળુનું આ
મક્કાનું મુખબાર;
હિન્દુ મુસલ્મિન પારસીઓને
અહિંયાં તીરથદ્વાર;
પ્રભુ છે એક, ભૂમિ છે એક,–
પિતા છે એક, માત છે એક,–
આપણે એકની પ્રજા અનેક. ધન્ય હો!

૪ નથી રમી સમશેરોના દાવ,
નથી ત્યમ ઘણા ઝીલ્યા યે ઘાવ;
શ્રી કૃષ્ણે કુરુક્ષેત્રની મ્હાંય
લીધાં વ્રત, જાણે હજી ય પળાય;
એક ઇડરના વનકેસરીએ,
ભડવીર આપ્પારાવ,
વિશ્વવન્દ્ય સૂરજકુળ સ્થાપી
ચિતોડ કીધ યશછાંવ:
જન્મભૂમિ દયાનન્દનાં ધામ,
ગાંધીનાં ગીતાજીવન નિષ્કામ. ધન્ય હો!

૫ સૂરતના રસિક રંગીલા રાજ,
બુદ્ધિધન ભર્યો શ્રીનગરસમાજ;
શૂરવીર સૌરાષ્ટ્રી યશવાન,
કચ્છના સાહસિક સન્તાન;

ખંડખંડ વિસ્તરતો હિન્દી
મહાસાગર મહારેલ,
તીરતીર જઇ સ્થાપી ગુર્જરી
સંસ્થાનોની વેલ;
મહાસાગરની પૃથ્વિ વિશાળ,
સરોવર કીધાં ગુર્જરી બાળ, ધન્ય હો!
વનેવન લીલો ઘટાસોહાગ,
જગતનો દીપે શું અમુલખ બાગ!
સમજાવ્યા જેને રસશણગાર,
લતામંડપ સમ ધર્માગાર;
ભારતીએ કંઈ ફૂલ ફુવારો
અંજલિમાં શું લીધ!
દિશદિશમાં ફૂલધાર ઉડાવી
દિલનાં પરિમળ દીધ!
હિન્દમાતાની લાડિલી બાળ!
ગુર્જરી! જય! જય! તવ ચિરકાળ! ધન્ય હો!

ન્હાનાલાલ.

"મેઘને".

૧

ઓ મેઘ! વૃષ્ટિ લાવજે,
તુજ રેલ આંહિ રેલાવજે!

ગડગડ કરી,
ભડભડ ભરી,
રણવાદ્ય તુ જ વગડાવજે !—
ધરણી વિશે કંઈ તાપના સંતાપ છે,
પૂરે પડ્યા મનહરમુખી કંઇ પાપ છે;
એ સર્વને તુ જ રેલમાં ઘસડી જઇ હોમાવજે;
ઓ મેઘ ! કર કર વૃષ્ટિ ! દૂર દૂર સર્વ એ વહેવડાવજે !

૨

આકાશને સહુ છાઈ દે,
તુજ સફળ દળની વધાઇ દે;
સરસર સરી,
રસરસ ઝરી,
જગને અમીરસ પાઇ દે !—
નિર્દોષ કંઇ જગ બાળકો અથડાય છે,
જીવન નિરસ ગણીને નિરાશજ થાય છે,
તું તેમનાં ઉર છાઇને આશા નવી અંકાવજે,
ઓ મેઘ ! કર કર વૃષ્ટિ ! રસરસ અંતરે ઉછળાવજે !

૩

તુજ બાણુ રંગિન તાણજે,
મારૂં રંગ હસતા આણજે;
દિનકર તણા
મુખ સમના
હયના ખુંખાર પ્રમાણજે !—

શુદ્ધ પ્રેમને જગમાં હું જોઉં રીબતો,
બહુ શોકઘેરા રંગમાં ડૂબી જતો;
એ પ્રેમમાં તુજ બાણુના રંગો મુદિત રંગાવજે
ઓ મેઘ! કર કર વૃષ્ટિ! તુજ શીત હાસ્યમાંહિં હસાવજે!

૪

તુજ દાન દેતો ઘૂમીને
કર તૃપ્ત ભુખી ભૂમિને!—
સહુ ભય હરી,
જય જય કરી,
ઉર ઠારશે પદ ચૂમીને!—
ભુખ્યાં ભુખ્યાં આ જગતનાં બહુ માનવી,
તૃષ્ણા ઊંડી અતિ વિકટ છે સહુ જાણવી;
જરી વેળ પણ તું તેમની ઊંડી ભુખને ભુલાવજે,
ઓ મેઘ! કર કર વૃષ્ટિ! જય જય ત્હારી ત્યાં ઉચરાવજે!

૫

અયિ! કૂદતો કંઇ આવજે!
ભર સિંધુને ઉછળાવજે!
જળ પુરમાં
ખુબ શૂરમાં
નદી ને ઝરા દોડાવજે!—
આ દેશનું વીરત્વ મંદ પડી ગયું,
ઉડયું તેજ, કાળ પ્રહાર સહીજ રડી રહ્યું;
તેને જગાવી મંત્ર ફુંકી ઊર્મિઓ ઉકળાવજે,
ઓ મેઘ! કર કર વૃષ્ટિ! હરહર વીર હાક પડાવજે!

૬

જળ ઘોધ ત્હારા ઢોળતો
પડ ગ્રીષ્મને ચગદોળતો,
નભ ભરી નીરે,
તુજ રિપુ શિરે,
નાચી રહે રણ રોળતો !—
જુઠાં કલહ ને કપટ આ સંસારમાં,
વળી ક્રૂરતા ને દ્વેષ કંઇ નરનારમાં;
એ સર્વ સુખરિપુને જગતમાંથી હરાવી હઠાવજે,
ઓ મેઘ ! કર કર વૃષ્ટિ ! સૌ તુજ ઘોધમાં વ્હેવડાવજે !

૭

ઓ મેઘ ! વૃષ્ટિ લાવજે !
પશુ પંખીને હરખાવજે !
તુજ રવ ભરી
છળ છળ કરી
ઉર ગાનમાં છલકાવજે !—
કવિ–અંતરે કદી શુષ્કતા આવી વસે,
નિરસ કદર હિણુ જગતથી મંદજ થશે;
તેને ફરી તું જગાવીને તુજ ગાનપાન કરાવજે,
ઓ મેઘ ! કર કર વૃષ્ટિ ! તુજશું કલ્પના વ્હેવડાવજે !

૮

રસધર ! ઉતર આકાશથી !
રમિયે અહિં ઉલ્લાસથી

જગ અણુદિઠા
અદ્‌ભુત મીઠા
કંઇ ખેલ રાસ વિલાસથી !
મુજ હૃદયને ચમકારથી ચમકાવી દે !
રસ દિવ્ય ધામ થકી ઊંડો મધુ લાવી દે !
રે આવ ! કુદિયે નાચિએ ! કંઇ વિવિધ ભાવ જગાવિયે !
ઓ મેઘ ! કર કર વૃષ્ટિ ! જગને રસરસે ન્હવડાવીએ !

ખબરદાર.

માનવ બાળક.

અકળિત કળા હરિની નહિં કોઇ કળે !
ભર સૃષ્ટિસમુદ્ર વિશે ધસડાઇ જતા;
તરણા સમ તુચ્છ મનુષ્યની બુદ્ધિમતા,
અફળાઇ ઝીકાઇ બની દીન ભૂમિ ઢળે.
જગ જ્ઞાન વિદ્યા વધતી બહુ જાય ભલે,
પણ—માનવ—બાળક તો અહિં ખાય ખતા;
ભવ્ય કુદરત પોથી તણા કંઈ અંક છતા,
પણ મૂઢ બની નિરખે, નહિં મર્મ મળે !
નિજ માનવ-બાળકને જગતાત દિયે,
કરવા કંઇ એક હિસાબ સુધાન્ય ધરી;—
લખતો ભૂસતો શ્રમ એકલડોજ લિયે,
પણ ભૂલી રડે, ન મળે કંઇ મેળ જરી !—
જગતાત કહે હસતો “અહિં આવ ફરી,
પ્રિય બાળક આપણ સાથ મળી કરિયે !!”

ખબરદાર.

અમર આશા.

કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઇ છે !
ખફા ખંજર સનમનામાં રહમ ઉંડી લપાઇ છે !—કંઇ.
જુદાઇ જીંદગી ભરની કરી રો રો બધી કાઢી;
રહી ગઈ વસ્લની આશા, અગર ગરદન કપાઇ છે—કંઇ.
ઘડી ના વસ્લની આવી, સનમ પણ છેતરી ચાલી;
હજારો રાત વાતોમાં, ગમાવી એ કમાઈ છે—કંઇ.
ઝખમ દુનીયાં ઝમાનોના, મુસીબત ખોફનાં ખંજર;
કતલમાં એ કદમબોસી, ઉપર કયામત ખુદાઈ છે—કંઇ.
શમા પર જાય પરવાના, મરે શીરીં ઉપર ફરહાદ;
અગમ ગમની ખરાબીમાં, મઝેદારી લુંટાઇ છે—કંઇ.
ફના કરવું ફના થાવું, ફનામાં રાહ સમાઇ છે;
મરીને જીવવાનો મંત્ર, દીલબરની દુહાઇ છે—કંઇ.
ઝહરનું નામ લે શોધી, તુરત પીલે ખુશીથી તું;
સનમના હાથની છેલી હકીકતની રફાઇ છે—કંઈ.
સદા દિલના તડપવામાં સનમની રાહ રોશન છે,
તડપતે તૂટતાં અંદર, ખડી માશુક સાંઈ છે—કંઇ.
ચમનમાં આવીને ઉભો, ગુલોપર આફરીં થઇ તું:
ગુલોના ખારથી બચતાં, બદનગુલને નવાઈ છે—કંઇ.
હજારો ઓલીયા મુરશિદ, ગયા માશુકમાં ડૂલી:
ન ડૂલ્યા તે મુવા એવી કલામો સપ્ત ગાઇ છે—કંઈ.

મણીલાલ નભુભાઇ.

ઉંડી રજની.

આ શી ઉંડી રજની આજની ભણે ઉંડાં ભણકાર!
ઘેરી ગુહા આકાશની રે, માંહિ સુતો ઉંડો અંધકાર,
ઉંડા ડુબ્યા નભતારલા કંઇ ગૂઢ સંદેશ વ્હેનાર રે.
આ શી ઉંડી રજની!

શાંતિપૂર રેલી રહ્યું રે ઉંડું, અદ્‌ભુત, સહુ ઠાર,
એ પૂરને ઝીણું ઝીણું હલાવી છાનો અનિલ રમે સુકુમારરે;
આ શી ઉંડી રજની!

ડુબી ઉંડી એ પૂરમાં રે તરૂવર કેરી હાર,
મોહ મંત્રથી મૂઢ બની એ કાંઈ કરે ન ઉચ્ચાર રે,
આ શી ઉંડી રજની!

મૂઢ બન્યો એહ મંત્રથી રે સ્તબ્ધ ઉભો હું આ વાર;
ગૂઢ અસંખ્યો ભેદો કાંઇ કરે ચોગમ ઘોર ઝંકાર રે;
આ શી ઉંડી રજની!

જાગી ઉઠી એ ઝંકારથી રે અનુભવું દિવ્ય ઓથાર;
ભરાયું ભેદ અસંખ્યથી રે મ્હારૂં હૃદય ફાટે શત ધાર રે;
આ શી ઉંડી રજની!

ગુંથાયું એ શત ધારથી રે એહ સ્તબ્ધ હૃદય આ ઠાર;
શાંત, અદ્‌ભુત, ઉંડા કંઇ શુણે ઉચ્ચ ગાનના પોકાર રે;
આ શી ઉંડી રજની!

નરસિંહરાવ.

અવસાન.

મનજી મુસાફર રે, ચાલો નિજ દેશ ભણી;
મુલક ઘણા જોયા રે, મુસાફરી થઇ છે ઘણી, ટેક.
સ્વપુર જવાનો પંથ આવ્યો છે, રખે ભૂલતા ભાઇ;
ફરીને આ મારગ મળશે નહિ, એવી છે અવળાઇ;
સમજી ને ચાલો સુધારે, ન જાશો ડાબા કે જમણી. મનજી મુસા.
વચે ફાંસિયા વાટ પાડવાને, બેઠા છે બે ચાર;
માટે વળાવા રાખો બે ત્રણેક ત્યારે તેનો નહિ ભાર;
મળ્યો છે એક ભેદી રે, કહેલી ગતિ સરૂ તે તણી. મનજી મુસા.
માલ વહોરો તો વહોરો શેઠના નામનો, થાય ન કાંઇ અટકાવ;
આપણો કરતાં જોખમ આવે ફાવે ધણીનો દાવ;
એટલા સારૂ રે, ન થાવું વહોરતના ધણી. મનજી મુસા.
જોજો જુગત થકી જાવું છે, કરજો સંભાળીને કામ;
દાસ દયાને એમ ગમે છે હવાં, જઇયે પોતાને ગામ;
સુજે છે હવાં એવું રે, અવધ થઈ છે આપણી. મનજી મુસા.

દયારામ.

અવસાન સંદેશ.

નવ કરશો કોઇ શોક—રસિકડાં, નવ કરશો કોઇ શોક—ટેક.
યથાશક્તિ રસપાન કરાવ્યું, સેવા કીધી બનતી—રસિકડાં.
પ્રેગી અંશને રૂદન આવશે, શઠ હરખાશે મનથી—રસીકડાં.

મર્મ ન સમજે બકે શંખશઠ, વાંકું ભણે બહુ પણુથી—રસિકડાં.
એક પીડમાં બીજી વ્હીડથી જળશે જીવ અગનથી—રસિકડાં.
હતો દુઃખિયો થયો સુખિયો, સમજો છુટયો રણુથી—રસિકડાં.
મુઓ હું ત્હમે પણ વળી મરશો, મુક્ત થશો જગ તમથી—રસિકડાં.
હરિકૃપાથી મમ ક્ષેખ ચિત્રથી, જીવતો છઉં હું દમથી—રસિકડાં.
વીર સત્ય ને રસિક ટેકીપણું, અરિ પણ ગાશે દિલથી—રસિકડાં.
જુદાઇ દુઃખ તે નથી જ જવાનું, જાયે માત્ર મરણુથી—રસિકડાં.
મરણ પ્રેમીને ખચિત મોહ્‌ડું છે, દુઃખ વધે જ રૂદનથી—રસિકડાં.
જગત નીમ છે જનમ મરણુનો, દઢ રહેજો હીંમતથી—રસિકડાં.
મ્હને વિસારી રામ સમરજો, સુખી થાશો તે લતથી—રસિકડાં.

નર્મદાશંકર.

મૃત્યુને પ્રાર્થના.

તોટક.

પળવાર જ મોત! તું થોભ્ય ભલા!
મરવું મુજને હજી ના ગમતું;
ખીલતી બધી આશ હજી ન લણી;
નિરખું તુજ ચક્ર શિરે ભમતું.
સુખ કોશ હજી ભરિયા ન પૂરા;
હજી ગાન બધાં મુજ છે અધૂરાં;
મુજ અશ્રુ હજી સઘળાં ન ઢળ્યાં;
પળવાર જ થોભ્ય તું મોત ભલા!

નરસિંહરાવ.

મૃત્યુ સ્વરૂપ.

કાં ભ્રમ માંહિ ભમો ઓ ભાઇ? સુણો સાચું કહું રે લોલ;
તિમિરે જનમ્યું, તિમિર જતાં ક્ષણ, મૃત્યુ મરી ગયું રે લોલ.
વ્યર્થ ભયે રચી મૂર્તિ ભયાનક, જગ બ્હીતું રહ્યું રે લોલ;
જ્ઞાન તણી તલવાર અડકતાં મૃત્યુ મરી ગયું રે લોલ.
યોગમ નાંખી નજર નિહાળું હું–મૃત્યુ ક્યહાં રહ્યું રે લોલ
માયા દેહ ધરંતું એહ જ, મૃત્યુ મરી ગયું રે લોલ.
જોયું જીવન તત્વ સનાતન, સત્ય પ્રકાશિયું રે લોલ,
અમરપણું પ્રગટ્યું, પછી તત્ક્ષણ મૃત્યુ મરી ગયું રે લોલ.
જીવન પરજીવન બે એક સરિતનું વ્હેણ છે રે લોલ
રૂપ બદલતું જીવન તે પરજીવનમાં ધસે રે લોલ.
જીવન જ્યોતિપૂર વિશાળું જગોજગ રેલિયું રે લોલ;
જોતાં દિવ્ય નયનથી નિશ્ચય મૃત્યુ મરી ગયું રે લોલ.

નરસિંહરાવ.

હરિના દર્શન.

મારા નયણાંની આળસરે, ન નીરખ્યા હરીને જરી:
એક મટકું ન માંડ્યું રે, ન ઠરીઆં ઝાંખી કરી.
શોક મોહના અગ્નિ રે તપે, તેમાં તપ્ત થયાં:
નથી દેવના દર્શન રે કીધાં, તેમાં રક્ત રહ્યાં.
પ્રભુ સઘળે વિરાજે રે, સ્રજનમાં સભર ભર્યા:
નથી આણુ પણ ખાલી રે, ચરાચરમાં ઉભર્યા.

નાથ ગગના જેવા રે, સદા મને છાઇ રહે:
નાથ વાયુની પેઠે રે, સદા મુજ ઉરમાં વહે.
જરા ઉઘડે આંખલડી રે, તો સન્મુખ તેહ સદા:
બ્રહ્મ બ્રહ્માંડ અળગા રે, ઘડીયે ન થાય કદા.
પણ પૃથ્વીનાં પડળો રે, શી ગમ તેને ચેતનની ?
જીવે સો વર્ષ ઘૂવડરે, ન ગમ તોયે કંઇ દિનની.
સ્વામી સાગર સરીખારે, નજરમાં ન માય કદી:
જીભ થાકીને વિરમે રે, વિરાટ વિરાટ વદી.
પેલાં દિવ્ય લોચનિયાં રે પ્રભુ ! ક્યારે ઉઘડશે ?
આવાં ઘોર અન્ધારાં રે પ્રભુ ! ક્યારે ઉતરશે ?
નાથ ! એટલી અરજી રે, ઉપાડો જડ પડદા:
નેના ! નીરખો ઉંડેરૂં રે, હરિવર વરસે સદા.
આંખ આળસ છાંડો રે, ઠરો એક ઝાંખી કરી:
એક મટકું તો માંડો રે, હૃદય ભરી નીરખો હરિ.

ન્હાનાલાલ.

અહાલેક.

પ્રભો ! તુજ દ્વારમાં ઉભી જગાવ્યો મ્હેં અહાલેક;
જગતના ચોકની વચ્ચે જગાવ્યો મ્હેં અહાલેક— પ્રભો !
નથી લીધી પ્રભો ! દીક્ષા, નથી અંગે ધરી કફની;
નમી તુજ પાવ ત્હેવો જગાવ્યો મ્હેં અહાલેક— પ્રભો !
કમંડલ માહરૂં ખાલી, ભર્યું તુજ અક્ષય પાત્ર;
દીધી ભંડારમાં ભિક્ષા, જગાવ્યો મ્હેં અહાલેક— પ્રભો !

ઘટા ઘેરી પડી નભની, ન સુજ નયને ભેદ;
શ્રવણ તે ભેદશે ત્હારાં ? જગાવ્યો મ્હેં અહાલેક— પ્રભો !
વિરાજે છે તું દીલ દરિયાવ, અયિ વીરવર યજમાન !
અર્પું શું તો અમીકણ દે, જગાવ્યો મ્હેં અહાલેક— પ્રભો !
ઘડાવી પાવડી મ્હેં રાજ ! પ્રવૃતિ કેરી;
ચઢી તે પર જીવન ધપતાં જગાવ્યો મ્હેં અહાલેક— પ્રભો !
નહીં કાંઇ મળે તોયે મળ્યું દર્શન સૌભાગ્ય;
મળી–સળગી મીટે મીટને જગાવ્યો મ્હેં અહાલેક— પ્રભો !
રૂંડી ઝોળી રહી અધુરી, ન તલ પણ ભીંજાયું;
જડયો પણ સ્હોડમાં સાથી જગાવ્યો મ્હેં અહાલેક— પ્રભો !
જગતના ચોકની વચ્ચે જગાવ્યો મ્હેં અહાલેક,–?
પ્રભો ! તુજ દ્વારમાં ઉભી જગાવ્યો મ્હેં અહાલેક— પ્રભો !

ન્હાનાલાલ.

પ્રાર્થના.

પ્રભો, શિર નમ્યું; નમ્યું જ ધરૂં સર્વદા એટલી
વિશુદ્ધ મતિ રાખજે: સકલ અન્ય એમાં લહું.
જુવે શિશુતણી ખરી જિગરની બધી લાલસા,
અને વળી જુવે ઉઠી ફરી ફરી ઉપર બુદ્બુદો,
પ્રસારી નિજ મેલ શીણુ વમળો, અરે કીટકો,
લસે અમિત–ને ફુટે તદપિ ખાર મૂકી જતા.
અરે સરિત માહરા જીવનની ! અરે રે પ્રભો !
વહે ક્યાંહિથી બુદ્બુદો ફરી ફરીજ એ એહવા ?

હશે પવનસંતતિ ? ઉદધિની જ વેલા હશે ?
દીસે નહિં દીસે અગર તિમિર ગહવરો આત્મમાં
ત્યાંથી નિકળી ધસે ફરીજ એ બુદ્‌બુદો ?
અદષ્ટ–ભવથી અને જીગરનાં જુનાં પાપથી
બચાવ જય ! આપ ! આ વિમલ સ્રોત પોતાપણે
વહે, સલિલ એ ઓઘ અર્ઘ્ય પ્રસરાવતો હે, પ્રભો !

બળવંતરાય.

રાજગીત ૨.

રક્ષ દેવ તું મહારાજા.

(૧)

રક્ષ દેવ તું મહારાજા,
બહુ જીવજો પ્રૌઢ રાજા;
રક્ષ દેવ રાજા.
એમને કર જયવંત મસ,
સુખ કીર્તિનો દે યશ;
લંબાવ રાજ બહુ વરસ,
રક્ષ દેવ રાજા.

(૨)

ઓ ઇશ જગદીશ તું ઊઠ,
વેરી વિખેરવા રૂઠ;
આણુ તેમનો કાળ.

બંધ પાડ દેશ ક્લેશ બધો,
જ્ઞાન ને હુન્નર વધો;
એમ ઘેર જંપ સંપ સધો;
કલ્યાણ સર્વ કાળ.

(૩)

ગંજથી દાન શ્રેષ્ટ તું કર,
જાથુ મહા જ્યોર્જ ઉપર,
બળ કીર્તિ ક્ષેમ.
રંક રાય સદાભમાને,
એમનું રાજ્ય પૂજ્ય જાણે;
જ્યાં ત્યાંના લોક આણે,
નામ પ્રત્યે પ્રેમ.

(૪)

તુજ પાંખમાં એમને ધર,
શક્તિમાન રાજેશ્વર;
નાથ મહાજ્ઞાની.
થાય પ્રાર્થના બહુ શુભકાર,
પૂર્વથી પશ્ચિમ પાર;
રાજભક્ત એક દીલ સ્વીકાર:
રક્ષ દેવ મહારાજા.

શક્ષાવચન.

રાજગીત ૩.

પ્રભુ રક્ષ જ્યોર્જ મહારાજા,
જીવો જ્યોર્જ પાંચમા રાજા;
કરો અમ પર અમલ તાજા, રહો સુખમાંજ મહારાજા. જીવો૦ ૧

સુજશ જેના જગત ગાજ્યા, વધે વેલી સમી માઝા;
અચલ ખૂબ રાજ રહો રાજા. જીવો૦ ૨

પ્રજાનું હિત ધર્યું હૈએ, અદલ ઇનસાફમાં રહીએ;
બ્રિટિશ સુખ શાંતિને ચાહીએ. જીવો૦ ૩

રાજ્યને આશીષ.

અમર તપો! જ્યોર્જનું રાજ રૂપાળું, હરિ! હિંદને હિત કરવાળું;
અમર તપો! જ્યોર્જનું રાજ રૂપાળું.

વિદ્યા કળા જેમાં વધતાં ચાલે છે ને, થાય છે લોક સુખાળું;
વ્હેમ અજ્ઞાનની ઉંડી ગુફાઓમાં, પહોંચ્યું છે જ્ઞાન ઉજાળું;
અમર તપો! જ્યોર્જનું રાજ રૂપાળું, હરિ! હિંદને હિત કરવાળું,
અમર તપો! જ્યોર્જનું રાજ રૂપાળું.

વિક્ટોરીઆના અમલથી અમલ થયું, એડવર્ડ અમલે ઉજાળ્યું;
મીઠાં મ્હેરામણુ મોરલી મહાત્માની, માયોર્મિએ ઉજમાળું;
અમર તપો! જ્યોર્જનું રાજ રૂપાળું, હરિ! હિંદને હિત કરવાળું,
અમર તપો! જ્યોર્જનું રાજ રૂપાળું

પૂર્વે કર્યું હતું જેમ ઉદ્ધારણ, શૂકર સ્વરૂપે ધરાનું,
તેમ કર્યું છે ઉદ્ધારણ જેહેણે, આજે આ હિંદ પ્રજાનું;
અમર તપો! જ્યોર્જનું રાજ રૂપાળું, હરિ! હિંદને હિત કરવા વાળું,
અમર તપો! જ્યોર્જનું રાજ રૂપાળું.

જંતર મંતર રૂપ હતું જે જે, તે તે થયું યંત્રવાળું;
દેવને દુરલભ સુલભ થયું સહુ, જેમાં સરલ કળવાળું,
અમર તપો! જ્યોર્જનું રાજ રૂપાળું, હરિ! હિંદને હિત કરવાળું;
અમર તપો! જ્યોર્જનું રાજ રૂપાળું.

મણિલાલ.

ગુણવંતી ગુજરાત.

ગુણવંતી ગુજરાત, અમારી ગુણવંતી ગુજરાત!
નમીએ નમીએ માત! અમારી ગુણવંતી ગુજરાત!
મોંઘેરાં તુજ મણિમંડપમાં આ ઝુકી રહ્યાં અમશીશ:
માત મીઠી! તુજ ચરણ પડીને માગીએ શુભ આશિષ!—
અમારી ગુણવંતી ગુજરાત!

મીઠી મનોહર વાડી આ તારી નંદનવન શી અમોલ.
રસફુલડાં વીણતાં વીણતાં ત્યાં કરીએ નિત્ય કલોલ!—
અમારી ગુણવંતી ગુજરાત!

સંત મહંત અનંત વીરોની વા'લી અમારી માત!
જય જય કરવા તારી જગતમાં અર્પણ કરીએ જાત!
અમારી ગુણવંતી ગુજરાત!

ઉંડા ઘોર અરણ્ય વિષે કે સુંદર ઉપવન માંય:
દેશ વિદેશ અહોનિશ અંતર એકજ તારી છાય!—
અમારી ગુણવંતી ગુજરાત!

સરસરિતા રસભર અમી ઝરણાં રત્નાકર ભરપુર:
પુણ્યભૂમિ ફળફુલ ઝઝુમી, માત ! રમે અમ ઉર !—
અમારી ગુણવંતી ગુજરાત !
હિંદુ, મુસલમિન, પારસી સર્વે, માત ! અમે તુજ બાળ:
અંગ ઉમંગ ભરી નવરંગે કરીએ સેવા સહુ કાળ !—
અમારી ગુણવંતી ગુજરાત !
ઉર પ્રભાત સમી અજવાળી, ટાળી દે અંધાર !
એક સ્વરે સહુ ગગન ગજવતો, કરીએ જયજયકાર !—
અમારી ગુણવંતી ગુજરાત !
નમીએ નમીએ માત ! અમારી ગુણવંતી ગુજરાત !

ખબરદાર.

ગુર્જરી વાણી.

સાંગો પાંગ સુરંગ વ્યંગ અતિશે, ધારો ગિરા ગુર્જરી,
પાંદેપાદ રસાળ ભૂષણવતી, થાઓ સખી ઉપરી.
જે ગીર્વાણ ગિરા ગણાય ગણતાં, તે સ્થાન લ્યો વરી;
થાયે શ્રેષ્ઠ સહુ સખી જન થકી, એ આશ પૂરો હરિ.
ભાષા ગુર્જરી આર્યવર્ત અખિલે, ફેલાય ફાળી ઘણી;
સર્વે દેશ વિદેશ ગુર્જર ગિરા સોહાય સોહામણી.
ભાષા સંસ્કૃત મૃત્યુ-પ્રાય થઇ છે, આ થાય શિરોમણિ;
અર્પો તો વિભુ એજ અર્પણ કરો, એ આશ પ્રેમી તણી.

પ્રેમાનંદ.

